RNI NO GUJGUJ/2005/23814
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
JAMNAGAR
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭
● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૯    બુધવાર, તા.૧૭-૦૪-૨૦૨૪    અંક : ૯૬    વર્ષ : ૧૯    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# સૂર્યતિલકથી ઝળહળી ઉઠયું રામ મંદિરનું ગર્ભગૃહ

## ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં શાનદાર રીતે રામનવમીની ઉજવણી : બપોર બાર સુધીમાં ૮ લાખથી વધુ ભાવિકો પહોચ્યા : ભક્તોના જયઘોષથી અયોધ્યા નગરી બની રામમય



અયોધ્યા,
આજે દેશભરમાં રામ નવમીનો પવિત્ર તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. આ તરફ હાલ અયોધ્યા રામ મંદિરમાં ભગવાન શ્રી રામની મૂર્તિને સુર્ય તિલક કરવામાં આવ્યું છે. મહત્વનું છે કે, આજે રામલલાના દર્શન ૧૯ કલાકથી વધુ ચાલશે. સાથે જ આજે સવારે ૩.૩૦ કલાકે મંદિરના કપાટ ખુલતા જ ભક્તોનો ધસારો જોવા મળી રહ્યો છે. આજે બપોરે ૧૨ વાગ્યે સૂર્યના કિરણો લગભગ ૪ મિનિટ સુધી રામલલાનું સૂર્ય તિલક કરવામાં આવ્યું છે.
આજે બપોરે વાગ્યા સુધીમાં જ આઠ લાખ ભાવિકો રામલલાના દર્શને અયોધ્યા પહોચ્યા છે. મંદિર સતત ૧૯ કલાક સુધી એટલે કે ભક્તો રાત્રે ૧૨ વાગ્યા સુધી રામલલ્લાના દર્શન કરી શકશે. સમગ્ર અયોધ્યામાં સ્વંય સેવકો અને પોલીસ સહિતના સુરક્ષાદળો સતત બંદોબસ્ત અને વ્યવસ્થામાં જોડાયેલા છે.





# સાંજે ૬ વાગ્યે પ્રથમ તબક્કાનો પ્રચાર થશે શાંત

## પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યમાં ૧૦૨ બેઠક પર ૧૯ એપ્રિલે મતદાન

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા માટે બુધવાર સાંજે ૬ વાગ્યે પ્રચાર-પડઘમ શાંત થશે. મતદાનના ૪૮ કલાક પહેલા સાર્વજનિક સભા, રોડ શો અને જુલૂસ કાર્યક્રમો પર રોક લાગી જશે. પ્રચાર-પ્રસારના અંતિમ દિવસે પીએમ મોદી, અમિત શાહ, રાહુલ ગાંધી ચૂંટણીના રણમાં જીત માટે પુરી તાકાત લગાવશે. પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યમાં ૧૦૨ બેઠક પર મતદાન યોજાશે.
૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે બંપર બહુમત સાથે જીત મેળવી હતી. ૨૦૨૪માં દ્ગઢ્ઢછ ૪૦૦ પ્લસના નારા સાથે પોતાના જૂના પ્રદર્શનને સારૂ બનાવવાના પ્રયાસમાં છે. બીજી તરફ INDIA ગઠબંધન પણ દ્ગઢ્ઢછના વિજય રથને રોકવાના પ્રયાસમાં લાગેલુ છે. ભાજપ સામે સૌથી મોટો પડકાર તે બેઠકો પર પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવાનો છે જ્યાં તેને ૨૦૧૯માં જીત મેળવી હતી.
દેશના ૨૧ રાજ્યની ૧૦૨ લોકસભા બેઠક પર ૧૯ એપ્રિલે મતદાન થશે. પ્રથમ તબક્કાના મતદાન માટે ચૂંટણી પંચ તરફથી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. સવારે છ વાગ્યાથી મતદાન શરૂ થશે. પ્રથમ તબક્કાની ૧૦૨ બેઠકમાં સૌથી વધુ બેઠક તમિલનાડુની છે.

# શાબાશ, જોરદાર કામ કર્યું - અમિત શાહે સુરક્ષા દળોના વખાણ કર્યા

## છત્તીસગઢમાં સાડા પાંચ કલાક ચાલ્યું એન્કાઉન્ટર : ૨૯ નક્સલવાદીઓ ઠાર

નવીદિલ્હી,
કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે છત્તીસગઢના કાંકેર જિલ્લાના માડ વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચેના એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોને મળેલી મોટી સફળતા પર ખુશી વ્યક્ત કરી છે. તેમણે સુરક્ષા દળોના ઓપરેશનની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે ટૂંક સમયમાં જ દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે.અમિત શાહે આગળ લખ્યું કે, “નકસલવાદ એ વિકાસ, શાંતિ અને યુવાનોના ઉજ્જવળ ભવિષ્યનો સૌથી મોટો દુશ્મન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમે દેશને નક્સલવાદના ડંખથી મુક્ત કરવા માટે કટિબદ્ધ છીએ. સરકારની આક્રમક નીતિ અને સુરક્ષા દળોના પ્રયાસોને કારણે આજે નક્સલવાદનો પ્રભાવ નાના ક્ષેત્ર સુધી જ રહ્યો છે. ટૂંક સમયમાં છત્તીસગઢ અને આખો દેશ નક્સલવાદથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે.

# ‘આતંકીઓને ઘરમાં ઘૂસીને...’ મોદીના નિવેદન પર અમેરિકાએ કહ્યું, અમે આ બાબતમાં નહીં પડીએ

## યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું છે કે, યુનાઈટેડ સ્ટેટ્સ રસ્તામાં આવવાનું નથી

નવીદિલ્હી,
વડાપ્રધાન મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે તાજેતરમાં જ કહ્યું હતું કે, ભારત આતંકવાદીઓને તેમના ઘરમાંઆ ઘૂસીને મારવામાં અચકાશે નહી. જોકે આ બંનેનેતાઓનો ઈશારો પાકિસ્તાન તરફ હતો. આ મામલે અમેરિકાનું નિવેદન સામે આવ્યું છે.અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનના વહીવટી તંત્રએ ભારત અને પાકિસ્તાનને તણાવ ટાળવા અને વાતચીત દ્વારા ઉકેલ શોધવાની સલાહ આપી છે. જોકે અમેરિકાએ નિશ્ચિતપણે કહ્યું છે કે, તે આમાં મધ્યસ્થી નહી કરે. આતંકવાદ પર મોદીના ’ઘરમાં ઘૂસીને મારીશું’ના નિવેદન વિશે પૂછવામાં આવતા યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું, જેમ કે મેં પહેલા કહ્યું છે કે, યુનાઈટેડ સ્ટેટ્સ રસ્તામાં આવવાનું નથી. પરંતુ અમે ભારત અને પાકિસ્તાન બંનેને તણાવ ટાળવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ અને સંવાદ દ્વારા ઉકેલો શોધો. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે આતંકવાદીઓને ખતમ કરવા માટે અન્ય દેશોમાં ભારત દ્વારા કથિત ઓપરેશન અંગેના એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું સ મોદી અને રાજનાથ સિંહની ટિપ્પણીઓ કેનેડામાં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહની કથિત હત્યા, ન્યૂયોર્કમાં આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું, પાકિસ્તાનમાં આતંકવાદીઓની તાજેતરની હત્યાઓ સાથે સંબંધિત છે, તો તેમણે કહ્યું કે, અમેરિકા આ બાબતમાં સામેલ નહિ થાય.સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાને એ પણ પૂછવામાં આવ્યું હતું કે, ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કથિત કાવતરાને લઈને અમેરિકાએ ભારત પર કોઈ પ્રતિબંધ શા માટે લાદ્યો નથી. મિલરે કહ્યું, હું ક્યારેય કોઈપણ પ્રતિબંધ કાર્યવાહીનું પૂર્વાવલોકન કરવાનો નથી. આનો અર્થ એ નથી કે કોઈ કાર્યવાહી કરવામાં આવશે.

# ચૂંટણી પંચે Xને ચાર ચૂંટણી પોસ્ટ દૂર કરવાનો કર્યો આદેશ

## આ કેવા પ્રકારની અભિવ્યક્તિની સ્વતંત્રતા? - Xની પ્રતિક્રિયા

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી ૨૦૨૪ને અનુલક્ષી ચૂંટણી પંચ રાજકીય પક્ષોના ભાષણો સાથે તેમની સોશિયલ મીડિયા પોસ્ટ પર પણ સતત નજર રાખી રહ્યું છે. આ ક્રમમાં, ECIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠને ચાર ચૂંટણી પોસ્ટ દૂર કરવાનો આદેશ આપ્યો. આ પોસ્ટ્સ આમ આદમી પાર્ટી, વાયએસઆર કોંગ્રેસ, એન ચંદ્રબાબુ નાયડુ અને બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીએ મૂકી હતી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આ તમામ સોશિયલ મીડિયા પોસ્ટ આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ દૂર કરવામાં આવી છે. બીજી તરફ એલોન મસ્કની કંપની X એ ચૂંટણી પંચના આદેશનું પાલન કર્યું અને પોસ્ટ હટાવી તો દીધી, પરંતુ એમ પણ કહ્યું કે તે તેની સાથે સંમત નથી કારણ કે તે અભિવ્યક્તિની સ્વતંત્રતાની વિરુદ્ધ છે.ચૂંટણી પંચની સૂચનાઓનું પાલન કરતાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xએ કહ્યું,ભારતના ચૂંટણી પંચે ઠ ને ચૂંટાયેલા રાજકારણીઓ, રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા શેર કરાયેલ રાજકીય ભાષણ ધરાવતી પોસ્ટ્સ પર પગલાં લેવા માટે જરૂરી આદેશો જારી કર્યા છે.

# રાજ્યમાં ફરી ગરમીનો પારો ઉંચકાશે

## ૪૩ ડિગ્રી સુધી પહોંચશે તાપમાન : હવામાન વિભાગે કરી આગાહી

નવીદિલ્હી,
રાજ્યમાં આવેલા હવામાનના પલટા બાદ ફરી ગરમીનો પારો ઉચકાશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો ઓછી થતા હવે ફરીથી રાજ્યમાં રેબઝેબ પરસેવો છૂટે તેવી ગરમી પડશે. રાજ્ય ભરમાં ફરી ઉત્તર પશ્ચિમથી ગરમ પવન ફૂંકાવાના શરૂ થતા ગરમીમાં એકાએક વધારો થશે.
છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરનુ તાપમાન ૪૧.૩ ડિગ્રીએ પહોંચ્યુ છે. ગરમીની પ્રમાણ દરેક જિલ્લામાં જોવા મળી રહ્યું છે.



બુધવાર અને ગુરુવારે ગરમીનો પારો ૪૧થી ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતાઓ છે. ગરમીનું જોર વધતાં કોર્પોરેશન દ્વારા બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કરાયું છે.
તરસ ન લાગે તો પણ જ્યારે પણ શક્ય હોય ત્યારે પૂરતું પાણી પીવા જોઈએ. આ સાથે, નાગરિકોને ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન (ઓઆરએસ)નો ઉપયોગ કરવું અને લીંબુ શરબત, છાશ / લસ્સી, ફળોના રસ સાથે મિશ્રિત થોડું મીઠું જેવા ઘરે બનાવેલા પીણાં પીવા જોઈએ. પાતળા, ઢીલા, સુતરાઉ કપડાં, આછા રંગના કપડાં પહેરવાની અને સીધા સૂર્યપ્રકાશના સંપર્કમાં આવે ત્યારે છત્રીઓ, ટોપીઓ ટુવાલ અને અન્ય પરંપરાગત માથાના આવરણનો ઉપયોગ કરવું. હવામાનના સમાચારો માટે ટીવી જોતા રહેવું.

# વરસાદથી દુબઈ પાણી-પાણી

## એરપોર્ટ, મેટ્રો સ્ટેશનથી લઇને ઘરોમાં પાણી ફરી વળ્યાં

દુબઈ,
દુબઈ મેટ્રોની રેડ લાઈન સેવાઓ ખોરવાઈ ગઈ છે. એક મેટ્રો સ્ટેશન પર ઘૂંટણ સુધીના પાણી ભરાઈ ગયા. આ ઉપરાંત દુબઈથી અન્ય શહેરોની બસ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. મુખ્ય શોપિંગ સેન્ટરો દુબઈ મોલ અને મોલ ઓફ અમીરાત બંનેમાં પાણી ભરાઈ ગયા.
સંયુક્ત આરબ અમીરાતની રાજધાની દુબઈમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ છે. દુબઈની શેરીઓ, ઘરો અને



મોલમાં પાણી ભરાઈ ગયા. આકાશમાંથી સતત ગાજવીજ અને વીજળીના ચમકારાથી સ્થાનિક લોકો પરેશાન થઈ ગયા. સોમવારે મોડી રાતથી મંગળવાર સવાર સુધી દેશમાં ભારે વરસાદ ચાલુ રહ્યો. દરમિયાન અધિકારીઓએ અસ્થિર હવામાનની ચેતવણી જારી કરી છે. રાષ્ટ્રીય હવામાન કેન્દ્રે દેશના ઘણા વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે અને લોકોને ’અત્યંત સાવધ’ રહેવા માટે કહેવામાં આવ્યું છે. દેશમાં અસાધારણ તીવ્રતાની ખતરનાક હવામાન ઘટનાઓની આગાહી કરવામાં આવી છે. ઓમાનમાં ભારે વરસાદને કારણે ૧૮ લોકોના મોત થયા છે.

# બદલો : ઈઝરાયેલે દક્ષિણ લેબનોનમાં કર્યા હવાઈ હુમલા

## બે હિઝબુલ્લાહ કમાન્ડર સહિત ત્રણ લડવૈયાઓ માર્યા ગયા

તેલઅવીવ,
ઈરાનના ઈઝરાયેલ પર હુમલા બાદ મધ્ય પૂર્વમાં સ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. ઈઝરાયેલે કહ્યું છે કે તે ઈરાનના હુમલાનો જવાબ આપશે. દરમિયાન, ઈઝરાયેલી સેનાનું કહેવું છે કે દક્ષિણ લેબેનોનમાં હવાઈ હુમલામાં બે હિઝબુલ્લાહ કમાન્ડર સહિત ત્રણ લડવૈયાઓ માર્યા ગયા છે. ઈઝરાયેલની સેનાએ કહ્યું છે કે રાડવાન ફોર્સના પશ્ચિમી સેક્ટરના રોકેટ અને મિસાઈલ યુનિટના કમાન્ડર મોહમ્મદ હુસૈન શાહહૌરી હવાઈ હુમલામાં માર્યા ગયા છે.
ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મોહમ્મદ હુસૈન શાહહૌરીએ લેબનોનના મધ્ય અને પશ્ચિમી વિસ્તારોમાંથી ઈઝરાયેલના વિસ્તારો તરફ રોકેટ અને મિસાઈલ હુમલાની યોજના બનાવી હતી. હિઝબુલ્લાહના રોકેટ અને મિસાઇલ યુનિટના અન્ય કમાન્ડર, મહમૂદ ઈબ્રાહિમ ફદલ્લાહ પણ હવાઈ હુમલામાં માર્યા ગયા હતા.
અગાઉ, ઈઝરાયેલી સંરક્ષણ દળે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દક્ષિણ લેબનોનમાં તેના હવાઈ હુમલામાં લેબનોનના આઈન અબેલ વિસ્તારમાં હિઝબુલ્લાહના દરિયાકાંઠાના વિસ્તારના કમાન્ડર ઈસ્માઈલ યુસેફ બાઝનું મોત થયું હતું. હિઝબુલ્લાએ પણ તેના ત્રણ લડવૈયાઓના મોતની પુષ્ટિ કરી છે. જો કે, હિઝબુલ્લાહ તરફથી આ વિશે વધુ કંઈ કહેવામાં આવ્યું નથી.

## ઈરાન સામે તમામ પ્રતિબંધો લગાવવા ઈઝરાયલની માગણી

ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ ઈરાન પર શક્ય એટલા પ્રતિબંધો મૂકવાની માગણી ઈઝરાયલે કરી છે.
સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદમાં ઈઝરાયલના ઍમ્બૅસૅડર ગિલાડ એર્ડને માગણી કરી હતી કે ’ઈરાનના હુમલા બાદ એના પર શક્ય એટલા પ્રતિબંધો મૂકવામાં આવે. અમે માગણી કરીએ છીએ કે ઈરાને કરેલી હરકત માટે મોડું થઈ જાય એ પહેલાં એની સામે પગલાં લેવાની જરૂર છે.
જોકે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ઈરાનના પ્રતિનિધિ આમિર સઈદે કહ્યું હતું કે ‘સંયુક્ત રાષ્ટ્રસંઘ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવામાં નિષ્ફળ રહ્યું છે. ઈઝરાયલે સિરિયામાં અમારી કૉન્સ્યુલેટ પર હુમલો કર્યો હતો. અમને પણ અમારા બચાવમાં પ્રતિકાર કરવાનો અધિકાર છે અને અમારી પાસે એના સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. અમને યુદ્ધ જોઈતું નથી. જોકે અમારા પર હુમલો થશે તો એનો વળતો જવાબ આપવામાં આવશે.’અમેરિકા ઈઝરાયલને આશરે ૧.૧૭ લાખ કરોડ રૂપિયાની મદદ કરશે. આ માટે પ્રેસિડન્ટ જો બાઈડને સંસદ સમક્ષ એક પ્રસ્તાવ મૂક્યો છે.

# સુરેન્દ્રનગરના રણમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચ્યો



## જૂનાગઢ અને ગીર સોમનાથમાં હિટવેવની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં આજથી કાળઝાળ ગરમીનો દોર શરૂ થઈ ગયો છે. લોકો ત્રાહિમામ પોકારી જાય તેવી ગરમી પડશે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં બે દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે. ૧૭ અને ૧૮ એપ્રિલ સૌરાષ્ટ્રમાં હિટવેવની આગાહી કરાઈ છે. ખાસ કરીને, પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથમાં હિટવેવની આગાહી કરાઈ છે. દિવસ દરમિયાન ગુજરાતના આ જિલ્લાઓમાં ગરમીનો અનુભવ થશે. હવામાન વિભાગે યેલો અલર્ટ જાહેર કર્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાનું તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચ્યું છે. પરંતુ આ કરતા વધુ ગરમી રણમાં પડી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાના રણનું તાપમાન ૪૪ ડિગ્રી વટાવી ગયું છે. અગરિયાઓને પણ રણમાં ગરમીથી બચવા માટે તંત્રએ અપીલ કરી છે. સુરેન્દ્રનગર હવામાન વિભાગ દ્વારા હીટવેવની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. બપોરના સમયે સુરેન્દ્રનગરમાં લોકોને ઘરમાં જ રહેવાની તંત્રએ અપીલ કરી છે. વૃધ્ધો અને બાળકો અને ગર્ભવતી મહિલાઓ ગરમીથી સાવચેત રહે તે અંગે તંત્ર દ્વારા સૂચના અપાઈ છે. હીટવેવની પરિસ્થિતિ વચ્ચે વૃદ્ધાના મોત બાદ તંત્રએ ફરી ગાઈડલાઈન જાહેર કરી છે. ૮૦ વર્ષીય વૃદ્ધના મોત બાદ હવે ફરી તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે.

ગુજરાત સહિત સમગ્ર દેશના ખેડૂતો માટે સૌથી મોટા અને સારા સમાચાર આવી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગે આગાહી આપી છે કે આ વર્ષે ચોમાસું નિયમિત અને સૌથી સારું રહેશે. ભારતીય હવામાન વિભાગે આ વખતે સારામાં સારું ચોમાસું રહેવાની આગાહી કરી છે.

# ૬ મેથી ૯ જૂન સુધી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વેકેશન

## આ વખતે પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓને ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન



અમદાવાદ,

ઉનાળો આવતાની સાથે શાળાનું શૈક્ષણિક વર્ષ પૂરૂ થાય છે. ત્યારે રાજ્યની પ્રાથમિક શાળામાં ઉનાળાના વેકેશનને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. અત્રે જણાવીએ કે, તારીખ ૬ મેથી ૯ જૂન સુધી પ્રાથમિક શાળાઓમાં વેકેશન રહેશે. આ વખતે પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓને ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન મળશે.

પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ શાળાઓમાં ઉનાળાની રજાઓ જાહેર કરવામાં આવી છે. તે રજાઓને લઈ બાળકોમાં પણ ઉત્સૂકતાઓ હોય છે ત્યારે શિક્ષણ નિયામકની કચેરી તમામ શાળાઓને ૨૨૦ દિવસમાં અભ્યાસ કરવા અને તે મુજબ રજાઓનું આયોજન કરવા સૂચના આપતી હોય છે.

# હાઈકોર્ટમાંથી ચૈતર વસાવાને રાહત

## હાઈકોર્ટે નર્મદા જિલ્લામાં પ્રવેશ માટે મંજૂરી આપી

અમદાવાદ,

શરતી જામીન પર મુક્ત ચૈતર વસાવાને ગુજરાત હાઈકોર્ટે નર્મદા જિલ્લામાં પ્રવેશ માટે મંજૂરી આપી છે.

વનકર્મીઓને બોલાવી ધમકી આપવાના ગુનામાં ધારાસભ્ય ચૈતર વસાવા હાલ શરતી જામીન પર મુક્ત છે. નર્મદા જિલ્લામાં ન પ્રવેશવાની શરતે જામીન આપ્યા હતા. જોકે, લોકસભાના ઉમેદવાર હોવાથી પ્રચાર કરી રહ્યા છે, ત્યારે જિલ્લામાં પ્રચાર માટે મંજૂરી માગી હતી જેને રાજપીપળાની સેશન્સ કોર્ટે ફગાવી દેતા હાઈકોર્ટમાં અરજી હતી. જેમાં હાઈકોર્ટે ચૈતર વસાવાને રાહત આપી હતી.

# યુપીએસસી ફાઈનલમાં ગુજરાતીઓનો દબદબો ૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા : સૌથી વધુ પાટીદાર

અમદાવાદ,

યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૩નું અંતિમ પરિણામ આજે એટલે કે ૧૬ એપ્રિલ ૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવ્યું છે. યુપીએસસીએ તેની સત્તાવાર વેબસાઈટ પર જાહેર સૂચના દ્વારા પરિણામોની જાહેરાત કરી છે. ફાઈનલમાં ગુજરાતના ૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જી હા...જનરલ કેટેગરીમાં ૩૪૭ ઉમેદવારો પાસ થયા છે. જ્યારે ઈડબ્લ્યુએસના ૧૧૫ ઉમેદવારો પાસ થયા છે. કુલ ૧૦૧૬ ઉમેદવારમાંથી કુલ ૨૫ ગુજરાતી ઉમેદવારો યુપીએસસી ક્લિયર કરવામાં સફળ થયા છે. આ ૨૫ ગુજરાતીઓમાંથી ૫ યુવતી યુપીએસસી ક્લિયર કરવામાં સફળ રહી છે. જેમાં ઠાકુર અંજલિ અજય, ઝા સમીક્ષા, કંચન મનિષભાઈ ગોહિલ, ઘાંચી ગઝાલા, અને મીણા માનસીનો સમાવેશ થાય છે.

આ વખતે આદિત્ય શ્રીવાસ્તવે સિવિલ સર્વિસની પરીક્ષામાં ટોપ કર્યું છે. અનિમેષ પ્રધાન બીજા સ્થાને છે જ્યારે દોનુરુ અનન્યા રેડ્ડી ત્રીજા સ્થાને છે. ચોથા સ્થાન પર પીકે સિદ્ધાર્થ રામકુમાર અને પાંચમું સ્થાન રુહાનીએ મેળવ્યું હતું. સત્તાવાર વેબસાઈટ પર મળેલી માહિતી અનુસાર કુલ ૧૦૧૬ ઉમેદવારોની ફાઈનલ પસંદગી કરવામાં આવી છે. તેમાંથી ૩૪૭ જનરલ કેટેગરીના, ૧૧૫ ઈડબ્લ્યુએસ, ૩૦૩ ઓબીસી, ૧૬૫ એસસી અને ૮૬ એસટી છે.

ઉલ્લેખનીય છે કે,યુપીએસસી સિવિલ સર્વિસ પ્રિલિમ્સની પરીક્ષા ૨૮ મેના રોજ યોજાઈ હતી. પ્રિલિમ્સમાં પાસ થયેલા વિદ્યાર્થીઓએ મુખ્ય પરીક્ષા સપ્ટેમ્બરમાં યોજી હતી. પછી, મેન્સનું પરિણામ ૮મી ડિસેમ્બરે જાહેર કરવામાં આવ્યું હતું. મેન્સ માટે પર્સનાલિટી ટેસ્ટ ૨ જાન્યુઆરીથી ૯ એપ્રિલની વચ્ચે હાથ ધરવામાં આવ્યા હતા.

તમને જણાવી દઈએ કે ભારતીય વહીવટી સેવા, ભારતીય વિદેશ સેવા, ભારતીય પોલીસ સેવા અને કેન્દ્રીય સેવાઓ ગ્રુપ છ અને મ્માં નિમણૂક માટે લેખિત પરીક્ષા અને વ્યક્તિત્વ પરીક્ષણના આધારે અંતિમ પરિણામ તૈયાર કરવામાં આવ્યા છે.

જણાવી દઈએ કે જે ઉમેદવારોએ સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી છે તેમની યુપીએસસી દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં ૧,૧૦૫ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. ભરતી દ્વારા ભારતીય વહીવટી સેવા, ભારતીય વિદેશ સેવા,ભારતીય પોલીસ સેવા,ભારતીય મહેસૂલ સેવા અને અન્ય કેન્દ્રીય સેવાઓ અને પોસ્ટ્સ પર નિમણૂકો કરવામાં આવશે.

યુપીએસસીના પરિણામ જાહેર થઇ ચુક્યા છે. જેમાંથી ગુજરાતના એક ઉમેદવાર પાસ થયા છે ત્યારે જે પૈકીના એક ઉમેદવાર કંચન ગોહિલ છે જે મૂળ ગીર સોમનાથના કોડીનારના છે.

# નમો સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ આમનેસામને

અમદાવાદ

અમદાવાદના નમો સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ આમનેસામને થશે. IPLની આ સીઝનમાં ગુજરાત ૬ મેચમાં ૩ જીત અને ૩ હાર સાથે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા નંબરે છે. જ્યારે દિલ્હી ૬ મેચમાં ૨ જીત અને ૪ હાર સાથે નવમાં નંબરે છે. આવામાં બન્ને ટીમો મેચ જીતી પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન મજબૂત કરવા પર ધ્યાન આપશે.

# ગાંધીનગરમાં અધિકારી ૨ લાખની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો



ગાંધીનગર

ગાંધીનગરમાં છાલા ગામ ખાતે ફરિયાદીએ પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવવા ગ્રામ પંચાયત ગયા હતા પરંતુ તલાટી કમ મંત્રીએ રૂપિયા ૨ લાખની માગ કરતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીએ છટકું ગોઠવી લાંચિયા અધિકારીને રંગે હાથ ઝડપ્યો છે.

ફરીયાદીએ સસરા અને તેમના ભાઈઓના નામે વડીલોપાર્જીત જમીનમાં પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવી આપવા ગ્રામ પંચાયતમાં ગયા હતા. પણ આરોપી હઠીસિંહ કાનજીભાઈ સોલંકીએ પેઢીનામું કરાવવા ફરીયાદી પાસે રૂપિયા ૨ લાખની માંગણી કરી હતી. ફરિયાદી અને આરોપીની રકઝકના અંતે રૂપિયા ૫૦ હજાર આપવાના નક્કી થયા હતા.આરોપી તલાટી કમ મંત્રી તરીકે માધવગઢ ગ્રામ પંચાયત ખાતે ફરજ બજાવતો હતો. લાંચના નાણા ફરીયાદી આપવા માંગતા ન હોવાથી લાંચની ફરિયાદ એસીબી કરી હતી. એસીબીએ લાંચનું છટકું ગોઠવતા આરોપીએ સ્થળ ઉપર લાંચની રકમ સ્વીકારતા પકડાઈ જતાં ગુનો કબૂલ્યો હતો.

# અરવલ્લીના બાયડમાં પતિએ જ પત્નીની હત્યા કરી નાખી

## હત્યા બાદ નિવૃત શિક્ષક પતિએ પણ આપઘાત કર્યો

અરવલ્લી,

અરવલ્લી જીલ્લામાં એક કરૂણ ઘટના બની હતી. અરવલ્લીના બાયડમાં રહેતા પતિએ તેની પત્નીની હત્યા કરી નાંખતા ચકચાર મચી ગઈ હતી. એટલું જ નહી પત્નીની હત્યા કર્યા બાદ પતિએ પણ આપઘાત કરી લીધો હતો. બાયડમાં બનેલી આ ઘટનાને કારણે આ વિસ્તારમાં લોકો અચંબામાં મુકાઈ ગયા છે.

પતિ નિવૃત શિક્ષક હતો અને તેણે પહેલા પત્નીની હત્યા કરી નાંખી હતી. બાદમાં પોતે આપઘાત કરીને જીવન ટુંકાવ્યું હતું. જોકે પતિએ શા માટે પત્નીની હત્યા કરી ઉપરાંત પોતે પણ શા માટે આપઘાત કર્યો તે તાતકાલિક જાણી શકાયું ન હતું. જેને કારણે બાયડમાં આ બનાવ ચર્ચાનો વિષય બન્યો છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસે જપ્ત કરેલા ૨૫૦ વાહનોમાં ભેદી આગ, ૧૦૦ બળીને ખાક થયા

## ફાયરે ૧૫૦થી વધુ વાહનો બચાવ્યા, આગનું કારણ અકબંધ

સુરત

લિંબાયત પોલીસે જપ્ત કરેલા અને લિંબાયત જંગલશાહ બાવાની દરગાહ નજીક મુકેલા વાહનોમાં સોમવારે રાત્રે ભેદી સંજોગોમાં આગ ભભૂકી ઉઠી હતી. બનાવની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગની આ ઘટનામાં ૧૦૦થી વધુ વાહનો બળીને ખાખ થઈ ગયા હતા. લિંબાયત પોલીસ દ્વારા અલગ અલગ ગુનામાં જપ્ત કરાયેલા વાહનો લિંબાયત જંગલશાહ બાવાની દરગાહ પાસે સરદાર નગર નજીક મુકવામાં આવ્યા હતા. સોમવારે મોડી રાત્રે આ વાહનોના ખડકલામાં ભેદી સંજોગોમાં આગ ભભૂકી ઉઠી હતી. જપ્ત કરેલા વાહનોમાં આગ ભભૂકી ઉઠતા ભાગદોડ મચી ગઈ હતી. બનાવની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો અને ૧૫૦થી વધુ વાહનો બચાવી લીધા હતા.

# ૫૦૦ રૂપિયા માટે હત્યા?

## વડોદરા પાસે નેશનલ હાઈવે પર ડ્રાઈવરની અર્ધનગ્ન હાલતમાં લાશ મળી

વડોદરા

વડોદરા શહેર પાસે નેશનલ હાઈવે પર સુંદરપુરા પાટીયા પાસે ખેતરમાંથી હાથ બાંધેલી હાતમાં અર્ધનગ્ન ડ્રાઈવરનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ડ્રાઈવરની માથા ઉપર ઈજાના નિશાન હોવાથી તેની હત્યા કરીને લાશ ફેંકી દેવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, ડ્રાઈવર મરોજખાન પઠાણ હાઈવે પર ટેમ્પો મુકીને આરામ કરતા હતા, તે સમયે ૪ શખ્સો ત્યાં આવ્યા હતા અને ડ્રાઈવર પાસેથી ૫૦૦ રૂપિયાની લૂંટ ચલાવી હતી અને હાથ બાંધીને તેને ખેતરમાંથી ફેંકી દીધો હતો અને ત્યાર બાદ ડ્રાઈવર કાઠિવાયાડીવી ઢાબા પાસે પહોંચ્યો હતો અને હાથ ખોલવા માટે કહ્યું હતું. જો કે, કોઈએ તેના હાથ ખોલ્યા નહોતા, ત્યારબાદ આગળ જતા એક વ્યક્તિએ તેના હાથ ખોલી દીધા હતા અને સમગ્ર વાત તેને કરી હતી. ત્યારબાદ તે ગુમ થઈ ગયો હતો. લૂંટારૂઓએ માત્ર ૫૦૦ રૂપિયા માટે ડ્રાઈવરની હત્યા કરી હોવાની પોલીસે શંકા છે. પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# દુકાનોમાં ઉંદરો પકડવા પાંજરાં મુક્યાં છે કે નહીં તેનો જવાબ આપવા નોટિસ!

## સુરત પાલિકાના ફૂડ વિભાગે અનાજ-કઠોળનો વેપાર કરતી કુલ ૧૨૬ દુકાનોમાં નોટિસ ફટકારી

સુરત

સુરત પાલિકાના ફૂડ વિભાગે શહેરના દરેક ઝોનમાં અનાજ-કઠોળના મોટા વિક્રેતાઓને ત્યાં દરોડા પાડ્યા હતા, જેમાં ૧૨૬ સ્થળે તપાસ કરીને અડાજણ-વરાછા સહિતની ૧૫ દુકાનોમાંથી અનાજનાં ૧૭ સેમ્પલ લીધાં હતાં, જેને પાલિકાની લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલાયાં છે. બે દિવસમાં સેમ્પલનાં રિપોર્ટ આવશે. વિભાગે આ વિક્રેતાઓને પોતાની દુકાનોમાં ઉંદર પકડવા પાંજરાં મુક્યાં છે કે નહીં તેનો જવાબ આપવા નોટિસ પણ ફટકારી છે.

અનાજ-કઠોળનો વેપાર કરતી કુલ ૧૨૬ દુકાનોમાં તપાસ કરી હતી. આ સંસ્થાઓમાં સ્વચ્છતાનું ધોરણ જળવાયેલું રહે, ઉંદર અને જંતુ કંટ્રોલની કામગીરી સમયાંતરે કરવામાં આવે તે અંગે નોટિસ ફટકારવામાં આવી છે.

# વડોદરામાં કોરોનાથી વૃદ્ધ મહિલાનું મોત

## વૃદ્ધ મહિલાનું ૧૨ દિવસની સારવાર બાદ મોત થયું

વડોદરા

કોરોનાની નવી ઈનિંગ શરૂ થઈ હોય તેમ ફરી એકવાર વડોદરામાં કોરોનાથી એક દર્દીનું મોત થયું છે. ઉનાળાની સીઝન શરૂ થતાની સાથે જ રાજ્યમાં કોરોનોનો કેસ ધ્યાને આવ્યો છે. ત્યારે ફરી એકવાર સાવચેત થઈ જવાની જરૂર જણાય છે.

વડોદરામાં કોરોનાથી એક દર્દીનું મોત થયું છે. અત્રે જણાવીએ કે, ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલાને કોરોનો પોઝિટીવ આવ્યો હતો. પહેલા ઝાડા ઉલટી થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. ત્યારે કોરોના હોવાનું સામે આવતા જીજી્ હોસ્પિટલમાં ખસેડાયા હતા.જ્યાં વૃદ્ધાને વેન્ટિલેટર સપોર્ટમાં રાખવામાં આવ્યા હતા. આપને જણાવી દઈએ કે, છેલ્લા ૧૨ દિવસથી મહિલા સારવાર હેઠળ હતી. જે વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત થયું છે.

હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે, કોવિડ પ્રોટોકોલને ફોલો કરવાથી માત્ર તમને જ નહીં, પરંતુ કોરોનાના ગંભીર રોગોના જોખમમાં રહેલા લોકોને પણ ચેપથી બચાવવામાં મદદ મળી શકે છે. આ માટે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું.

# કેનેડાની ફાઈલ રિજેક્ટ થવાની શંકામાં પરિણીતાનો આપઘાત

## જહાંગીરપુરાની હેલીનાએ પિયર આવી ઝેર પીધું

સુરત

જહાંગીરપુરા મિલન રો હાઉસ ખાતે રહેતા નિકેશકુમાર પટેલ ખેતી કરે છે. તેમના ૩૧ વર્ષીય પત્ની હેલીનાએ ગઈ તા.૧૪ એપ્રિલના રોજ અડાજણના એલ.પી.સવાણી રોડ કેપીટલ સ્ટેટસમાં પિયરમાં ઝેર પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હેલીનાબેનનું મોત નીપજ્યું હતું. હેલીનાબેનના બહેન અમેરીકામાં સ્થાઈ થયા હોય તેમણે પણ અમેરીકા જવા ફાઈલ મુકી હતી. જોકે, ફાઈલ રીજેક્ટ થઈ હતી. બાદ તેમણે કેનેડા જવા માટેની ફાઈલ મુકી હતી. કેનેડાની ફાઈલ પણ રીજેક્ટ થશે અને તેઓ વિદેશમાં સ્થાઈ નહીં થઈ શકે તેવી આશંકાને પગલે તેમણે આપઘાતનું પગલું ભર્યાનું સામે આવ્યું છે.

# હોસ્ટેલના રૂમમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા



## આઈ એમ સોરી, હું બોજ લવ કરું ચિરાગ, લખીને જીવનદીપ બુઝાવ્યો


બારડોલી

બારડોલીના નિણત ગામે આવેલ બી.એસ.સી નર્સિંગમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ 'હાથની હથેળીમાં આઈ એમ સોરી, હું બોજ લવ કરું ચિરાગ, નહી રહેવાય તારા વગર,' લખાણ પ્રેમીને સંબોધીને બોલપેનથી લખાણ કરીને હોસ્ટેલના રૂમમાં પંખા સાથે ઓઢણી બાંધીને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી,

ગણદેવી તાલુકાના કલવચ ગામે રહેતા રમેશભાઈ ઝેડ.પટેલને પરિવારમાં પત્ની અને ચાર સંતાનમાં ત્રણ દીકરી અને એક દીકરો છે. જેમાં નાની દીકરી શ્રદ્ધા પટેલ (૨૧) બારડોલીના નિણત ગામે આવેલ રાધા ગોવિંદ બી.એસ.સી નર્સિંગ કોલેજમાં અભ્યાસ માટે એડમિશન લીધું હતું. જ્યાં હોસ્ટેલમાં રહીને નર્સિંગનો અભ્યાસ કરતી હતી. હાલ ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. સોમવારના રોજ બારડોલીની સરદાર હોસ્પિટલમાં ટ્રેનિંગ માટે ગઈ હતી. ત્યાંથી બપોરના સમયે હોસ્ટેલમાં પોતાના રૂમ નં ૯માં આવી હતી. જ્યાં ડાબા હાથની હથેળીમાં પ્રેમીને સંબોધી લખાણ લખીને સાંજના સાડા ચારથી સાડા પાંચ વાગ્યાના સમય દરમિયાન રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ અચાનક આત્મહત્યા કરી હતી.

# વિદેશમાં વસતા ૮૫૦થી વધુ મતદારો મતદાન કરવા માટે આવશે ગુજરાત

## ચૂંટણી પંચની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન શરૂ



ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આવખતે ૪.૯૨ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરવાના છે. લોકસભાની ચૂંટણીમાં ૮૫૦થી વધુ મતદારો વિદેશથી પણ મતદાન માટે આવવાના છે. વિદેશથી મતદાન માટે આવનારા મતદારોમાંથી સૌથી વધુ ૨૧૮ અમદાવાદથી છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર રોજગાર-શિક્ષણ માટે ભારતનો કોઈ નાગરિક વિદેશમાં વસતો હોય અને હજુ તેને અન્ય દેશનું નાગરિકત્વ મળ્યું ન હોય તો તે નોન રેસિડેન્ટ ઈન્ડિયન તરીકે ચૂંટણી પંચની વેબસાઈટમાં જઈને રજીસ્ટ્રેશન કરાવી શકે છે. જેમાં ફોર્મ ૬છ ભરીને વિવિધ દસ્તાવેજી પુરાવા રજૂ કરવા પડે છે અને ત્યારબાદ જ તે મત આપવા માટે માન્ય ગણાય છે. આ રીતે રજીસ્ટ્રેશન કરાવનારા એનઆરઆઈને ઈલેક્ટ્રોલ ફોટો આઈડેન્ટી કાર્ડ અપાતો નથી અને તે ઓરિજનલ પાસપોર્ટ દર્શાવીને વોટ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, વિદેશમાં વસતા ગુજરાતીઓની સંખ્યા ખૂબ જ વધુ છે છતાં ત્યાંથી ચૂંટણી વખતે મતદાન માટે રજીસ્ટ્રેશન કરાવનારાનું પ્રમાણ સાધારણ જોવા મળે છે. ૨૦૧૭માં યોજાયેલી ગુજરાત વિધાનસભા ચૂંટણી વખતે ૬૪ એનઆરજી દ્વારા રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું.

અધિકારીઓનું માનવું છે કે, વિદેશમાં વસતા ભારતીયો માટે ઓનલાઈન વોટિંગ કે પોસ્ટલ બેલેટની વ્યવસ્થા નથી. જેના કારણે વિદેશમાં વસતા ભારતીય મતદારોએ મતદાન માટે પોતાના મતક્ષેત્ર સુધી આવવું પડે છે. જેના કારણે મોટાભાગના લોકો રજીસ્ટ્રેશન કરાવવાનું પણ ટાળે છે. એનઆરઆઈ મતદારો વધુ સંખ્યામાં મતદાન માટે આવે તેના માટે યોગ્ય પ્રચાર કરવામાં આવે તે પણ જરૂરી છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી વખતે સમગ્ર ભારતમાંથી ૧૩૦૩૯ એનઆરઆઈ મતદારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

# જામનગરમાં રામનવમીના તહેવારને અનુલક્ષી પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ

## જિલ્લા પોલીસ વડાની રાહબરીમાં વિશાળ પોલીસ કાફલા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરાયું



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં રામનવમીના તહેવારને અનુલક્ષી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાયેલી રહે, તેના અનુસંધાનમાં જિલ્લાના પોલીસ તંત્ર દ્વારા ફ્લેગમાર્ચ યોજાઈ હતી. શહેરના મુખ્ય માર્ગો પર એસ.પી. ની આગેવાની હેઠળ ફૂટ પેટ્રોલિંગ તેમજ વાહન પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જામનગરના એસ.પી. પ્રેમસુખ ડેલું જાતે જ ફૂટ પેટ્રોલિંગમાં જોડાયા હતા, અને ફ્લેગ માર્ચ કરી હતી. તેઓની સાથે શહેર વિભાગના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા ઉપરાંત શહેરના ત્રણેય પોલીસ ડીવિઝનના પોલીસ ઇન્સપેક્ટર, એલ.સી.બી. એસ.ઓ.જી. અને ટ્રાફિક શાખાના પી.આઇ તેમજ જુદા જુદા પોલીસ મથકના પી.એસ.આઇ. અને વિશાળ પોલીસ કાફલા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર ફૂટ પેટ્રોલિંગ કરાયું હતું. સાથે સાથે પોલીસના વાહનો દ્વારા પણ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. અને કાયદો તેમજ વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાયેલી રહે, તે સંદર્ભમાં પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે.

# જામનગરમાં મુસાફરી દરમ્યાન વૃધ્ધની સોનાની કંઠી સેરવી લેનાર તસ્કર બેલડીને ઝડપી લેવાઈ

## રીક્ષા સહિતનો મુદ્દામાલ કબજે : રાજકોટ-વાંકાનેર સહિત ચાર સ્થળેથી ચોરી કર્યાની કબુલાત



જામનગર : જામનગરમાં ગોકુલ નગર નજીક રામનગર શેરી નંબર પાંચમાં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા એક બુઝુર્ગની ચાલુ રિક્ષામાં રૂપિયા ૧.૬૦ ની સોનાની કંઠી સેરવી લેવાઈ હતી જે ચોરીનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં જ ઉકેલી નાખ્યો છે, અને બે રીક્ષા ચાલક તસ્કરોને ઝડપી લઈ તેઓ પાસેથી ચોરી કરેલ કંઠી અને રીક્ષા કબ્જે કરી છે.

જામનગરના પોલાભાઈ કરસનભાઈ અસવાર નામના ૭૦ વર્ષના રાજગોર બ્રાહ્મણ બુઝુર્ગ કે જેઓ ગોકુલનગરથી શંકર ભગવાનના મંદિરે જવા માટે એક રિક્ષામાં બેઠા હતા. જે દરમિયાન રિક્ષાચાલક અને તેના મળતીયા કે જે પેસેન્જર તરીકે બાજુમાં રિક્ષામાં બેઠા હતા, અને પોલાભાઈએ પોતાના ગળામાં પહેરેલી રૂપિયા એક લાખ ૬૦ હજારની કિંમતની રુદ્રાક્ષ અને તુલસીની સોનાની કંઠીની ચોરી કરી લીધી હોવાનું પોલીસમાં જાહેર કર્યું હતું. જે ચોરીનો ભેદ સીટી સી. ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં જ ઉકેલી નાખ્યા છે, અને પોલીસ વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમના સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે જીજે-૩ બી.યુ. ૧૪૪૭ નંબરની ઓટો રીક્ષાના નંબર મેળવી લીધા હતા, જે નંબરના આધારે સમર્પણ સર્કલ પાસેથી બે તસ્કરોને ઝડપી લઇ ઉપરોક્ત રીક્ષા અને સોનાની કંઠી સહિત ૨.૬૦ લાખની માલમતા કબજે કરી છે.

પોલીસની પૂછપરછ માં બંને તસ્કરો રાજકોટના અને તેઓના નામ રવિ બટુકભાઈ સોલંકી, તેમજ અરવિંદ પોલાભાઈ કાંજિયા હોવાનું જણાવ્યું હતું. જે બંને રાજકોટમાં રહીને રિક્ષા ચલાવતા હોવાનું અને આવી જ રીતે અન્ય સ્થળે પણ ચોરી કરી હોવાની કબુલાત આપી છે. જેમાં રવિ સોલંકી નામના રિક્ષાચાલકે જુનાગઢ અને રાજકોટમાંથી ચાર સ્થળોએ ચોરી કરી હોવાની કબુલાત આપી છે, તેજ રીતે અરવિંદ પોલાભાઈએ રાજકોટ, વાંકાનેર અને હળવદમાં ચાર જગ્યાએ હાથફેરો કરી ચોરી કરી હોવાનું કબુલી લીધું છે જે બંનેની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

# જામનગરમાં મહિલાની નજર ચૂકવી સોડા શોપમાંથી ૩૦ હજારની ચોરી કરનાર બે ગઠિયા ઝડપાયા

જામનગર : જામનગરમાં સાંઢીયા પુલ વિસ્તારમાં આવેલી એક સોડા શોપમાં વેપાર કરી રહેલી મહિલાની નજર ચૂકવી ગ્રાહકના શ્વાગમાં આવેલા બે ગઠિયાઓ ટેબલના ખાનામાંથી રૂપિયા ૩૦ હજારની રોકડ રકમ લઈને છુંમંતર થઈ ગયા હતા, જે બંને ગઠીયાઓને સીટી સી. ડિવિઝન પોલીસે ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી રોકડ કબજે કરી લીધી છે.

જામનગરમાં સાંઢિયા પુલ નજીકના વિસ્તારમાં આવેલી હરસિધ્ધિ સોડા શોપ નામની દુકાનમાં સંગીતાબેન કણઝારીયા વેપાર કરતા હતા, જે દરમિયાન ૨૫ થી ૨૭ વર્ષની વયના બે અજાણ્યા શખ્સો ગ્રાહકના સ્વાંગમાં આવ્યા હતા, અને સંગીતાબેનને વાતોચિતોમાં વ્યસ્ત રાખ્યા પછી તેઓની નજર ચૂકવી કાઇન્ટરના ખાનામાં રાખેલી ૩૦,૦૦૦ રૂપિયાની રોકડ રકમ તેમજ જરૂરી ડોક્યુમેન્ટ સાથેનું પાકીટ વગેરેની ચોરી કરી બંને ગઠિયાઓ છુંમંતર થયા હતા.

થોડીવાર બાદ વેપારી મહિલા સંગીતાબેન ને ઉપરોક્ત રોકડની ચોરી થઈ ગઈ હોવાનું ધ્યાનમાં આવતાં પોતાના પતિને ફોન કરીને બોલાવાયા હતા, અને સમગ્ર મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જ્યાં પોલીસે દુકાનના માલિક કેતન રમેશભાઈ કણજારીયાની ફરિયાદના આધારે સીસીટીવી કેમેરા ની મદદથી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા અને સાંઢીયા પૂલ નીચે પૈસાની ભાગ બટાઈ કરી રહેલા બે શખ્સો માનસિંગ સુરજભાઈ ડાભી બાવરી અને શ્યામ સુલતાનભાઇ બાવરીની અટક કરી લીધી છે, અને તેઓ પાસેથી રૂપિયા ૩૦,૦૦૦ની રોકડ રકમ કબજે કરી છે. સિટી સી ડિવિઝનના પોલીસ સ્ટાફ દ્વારા ગણતરીના કલાકોમાં આ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# અલિયા ગામે આવેલ આઠ દાયકા જૂના જૈન દેરાસરમાં જૈનાચાર્યોની પધરામણી

જામનગર : જામનગરના અલિયા ગામમાં આવેલા ૮૦ વર્ષ જુના જૈન દેરાસરમાં જૈનાચાર્ય અજીતયશસૂરિજી મહારાજ, આચાર્ય સંસ્કારસુરિજી મહારાજ તથા સાધ્વીજીઓ પધારતા અલીયા સંઘના સહુ આગેવાનો દ્વારા તેઓનું સામૈયું કરવામાં આવ્યું હતું.

આદિનાથ જીનાલયમાં દર્શન કરીને મહારાજ સાહેબ પ્રભાવિત થયા હતાં. આ તકે તેમણે ભક્તિ ભાવના તથા જીવદયા અંગે વ્યાખ્યાન આપ્યું હતું. જામનગરથી વિહાર ગ્રુપના સભ્યો, ગુરૂ ભગવંતો સાથે પગપાળા અલીયા પહોંચ્યા હતાં. ગામના જૈનેતર લોકો પણ આચાર્યજીના દર્શનાર્થે પહોંચ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા અલિયા સંઘના વિમલભાઈ, રાજુભાઈ, જીતુભાઈ વિગેરેએ જહેમત ઉઠાવી હતી. અલીયા ગામમાં મૂળનાયક આદિનાથ ભગવાનના જૈન દેરાસરમાં સાત પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા ૮૦ વર્ષ પહેલા આચાર્ય રામચંદ્રસુરિજી મહારાજ દ્વારા કરાવવામાં આવી હતી. આ દેરાસરમાં મૂળ હાલારના ગુંદા ગામના વતની અને આફ્રિકાના એડનમાં સ્થાયી થયેલા વેપારી પરિવારમાં જન્મેલા અને માત્ર ૯ વર્ષની વયે પાલિતાણાના શેત્રુંજતીર્થમાં દીક્ષા લેનારા જ્ઞાની આચાર્ય અજીતયશસુરજી મહારાજ, સહિતના ગુરૂજનો અલીયા ગામમાં પધારતા જૈન પરીવારોમાં ધર્મ મંગલ છવાયો હતો.

# જામનગર નજીક સચાણા ગામે બાળકોની તકરારમાં બે જૂથ વચ્ચે બોલી બઘડાટી

## હુમલામાં ૬ વ્યક્તિ ઘાયલ : બન્ને પક્ષે સામસામી ફરિયાદ

જામનગર : જામનગર તાલુકાના સચાણા ગામમાં બાળકો અંગેની તકરાર નું મનદુખ રાખીને બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી અને સામસામે હુમલા કરાયા હતા. જેમાં બંને પક્ષની છ વ્યક્તિઓ ઘાયલ થઈ છે.જે મામલે સામસામી પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.

જામનગર તાલુકાના સચાણા માં રહેતી ઝરીનાબેન અવેશભાઈ નામની ૪૦ વર્ષની મહિલાએ બાળકો અંગે ની તકરારનું મનદુઃખ રાખી પોતાના ઉપર તેમજ પોતાના પતિ અવેશભાઈ તથા એમણાબેન ઉપર લાકડાના ધોકા-પાઇપ જેવા હથિયારો વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે પાડોશમાં રહેતા ઈશાભાઈ જુસબભાઈ કકકલ, જુસબ અબ્બાસભાઈ કકકલ, મુસ્તાક જુસબભાઈ, સબીના જુસબભાઈ અને ફિરોજ રજાકભાઈ ગજિયા સામે ફરિયાદ નોંધાવી છે.

જયારે સામા પક્ષે શબીનાબેન જુસબભાઈ કકકલે પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના બે સભ્યો પર ધોકા લાકડા વડે હુમલો કરી બટકા ભરીને ઈજા પહોંચાડવા અંગે પાડોશી રમજાન આવેશભાઈ કકકલ, રશીદાબેન જુનસભાઈ ભોકલ, સુગરાબેન જુનસભાઈ ભોકલ, અને નાઝમીનબેન અવેશભાઈ ભોકલ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસે બંને પક્ષની હુમલા અંગેની ફરિયાદ નોંધી સચાણા ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

# દ્વારકામાં રેંકડીધારકોના દૈનિક ભાડામાં ત્રણગણો વધારો કરી દેવાતા દેકારો




તસવીર: રાકેશ સામાણી

દ્વારકા નગરપાલિકા દ્વારા શાકભાજી તેમજ ફ્રૂટ વેચતા રેંકડીધારકો પાસે દૈનિક ભાડામાં ત્રણગણાનો વધારો કરી દેવાતાં વેપારીઓ રોષે ભરાયા છે અને ગઈકાલે પાલિકાના તંત્રને આવેદનપત્ર પાઠવ્યું છે.

આ લેખિત આવેદનમાં જણાવ્યાનુંસાર આશરે એકાદ સપ્તાહ પહેલા તથા મંગળવારે નગરપાલીકાના ત્રણ-ચાર કર્મચારીઓ દ્વારા શાક માર્કેટ ચોકના લારીધારકોને મૌખિક સૂચના આપી જણાવાયુ કે,નગરપાલીકા દ્વારા લેવામાં આવતા ડેઈલી ભાડાનો જૂનો કોન્ટ્રાકટ પૂરો થયો હોય, હવેથી નવા ડેઈલી ભાડા પેટે રૂપિયા ૩૦ પ્રતિદિન લેખે ઉઘરાવવામાં આવશે. હાલ સુધી ડેઈલી ભાડાની રકમ રૂપિયા દસ પ્રતિદિન હતી જે હવેથી એકાએક ત્રણ ગણી કરી રૂા.૩૦ કરવાની તજવીજ પાલીકાએ હાથ ધરી હોય, જે નાના લારીધારકોને પરવડે તેમ નથી.

દ્વારકા નજીક પોરબંદર તથા ઓખા નગરપાલીકામાં દૈનિક ભાડું ૫થી ૧૦ રૂપિયા જ હાલ સુધી અમલમાં છે. દ્વારકાથી મોટી પાલીકાઓમાં પણ જો આટલું ઓછું ભાડું હોય તો દ્વારકાના નાના વેપારીઓને ન પરવડે તેવું ભાડું શા માટે લેવાનો નિર્ણય લેવાયો છે? એમ જણાવીને નાના વેપારીઓ દ્વારા આવા તોતીંગ ભાવવધારાને પરત કરવાની માંગ કરવામાં આવી છે.

# જામનગર સીટી એ પોલીસ દ્વારા ગુમશુદા વ્યક્તિની માહિતી આપવા જાહેરાત કરાઈ



જામનગર : જામનગર સીટી એ પોલીસ ડિવિઝન ખાતે જાણવા જોગ નં.૧૧/૨૦૨૩ સ્ટે.ડા.એ.નં.૧૬/૨૦૨૩ તારીખ ૨૩/૦૭/૨૦૨૩ મુજબ કામ જાહેર કરનાર પંકજભાઈ રમેશભાઈ માઉ, સંપર્ક નંબર-૯૪૦૮૭૪૨૮૯૫, જ્ઞાતિ ભાનુશાળી, ઉંમર વર્ષ ૨૬, ધંધો-વેપાર, રહેઠાણની વિગત દિગ્વિજય પ્લોટ ૫૬ નંબર, ઓશવાળ હોસ્પિટલવાળી શેરી, જામનગરના રહેવાસી છે. તેમણે જાહેર કર્યું છે કે તેમના પિતા રમેશભાઈ રતનશીભાઈ માઉ, ઉંમર વર્ષ ૫૭, વ્યવસાયે નિવૃત, રહેઠાણની વિગત અત્રે જણાવ્યા મુજબ છે. રમેશભાઈ તારીખ ૧૨/૦૮/૨૦૨૩ ના રોજ સાંજના ૦૬:૧૧ કલાકે તેના ઘરેથી કોઈને કહ્યા વગર જતા રહ્યા છે. તેઓ આજ દિવસ સુધી પોતાના ઘરે પરત ફરેલા નથી. તેમજ આજ દિવસ સુધી તેમની શોધખોળ કરવા છતાં તેઓની કોઈ ખબર મળી નથી.

અત્રે જણાવ્યા અનુસાર ગુમ થનારી વ્યક્તિ મળી આવે તો જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ફોન નંબર ૦૨૮૮- ૨૫૫૦૨૪૩, પોલીસ કંટ્રોલરૂમના ફોન નંબર ૦૨૮૮-૨૫૫૦૨૦૦ અને અત્રેની કચેરીના ઈમેઈલ એડ્રેસ [illegible] પર જાણ કરવાની રહેશે.

ગુમશુદા વ્યક્તિ શરીરે મજબૂત બાંધો ધરાવે છે. તેઓ ઘઉંવર્ણો રંગ અને આશરે સાડા પાંચ ફૂટ ઊંચાઈ ધરાવે છે. તેઓ ગુમ થયા ત્યારે બ્લ્યુ રંગનો ઝભ્ભો અને સફેદ રંગનો લેંઘો અને ગળામાં કેસરી ફાળિયું રાખ્યું છે. તેઓ ગુજરાતી ભાષાથી અવગત છે. તેમ સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એમ.એમ.જાડેજા, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ખંભાળિયાના કર્મકાંડી યુવાનનો રિક્ષામાં ભૂલાયેલો થેલો પોલીસે શોધી આપ્યો




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામખંભાળિયાથી ધોરીવાવ આશ્રમમાં સંસ્કૃત પાઠશાળામાં કર્મકાંડ માટે આવેલા એક યુવાનનો થેલો રિક્ષામાં ભુલાયો હતો. જે થેલો જામનગરના પોલીસ વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમની ટીમેં જુદા જુદા સીસીટીવી કેમેરાઓની મદદથી રીક્ષા ચાલકને શોધી કાઢી પરત અપાવ્યો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામખંભાળિયામાં રહેતો પવન વિજયભાઈ રાજ્યગુરુ નામનો યુવાન કે જે ધોરીવાવ વિસ્તારમાં આવેલી આણદાબાવા સંસ્થાની સંસ્કૃતિ પાઠશાળામાં કર્મકાંડ માટે આવ્યો હતો. જે પોતાનું કામ પૂર્ણ કરીને દરેડથી જામનગર બસ સ્ટેન્ડમાં આવવા માટે એક ઓટો રીક્ષામાં બેઠો હતો.

જે ઓટો રીક્ષામાં પોતાનો કપડાં સહિતના સામાનનો થેલો ભુલાઈ ગયો હતો. જે થેલો શોધવા માટે પવન રાજ્યગુરુએ જામનગરના પોલીસ વિભાગના કમાન્ડ કંટ્રોલ રૂમનો સંપર્ક સાધ્યો હતો. જેથી કમાન્ડ કંટ્રોલરૂમની પોલીસ ટીમેં જુદા જુદા વિસ્તારના સીસીટીવી કેમેરા ના ફુટેજ નીહાળી રીક્ષા ને શોધી કાઢી હતી અને તે રીક્ષામાં ભુલાયેલો થેલો પરત મેળવી લઈ પવન રાજ્યગુરુને સુપ્રત કર્યો હતો. જેથી તેણે સમગ્ર પોલીસ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દ્વારકાધીશએ શંખ,ચક્ર,ગદા પદ્મ સાથે મુકુટ ધારણ કર્યો



તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : યાત્રાધામ દ્વારકા એવી ભગવાન વિષ્ણુના સ્વરૂપ શ્રી કૃષ્ણ કર્મભુમિ માં તેમના જ સ્વરૂપ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામનો જન્મોત્સવ દર વર્ષની જેમ ધાર્મિક પરંપરાનુસાર ઉજવવામાં આવ્યો હતો દ્વારકાધીશના ત્રૈલોક્ય સુંદર મંદિરમાં રામલ્લાના જન્મોત્સવને વધાવવા સવારે ૧૦:૩૦ કલાકે બંધ કરાયા બાદ ધાર્મિક ષોડશોપચાર વિધિથી મંત્રોચ્ચાર અને અભિષેક પૂજન સાથે કાળિયા ઠાકોરને શંખ,ચક્ર,ગદા, પદ્મ સાથે ભગવાન શ્રી રામની જેમ ધનુષ્યબાણ તેમજ સિલ્કના પિતાંબર અને કિરીટ મુગુટ ધારણ કરાવી શ્રી રામ સ્વરૂપનો શૃંગાર મનોરથ યોજવામાં આવ્યો હતો બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી રામના જન્મ સમયે દ્વારકાધીશની વિશિષ્ટ ઉત્સવ આરતી કરવામાં આવી હતી.રામલ્લાના જન્મોત્સવ બાદ પુજારી પરિવાર નિજમંદિરમાં હર્ષોલ્લાસ સાથે નાચી જન્મોત્સવને વધાવયો હતો.

# જામનગર લોકસભાની બેઠક માટે વધુ ૮ ફોર્મ ઉપડ્યા : કુલ ૧૧ ઉમેદવારી પત્રો ભરાયા

જામનગર :, લોકસભાની સામાન્ય ચૂંટણી માટે ગત શુક્રવારથી ઉમેદવારીપત્રો રજુ કરવાનો પ્રારંભ થયો છે. જામનગરમાં પ્રથમ દિવસે ૫૭ ફોર્મ લઈ જવામાં આવ્યા હતાં સોમવારે ૩૦ ફોર્મ લઈ જવાયા હતા. અને ત્રણ ઉમેદવારીપત્ર રજુ થયા છે. જ્યારે ગઈકાલ માનલવારે આઠ ફોર્મ ઉપાડવામાં આવ્યા છે અને વધુ આઠ ફોર્મ ભરાયા છે.

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી માંટે ગત શુક્રવારથી જાહેરનામુ પ્રસિદ્ધ થતા જ ઉમેદવારી પત્રો ભરાવવાનો પ્રારંભ થયો હતો. જામનગર લોકસભાની બેઠક માટે ગત શુક્રવારે પ્રથમ દિવસે ૫૭ ફોર્મ ઉપડ્યા હતાં. જો કે એકપણ ઉમેદવારે ફોર્મ ભર્યું ન હતું. એ પછી શનિવાર અને રવિવારની રજા હતી.જ્યારે સોમવારે ૩૦ ફોર્મ ઉપાડવામાં આવ્યા હતાં. તેમાંથી ત્રણ ઉમેદવારી પત્રો રજૂ થયા હતા. જેમાં કોંગ્રેસના ઉમેદવાર જે પી મારવિયાનો સમાવેશ થાય છે.

ગઈકાલે વધુ ૮ ફોર્મ ઉપડ્યા છે.અને આજે વધુ ૮ ઉમેદવારીપત્રો રજૂ થયા છે. જેમાં કોંગ્રેસ પાર્ટી તરફથી શહેર પ્રમુખ દિગુભા જાડેજાએ ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું છે, તેજ રીતે બ.સ.પા.તરફથી બે ઉમેદવારી પત્ર રજૂ થયા છે, અને પાંચ અપક્ષ ઉમેદવારોએ પોતાના ફોર્મ રજૂ કર્યા છે. આમ ગઈકાલ સાંજની સ્થિતિએ કુલ ૯૫ ફોર્મ ઉપડ્યા છે. અને ૧૧ ફોર્મ રજૂ થયા છે.

# જામનગરમાં તહેવારને અનુલક્ષી સિટી એ ડિવિઝનમાં યોજાઈ શાંતિ સમિતિની બેઠક



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં રામનવમીના તહેવારને અનુલક્ષીને રામસવારી સહિતના ધાર્મિક કાર્યક્રમનું આયોજન થાય છે ત્યારે શહેરમાં શાંતિ જળવાયેલી રહે તેના અનુસંધાને શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી, જેમાં ૩૦ થી વધુ હિન્દુ મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જામનગરના સિટી એ ડિવિઝન પોલીસ મથકમાં નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના અધ્યક્ષ સ્થાને તેમજ સીટી એ ડિવિઝનના પોલીસ ઇન્સપેકટર એન. એ. ચાવડાની ઉપસ્થિતિ માં આગામી દિવસોમાં રામનવમી તેમજ મહાવીર જયંતિના તહેવાર નિમિત્તે નીકળતી શોભાયાત્રા અંગે ઉપરોક્ત વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ ભાઈચારો જળવાઇ રહે તે માટે શોભાયાત્રાના આયોજકો તથા હિંદુ મુસ્લિમ સમાજના આગેવાનો સાથે શાંતિ સમિતિની મીટીંગ યોજાઈ હતી.

# દ્વારકા નજીકના બાટીસા ગામે વાડીમાંથી ૯૦ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા નજીકના બાટીસા ગામે એક વાડીમાં દારૂ છૂપાવવામાં આવ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જ્યાં વાડીમાં છૂપાવવામાં આવેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવતા મુદામાલ સાથે બે શખ્સોની અટકાયત કરવામાં આવી છે.

આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ દ્વારકા નજીકના બાટીસા ગામે રહેતો ઓઘડભા બુધાભા સુમણીયા નામના શખ્સની વાડીમાં દારૂ સંતાડવામાં આવ્યો છે તેવી બાતમી પોલીસને મળી હતી. આથી સ્થળ પર જઈ દરોડો પાડતાં વાડીમાંથી રૂા. ૩૬ હજારની કિંમતની ૯૦ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે મુદ્દામાલ કબ્જે કરી આરોપી ઓઘડભા બુધાભા સુમણિયાની અટકાયત કરી છે. જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર રાજુભાઈ રબારી નામના શખ્સને ફરારી જાહેર કર્યો છે.

# જામનગરમાં લોહાણા સમાજના નાત જમણ માટે ચાલતી તૈયારીઓ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર શહેરમાં ૧૮ એપ્રિલ ને ગુરૂવારના સાંજે ૬ થી ૭ વાગ્યે સારશ્વત બ્રાહ્મણ જ્ઞાતિનું સમૂહ ભોજન તેમજ સાંજના સાત વાગ્યાથી દશ વાગ્યા સુધી અયોધ્યાનગરી, એમ. પી. શાહ કોમર્સ કોલેજ, સાત રસ્તા પાસે રઘુવંશી સમાજનું જ્ઞાતિ ભોજન (નાત) યોજવામાં આવશે. જેને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

### ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અનુસંધાને

# ITRA ખાતે મહિલાઓને લગતી સમસ્યાઓ માટે વિવિધ યોગાભ્યાસ શિબિર

જામનગર : આઇ.ટી.આર.એ. જામનગર સ્વસ્થવૃત્ત વિભાગ દ્વારા મહિલા સશક્તિકરણ માટે યોગ વિષયવસ્તુ પર આધારિત ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં મહિલાઓને લગતી વિવિધ સમઆ યોગાભ્યાસ તા. ૧૯-૦૪-૨૦૨૪ માસિક ધર્મ સંબંધિત સમસ્યાઓ માટે યોગાભ્યાસ, તા. ૨૬-૦૪-૨૦૨૪ "સગર્ભાવસ્થા દરમિયાન યોગાભ્યાસ'', તા. ૦૩-૦૫-૨૦૨૪ રજોનિવૃતિ સંબંધિત સમસ્યાઓ માટે યોગાભ્યાસસ્યાઓ માટે વિવિધ યોગાભ્યાસ શિબિરનું નિશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં નામ નોંધાવા અને ભાગ લેવા માટે કેમ્પના દિવસે સ્વસ્થવૃત્ત વિભાગ ડૉ. પી.એમ. મહેતા રોડ (ચિડિયાખાના રોડ) હનુમાન ગેઇટ પોલિસ ચોકી પાસે, જામનગર, સમય: સવારે ૯ થી ૧૨ તેમજ સ્વસ્થવૃત્ત વિભાગ, પ્રભાબેન કાંતિલાલ સંઘવી યોગ ભવન આઇ.ટી.આર.એ. જામનગર ખાતે સાંજે ૫ થી ૬ દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. આ યોગ શિબિરનો લાભ લેવા આઇ.ટી.આર.એ.ના નિયામક પ્રો. વૈદ્ય અને ૫ ઠાકર દ્વારા યાદીમાં જણાવવામાં આવે છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## રાષ્ટ્રના વિકાસ માટે બ્રેઈન ડ્રેઈન અટકાવો

આ દેશની ધરતી આપણી માતૃભૂમિ છે અને માતૃભૂમિ પ્રત્યે આપણી ફરજ બજાવવી અત્યંત જરૂરી છે જે દેશની અંદર આપણો જન્મ થયો છે જે દેશની માટી થી આપણું શરીર ઘડાયું છે જે દેશનું અન્ન આપણે ખાધું છે તે દેશ માટે કંઈક કરવું અત્યંત જરૂરી છે આપણે જે સમાજમાં જીવીએ છીએ તે સમાજ પ્રત્યેની પણ આપણી ફરજ છે.

પરંતુ આજે દેશ છોડીને વિદેશમાં સ્થાયી થનારા લોકો આવું વિચારતા નથી જે લોકો દેશ છોડીને વિદેશમાં ધંધા રોજગાર માટે જાય છે ત્યાં સારામાં સારી કમાણી કરે છે અને સુખી પણ થાય છે છતાં તેને માતૃભૂમિ ની યાદ આવે છે દેશ છોડનારા લોકો ની પણ એક મજબૂરી છે કારણ કે દેશમાં રોજગારીની તકો ઓછી છે આજે જ્યારે ભણી ગણીને જે તૈયાર થઈ જાય છે ત્યારે વિચારે છે કે જો હું અમેરિકા કે અન્ય કોઈ દેશમાં જાઉં તો મને ખૂબ જ સારી સુવિધાઓ મળે સારા નિવાસસ્થાન મળે અને જીવન સુખમય બની જાય આથી તેઓ દેશ છોડે છે ઘણા લોકો મજબૂરીને કારણે દેશ છોડે છે દેશને છોડવો એ સારી વસ્તુ નથી આમ છતાં આ એક કડવી હકીકત હોવાથી તેનો સર્વે સ્વીકાર કરવો અત્યંત જરૂરી છે

કેન્દ્ર સરકારે સંસદમાં એક સવાલના જવાબમાં ચિંતા જગાવે તેવી માહિતી આપી છે કે, છેલ્લાં ત્રણ વર્ષથી રોજ લગભગ ૪,૯૩૯. જણા ભારતીય નાગરિકત્વ છોડતા રહ્યા છે. આમાં ગયા વર્ષે સૌથી વધુ સવા બે લાખથી વધુ લોકોએ ભારતની નાગરિક્તા છોડી દીધી હતી. પોતાના દેશને જોડતા નાગરિક્તાના સંબંધ કાપનારા આ ભારતીયોએ ૧૪૫ દેશના નાગરિક બનવાનું પસંદ કર્યું છે. આમાં પાકિસ્તાન અને સાઉદી અરેબિયા સહિતના દેશોનો સમાવેશ થાય છે.

ભારતીયોમાં વધી રહેલાં ચલણ મુજબ મોટાભાગે રોજગાર માટે લોકો, તેમાં પણ ખાસ કરીને યુવાનો વિદેશની વાટ પકડતા હોય છે. દેશમાં દર વર્ષે લાખો યુવાનો ઈજનેરી, આરોગ્ય અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં શિક્ષણ મેળવે છે, પણ તેમનાં શિક્ષણને અનુરૂપ રોજગારીની તકો માત્ર ૬૦ ટકા જેટલાને મળતી હોય છે. બાકીના ૪૦ ટકાને અન્ય દેશોમાં જઈને નોકરીમાં લાગવા સિવાયનો વિકલ્પ હોતો નથી.

વળી, દુનિયામાં ઘણા વિકસિત દેશોમાં કામને અનુરૂપ વેતનનું પ્રમાણ ઘણું સારું હોય છે. આનાથી ભારતીય યુવાનો તે દેશો તરફ આકર્ષાતા રહે છે. સ્વદેશમાં રોજગારીની તક મળે તો પણ પગાર, ભથ્થાં અને અન્ય સુવિધા અન્ય દેશોની સરખામણીએ ભારે ઓછાં હોવાને લીધે યુવાનો હવે તક મળે એટલે દેશની નાગરિક્તા છોડીને વિદેશના નાગરિક બનવામાં પાછીપાની કરતા નથી.

આપણા દેશમાં એવા પણ લોકો છે જેને સારામાં સારો બિઝનેસ છે સારામાં સારો ઉદ્યોગ છે તે પણ અહીંથી બિસ્તરાપોટલા લઈને વિદેશમાં જઈને બિઝનેસ કરે તો તે વસ્તુ યોગ્ય નથી આ દેશ માટે તેને કંઈક કરવું જોઈએ રાષ્ટ્ પ્રત્યે ભાવના સર્વોપરી હોવી જરૂરી છે

જે લોકો ભારતમાં ધંધો કે ઉદ્યોગ ધરાવે છે, તેઓ પણ સ્વદેશમાં બધું સમેટી લઈને સંપન્ન દેશોના નાગરિક બનતા થયા છે. ભારે વિશાળ વસ્તી ધરાવતા ભારતમાં નાગરિક સુવિધાઓની સતત ઊણપ રહેતી આવી છે. આવામાં વિકસિત અને આધુનિક દેશોમાં જીવનધોરણ વધુ સરળ અને વેપાર-ઉદ્યોગ વધુ નફાકારક બની રહ્યો હોવાની વાસ્તવિકતા આ સંપન્ન પરિવારોને પોતાનાં વતનને છોડીને અન્ય દેશોના નાગરિક બનવા આકર્ષવા લાગી છે.

# ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે ટોચના દસ અબજપતિઓની સંપત્તિમાં ૨૮ અબજ ડોલરનું ધોવાણ

### સૌથી ધનિક લોકોમાંથી માત્ર બેની જ સંપત્તિમાં વધારો : ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટની નેટવર્થ ઈં૨.૯૧ બિલિયન વધી



કરંટ ટોપિક

ઈરાન

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે સોમવારે વિશ્વભરના શેરબજારોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. તેના કારણે વિશ્વના ટોચના ૧૦ અમીરોની નેટવર્થમાં લગભગ ૨૮ અબજ ડોલર એટલે કે રૂ. ૨૩,૩૯,૯૭,૮૨,૦૦,૦૦૦નો ઘટાડો થયો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર સોમવારે વિશ્વના ટોચના ૧૫ સૌથી ધનિક લોકોમાંથી માત્ર બેની જ સંપત્તિમાં વધારો થયો છે. આ યાદીમાં પ્રથમ નંબરે રહેલા ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટની નેટવર્થ ઇં૨.૯૧ બિલિયન વધીને ઇં૨૧૮ બિલિયન પર પહોંચી ગઈ છે. વિશ્વના ૧૫મા સૌથી ધનિક વ્યક્તિ સ્પેનના અમાનસિઓ ઓર્ટેગાની કુલ સંપત્તિમાં ઇં૧.૦૮ બિલિયનનો ઉછાળો આવ્યો છે. સૌથી વધુ નુકસાન એલોન મસ્કને થયું હતું. સોમવારે તેમની કુલ સંપત્તિમાં ઇં૬.૮૪ બિલિયનનો ઘટાડો થયો હતો.

અમીરોની યાદીમાં બીજા સ્થાને રહેલા એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની નેટવર્થમાં ઇં૩.૧૧ બિલિયનનો ઘટાડો થયો છે અને હવે તે ઇં૨૦૫ બિલિયન છે. મસ્ક ૧૭૮ બિલિયન ડોલરની નેટવર્થ સાથે આ યાદીમાં ત્રીજા સ્થાને છે. ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મ્સના સીઈઓ માર્ક ઝકરબર્ગની નેટવર્થ ઇં૪.૦૮ બિલિયન ઘટીને ઇં૧૭૮ બિલિયન થઈ ગઈ છે. સોમવારે બિલ ગેટ્સની નેટવર્થમાં ઇં૧.૬૫ બિલિયનનો ઘટાડો થયો હતો. તે ૧૫૦ અબજ ડોલરની સંપત્તિ સાથે અમીરોની યાદીમાં પાંચમા સ્થાને છે. સ્ટીવ બાલ્મરની નેટવર્થમાં ઇં૨.૬૯ બિલિયન, લેરી પેજની ઇં૨.૪૩ બિલિયન, વોરેન બફેની ઇં૧૩૨ બિલિયન અને સેર્ગેઈ બ્રિનની નેટવર્થમાં ઇં૨.૩૦ બિલિયનનો ઘટાડો થયો છે.

ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીની નેટવર્થમાં સોમવારે ૮૦૬ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે. તે ૧૧૨ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૧મા નંબરે છે. આ વર્ષે તેની નેટવર્થ ઇં૧૫.૬ બિલિયન વધી છે. સોમવારે અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થમાં ઇં૨.૩૬ બિલિયનનો ઘટાડો થયો હતો. તેઓ ૯૯.૫ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૪મા નંબરે છે. આ વર્ષે તેની નેટવર્થ ઇં૧૫.૨ બિલિયન વધી છે.

# મિલ્કી વેનું નિર્માણ કરનારા બે પ્રાચીન કણ મળ્યા

### જર્મનીના વૈજ્ઞાનિકોએ આપ્યા Shiv-Shakti નામ

વિશેષ

આપણી આકાશગંગામાં લાખો-કરોડો તારા આવેલા છે અને એનો અભ્યાસ ગાઈયા સ્પેસ ટેલિસ્કોપની મદદથી જર્મનીના સૌથી મોટી સાઈન્ટિફિક સંસ્થા મેક્સ પ્લેન્ક ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્ટ્રોનોમી કરી રહ્યો છે. આ સાઈન્ટિફિક સંસ્થાએ આકાશગંગાના નિર્માણ કરનારા બે પ્રાચીન કણની શોધ કરી લીધી છે અને એને નામ આપ્યું છે શિવ અને શક્તિ.

બ્લ્યુ રંગના ડોટ્સ શિવ છે અને પીળા રંગના ડોટ્સ એ શક્તિ છે. આ બંને કણે મળીને જ આપણી આકાશગંગા એટલે કે મિલ્કી વે બનાવી છે. આ ડોટ્સ હકીકતમાં તો તારાની બે પ્રાચીન લહેરો છે અને એને મળીને આકાશગંગાનું નિર્માણ બિગ બેંગથી ૨૦૦ કરોડ વર્ષ બાદ આશરે ૧૨૦૦ કરોડ વર્ષ પહેલાં કર્યું હતું

શિવ અને શક્તિ બ્લ્યુ અને પીળા રંગના ડોટ્સવાળા તારાની લહેર એટલી જૂની છે કે એને બાદ જ આપણી આકાશગંગાના બે વળાંકવાળા એટલે કે સ્પાઈરલવાળા ભાગ બન્યા હતા. આ જ કારણે જર્મનીના વૈજ્ઞાનિકોએ આ તારાની લહેરોના નામ બ્રહ્માંડ રચના કરનારા શિવ અને દેવી શક્તિનું નામ આપ્યું છે. આ બંનેએ મળીને જ મિલ્કી વેનો પાયો રાખ્યો હતો જેમાં આપણે બધા રહીએ છીએ.

મેક્સ પ્લેન્ક ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોનોમીનાં વૈજ્ઞાનિક ખ્યાતિ મલ્હાને જણાવ્યું હતું કે અમને ખુશી છે કે અમે આટલા પ્રાચીન કણોને. સ્ટાર્સના બેલ્ટને શોધી શક્યા. આ સ્ટારના પેદા થયા બાદથી જ સતત આપણી આકાશગંગામાં ફેરફાર થઈ રહ્યા છે. અમે આ સમૂહ ક્યારેય ના શોધી શક્યા હોત, જો આ ગાઈયા સ્પેસ ટેલિસ્કોપે અમારી મદદ ના કરી હોત. ગાઈયા પાસેથી મળેલા ડેટા અનુસાર ખ્યાતિ અને એના ટીમે આ તારાઓના સમુહના ઓર્બિટની શોધ કરી હતી અને એના નિર્માણ તત્વોની શોધ કરી હતી. તેમની ગતિ અને વ્યવહારને સમજવાનો પ્રયાસ કર્યો. બ્લ્યુ રંગ શિવ અને પીળો રંગ શક્તિના નિર્માણ ખાસ પ્રકારના રાસાયણિક મિશ્રણથી થયું છે એટલે તેનું નામ શિવ શક્તિ રાખવામાં આવ્યું છે.

# સમુદ્ર કિનારે જોવા મળ્યું "દૈત્ય" જેવું વિશાળ પ્રાણી

ઊંડો સમુદ્ર હંમેશા રહસ્ય અને પૌરાણિક કથાઓનો સ્ત્રોત રહ્યો છે. અવારનવાર એવા જીવો જોવા મળે છે કે જેના વિશે માનવીએ પહેલા ક્યારેય જાણ્યું નથી. ક્યારેક તેઓ ભયાનક હોય છે તો ક્યારેક તેઓ એવી દુનિયા તરફ ઈશારો કરે છે જેનાથી વૈજ્ઞાનિકો પણ અજાણ હોય છે. મલેશિયાના એક બીચ પર કંઈક આવું જ જોવા મળ્યું. અહીના લુન્ડુના તેલુક મિલો બીચ પર એક વિચિત્ર 'રાક્ષસી પ્રાણી'નું મૃત શરીર કિનારા પર આવી ગયું છે. આ કંઈક અંશે સડી ગયેલું અને ફૂલેલું શરીર સૌપ્રથમ વખત બીચ પર સર્વે કરી રહેલા અધિકારીઓને જોવા મળ્યું હતું. સ્થાનિક ડિઝાસ્ટર એજન્સી સારાવાક સિવિલ ડિફેન્સ ફોર્સએ ફેસબુક પોસ્ટની મદદથી આ માહિતી આપી હતી. સ્થાનિક અખબાર ન્યૂ સારાવાક ટ્રિબ્યુનના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં દરિયાકિનારા પર દરિયાઈ સસ્તન પ્રાણીઓ મળવા દુર્લભ છે, તેથી લોકો 'દૈત્ય'ની ઝલક મેળવવા માટે આ વિસ્તારમાં ઉમટી પડ્યા હતા. જો કે, નિષ્ણાતો કહે છે કે આ સંભવતઃ વ્હેલના અવશેષો હોઈ શકે છે. આ કહેવાતા ગ્લોબસ્ટર અન્ય રહસ્યમય જીવોની યાદ અપાવે છે જે વિશ્વભરના દરિયાકિનારા પર મળી આવ્યા છે. તેમની વચ્ચે એક સફેદ, મરમેઇડ જેવું પ્રાણી હતું જે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પાપુઆ ન્યુ ગિનીમાં દેખાયું હતું. લાઈવ સાયન્સ કહે છે કે શબ એટલી ખરાબ રીતે વિઘટિત થઈ ગયું હતું કે વૈજ્ઞાનિકો તેને ઓળખી શક્યા નહોતા, જો કે તે અમુક પ્રકારના દરિયાઈ સસ્તન પ્રાણી હોવાનું જણાય છે.

# AI ટૂંક સમયમાં માણસોની જેમ કામ કરશે

કરંટ ટોપિક

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સએ કામ કરવાની રીતમાં ધરમૂળથી ફેરફાર કર્યો છે. કમ્પ્યુટરે કલાકોના કામને મિનિટમાં રૂપાંતરિત કર્યું હતું અને AI એ તેને થોડીક સેકન્ડના કામમાં રૂપાંતરિત કર્યું છે. હવે છૈં માં મોટો ફેરફાર આવવાનો છે. ટૂંક સમયમાં AI માણસોની જેમ જ કામ કરવાનું શરૂ કરશે. આગામી તબક્કામાં, છૈં વાત કરશે, કારણ આપશે, માણસોની જેમ યોજના કરશે અને તેની પાસે મેમરી પણ હશે. ઓપન એઆઈ અને મેટા પ્લેટફોર્મ્સે આ દિશામાં ઘણી પ્રગતિ કરી છે. ટૂંક સમયમાં આ કંપનીઓ AIના વર્ઝન ૨.૦ની જાહેરાત કરી શકે છે. ઓપન AI અને મેટા પ્લેટફોર્મ ટૂંક સમયમાં બજારમાં તેમના સંબંધિત AI મોડલ્સના અપગ્રેડેડ વર્ઝન લોન્ચ કરી શકે છે. નવા AI મોડલ સૌથી મોટી સમસ્યાઓને પણ હલ કરવામાં સક્ષમ હશે. તદુપરાંત, મુશ્કેલ કાર્યો પણ તેમની સાથે સરળતાથી કરી શકાય છે. ઓપન AI ચીફ ઓપરેટિંગ ઓફિસર બ્રાડ લાઇટકેપે ફાઇનાન્શિયલ ટાઇમ્સને એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ચેટ જીપીટીનું આગામી સંસ્કરણ તર્ક માટે સક્ષમ હશે. તે તેની તર્ક ક્ષમતાના આધારે મુશ્કેલ સમસ્યાઓ હલ કરવામાં સક્ષમ હશે.

રિપોર્ટ અનુસાર, નવા છૈં મોડલ્સ તર્કની સાથે પ્લાનિંગ પણ કરી શકશે. તેમનામાં વિચારવાની અને સમજવાની ક્ષમતા હશે. તે ઘણા પરિમાણોમાં વિચાર કરીને સમસ્યાઓના જવાબો શોધવાનો પ્રયાસ કરશે. વર્ઝન ૨.૦ માત્ર શબ્દો વાંચીને કામ નહીં કરે. તે આના કરતાં ઘણું બધું કરી શકશે. આ આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ (AGI) હાંસલ કરવાની દિશામાં એક મોટું પગલું ભરશે. મેટા એઆઈ રિસર્ચના વાઈસ પ્રેસિડેન્ટ જોએલ પીન્યુ કહે છે કે તેમની કંપની એઆઈને વાત કરવા, તર્ક આપવા, આયોજન કરવા અને મેમરી વિકસાવવા સક્ષમ બનાવવા પર કામ કરી રહી છે.

જો ઓપન એઆઈ અને મેટા જેવી કંપનીઓ આવા મોડલ વિકસાવે છે, તો ૨૦૩૦ સુધીમાં એઆઈ ઉદ્યોગ એક ટ્રિલિયન ડોલરનો આંકડો પાર કરી જશે. મેટા પહેલેથી જ આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સને આવકના સ્ત્રોત તરીકે ધ્યાનમાં લઈને કામ કરી રહી છે. એલોન મસ્કે તાજેતરમાં કહ્યું હતું કે છૈં આવનારા ૨ વર્ષમાં માણસોને પાછળ છોડી દેશે. તે માત્ર વિચારી શકશે નહીં પણ સ્વતંત્ર રીતે કામ પણ કરી શકશે.

# ચીન સામેનું આર્થિક યુદ્ધ સરળ નથી



જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ટ્ઝ આ સપ્તાહના અંતમાં ચીનની મુલાકાતે જવાના છે. તેનો સૌથી મોટો પડકાર પશ્ચિમી દેશોના વધુને વધુ કઠોર અવાજોના યુગમાં જર્મનીના સૌથી મોટા વેપાર ભાગીદાર સાથે સંતુલિત વાટાઘાટો જાળવવાનો રહેશે.

અમેરિકા જાપાન ભારત સહિતના દેશો ચીનની વિસ્તારવાદી નીતિ સામે એક થઈ રહ્યા છે. છતાં પણ ચીનને પહોંચી વળવું સરળ નથી વિસ્તારવાદી ચીને એકસાથે દુનિયાના અનેક દેશો સામે મોરચો માંડ્યો છે. બીજું વિશ્વયુદ્ધ જર્મનીના વિસ્તારવાદમાંથી ઊભું થયું હતું અને તેના મૂળમાં હિટલર હતો. ચીનના આજના વિસ્તારવાદના મૂળમાં તેના આજીવન પ્રમુખ થઈ બેઠેલા પ્રમુખ શી જિનપીંગ છે. ચીને લદાખ મોરચે લશ્કરી કાર્યવાહી કરીને પોતાની સરહદ વિસ્તારવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. આમાં ભારતના ૨૦ સૈનિકોની કરવામાં આવેલી હત્યાથી દેશમાં ચીન સામે ભારે આક્રોશ સર્જાયો હતો.એ સૂચક છે કે આ આક્રોશ આર્થિક મોરચા તરફ વળી ગયો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની હરકતમાં એકની સામે દસ માથાંની માગણી કરનારા રાષ્ટ્રવાદીઓ ચીન સામે એવાં જ પગલાંની માગણી કરવાના વિકલ્પે ચીનનાં માલના બહિષ્કારની માગણી કરી રહ્યા છે. આમાંથી ચીનની આર્થિક તાકાત અને ભારત ચીન વચ્ચેના આર્થિક સંબંધો ચર્ચાનો વિષય બન્યા છે.મુદ્દો એ છે કે જેમ લશ્કર દ્વારા યુદ્ધ કરવાનું સરળ નથી, તેમ આર્થિક મોરચે પણ યુદ્ધ છેડવાનું સરળ નથી. તેની પણ દેશમાં કોઈક વર્ગોએ કિંમત ચૂકવવી પડે છે. તેથી અત્યારે તો 'ડિજિટલ સ્ટ્રાઇક' અને ચીનની કંપનીઓને અપાયેલા કેટલાક કોન્ટ્રેક્ટ રદ કરીને સંતોષ માનવો પડ્યો છે.'ડિજિટલ સ્ટ્રાઇક' કરીને ચીનની ૫૯ એપ પર દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે આ પ્રતિબંધ દેશની સલામતી માટે મૂકવામાં આવ્યો છે એવું કારણ રજૂ કરવામાં આવ્યું છે. મુદ્દો એ છે કે ચીનની આક્રમક નીતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સરકાર હજી સ્પષ્ટ થઈ શકી નથી.

આસપાસ ચોપાસ – સુરેશ ભટ્ટ

પ્રથમ ચીનની આર્થિક તાકાતનો પરિચય મેળવીએ. કુલ જીડીપીના (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ/ કુલ ઘરેલુ ઉત્પાદન) આધારે માપતાં ચીન આજે દુનિયાની બીજા નંબરની મહાસત્તા છે. તેની કુલ જીડીપી વર્ષ ૨૦૧૮માં ૧૪ લાખ કરોડ ડોલર હતી. તેની તુલનામાં ભારતની કુલ જીડીપી ત્રણ લાખ કરોડ ડોલરની હતી. એ વધારીને ત્રણ વર્ષમાં પાંચ લાખ કરોડ ડોલરની કરવાનો લક્ષ્યાંક વડાપ્રધાને આપ્યો હતો. હવે જોકે એ ભુલાઈ ગયો છે અને તેનું સ્થાન આત્મનિર્ભર ભારતે લીધું છે.

દુનિયાની નિકાસોમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ચીન પ્રથમ ક્રમે આવે છે અને આયાતોમાં ૧૦ ટકાના હિસ્સા સાથે તે બીજા ક્રમે આવે છે. આની સરખામણીમાં વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો બે ટકા જેટલો છે. આમ વૈશ્વિક અર્થતંત્રમાં ચીન એક મહાસત્તા છે. વધારે અગત્યની બાબત એ છે કે આ સ્થાન તેમણે માત્ર ચાર દસકા જેવા ટૂંકા સમયગાળામાં હાંસલ કર્યું છે. જેની ગણના ૧૯૮૦ સુધી ભારતની જેમ એક ગરીબ દેશમાં થતી હતી તે આજે વિશ્વની એક મહાસત્તા બની ગયું છે. ચીની પ્રજા અને તેના શાસકોની ગતિશીલતા અને તેમની ધાર્યું નિશાન પાર પાડવાની વ્યવસ્થાશક્તિ આની પાછળ રહેલાં છે.

ભારત અને ચીન વચ્ચેના વેપારી સંબંધો તપાસીએ. ચીનની ભારત ખાતેની નિકાસો ૨૦૧૮માં ૭૭ અબજ ડોલરની હતી. એની સામે ભારતની ચીન ખાતેની નિકાસો ૧૯ અબજ ડોલરની હતી. ભારત અને ચીન વચ્ચેના વેપારનું આ એક લાક્ષણિક ચિત્ર છે. આ આંકડાઓમાંથી એવી છાપ ઊભી થાય કે ચીન માટે આપણે મોટું બજાર છીએ, જ્યારે ચીન આપણા માટે મોટું બજાર નથી. તે છાપ સાચી નથી. ચીનની કુલ નિકાસોમાં ભારતનો હિસ્સો ત્રણ ટકા જેટલો છે. એની સામે ભારતની કુલ નિકાસોમાં ચીનનો હિસ્સો લગભગ છ ટકા છે. આમ નિકાસના દૃષ્ટિબિંદુથી ચીન માટે આપણે એટલા મહત્ત્વના નથી, જેટલું ચીન આપણા માટે મહત્ત્વનું છે.

ભારતમાં આવતી વિદેશી મૂડીનો એક ્રોત ચીન પણ છે. ૨૦૧૫થી ૨૦૧૯નાં વર્ષોમાં ચીનની કંપનીઓએ ભારતમાં લગભગ બે અબજ ડોલરનાં કર્યા હતા પરંતુ લડાખની ઘટના બની તે પૂર્વે જ ચીનમાંથી આવતા રોકાણો પર નિયંત્રણો લાદવામાં આવ્યા હતા ચીનની કંપનીઓ ભારતની કંપનીઓ કબજે કરે તેવી દેશથી ચીનમાંથી આવતા રોકાણો નિયંત્રિત કરી દેવામાં આવ્યા હતા એ પછી સરકારની નીતિની અનિશ્ચિતતા ના કારણે ચીનમાંથી આવતા રોકાણો અટકી ગયા છે ચીનમાંથી થતી જાય તો નો બહિષ્કાર કરવાની માંગ ઉઠી ત્યારે સ્પષ્ટ થયું કે ચીનમાંથી કેવળ વપરાશની ચીજો જ આયા થતી નથી પણ ઔદ્યોગિક ચિત્રો ચીજો પેદા કરવા માટે ની ચીજોની પણ મોટા પ્રમાણમાં આયા તો થાય છે દેશનો દવા ઉદ્યોગ ઘટક દ્રવ્યોની ૭૦% આયા તો ચીનમાંથી કરે છે એ દ્રવ્યોની આયાતો ચીનમાંથી ન કરવામાં આવે તો ચીન જેટલા સસ્તા વૈકલ્પિક સ્તોત્રો આપણી પાસે નથી આવું જ ઓટો ઉદ્યોગની બાબતમાં આપણું ચીન પર અવલંબન છે.

# રાજસ્થાનનો છેલ્લા બૉલ પર વિજય : બિગેસ્ટ રન ચેઝ નોંધાયો

## જોસ બટલર મૅચનો સુપરસ્ટાર સાબિત થયો



મુંબઇ

રાજસ્થાન રોયલ્સે ઈડન ગાર્ડન્સમાં યજમાન ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને હાઈ સ્કોરિંગ અને દિલધડક મુકાબલામાં બે વિકેટે હરાવીને મોખરે પોતાનું સ્થાન ૧૨ પોઈન્ટ સાથે વધુ મજબૂત કર્યું હતું. આઈપીએલનો આ બિગેસ્ટ રન ચેઝ બન્યો છે.

જોસ બટલરે (૧૦૭ અણનમ, ૬૦ બૉલ, છ સિક્સર, નવ ફોર) મૅચનો સુપરસ્ટાર સાબિત થયો હતો. તેણે વરુણના છેલ્લા બૉલમાં વિજયી રન બનાવ્યો હતો. બટલરે ૫૬ બૉલમાં ૧૦૯ રન બનાવવા ઉપરાંત બે વિકેટ લેનાર અને એક કૅચ પકડનાર સુનીલ નારાયણના ઓલરાઉન્ડ પર્ફોર્મન્સને ઝાંખો પાડી દીધો હતો. બટલર આ વખતની આઈપીએલમાં બીજી સેન્ચુરી ફટકારનારાજ પ્રથમ બૅટર છે.બટલરે ૬ એપ્રિલે આરસીબી સામે અણનમ ૧૦૦ રન બનાવ્યા હતા.

રિયાન પરાગે ૩૪ અને પોવલે ૨૬ રન બનાવ્યા હતા. હર્ષિત, નારાયણ, વરુણે બે-બે વિકેટ લીધી હતી. નારાયણ આ વખતની આઈપીએલનો પાંચમો સેન્ચુરિયન બન્યો હતો. તેની પહેલાં કોહલી (૭૨ બૉલમાં અણનમ ૧૧૩), બટલર (૫૮ બૉલમાં અણનમ ૧૦૦), રોહિત (૬૩ બૉલમાં ૧૦૫ અણનમ) અને ટ્રેવિસ હેડ (૪૧ બૉલમાં ૧૦૨)ના નામે સદી લખાઈ હતી.

# દિનેશ કાર્તિકે સૌથી લાંબી સિક્સર ફટકારી

બેંગલુરુ,

સનરાઈઝર્સ હૈદરાબાદે આ આઈપીએલ સિઝનમાં પોતાની વિસ્ફોટક બેટિંગ શૈલી જાળવી રાખીને આરસીબીને બરબાદ કરી દીધું.

બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સોમવાર ૧૫મી એપ્રિલની સાંજે રમાયેલી મેચમાં, હૈદરાબાદે ટ્રેવિસ હેડની ધમાકેદાર સદી અને બાકીના બેટ્સમેનોની વિસ્ફોટક ઈનિંગ્સના આધારે ૨૮૭ રનનો રેકોર્ડ સ્કોર બનાવયો હતો. ટ્રેવિસ હેડની શાનદાર સદીએ બધાનું ધ્યાન ખેંચ્યું ત્યારે હેનરિક ક્લાસેન પણ પાછળ ન રહ્યો અને તેણે સિક્સરનો વરસાદ કરીને સિઝનનો સૌથી મોટો સિક્સર



ફટકાર્યો.

ગત વર્ષે ક્લોસેને બેંગલુરુ સામે ૧૦૪ રનની જબરદસ્ત ઈનિંગ રમી હતી પરંતુ તેમ છતાં તેની ટીમ હારી ગઈ હતી. આ વખતે ક્લાસેન સદી ફટકારી શક્યો ન હતો પરંતુ તેણે બીજી શાનદાર ઈનિંગ સાથે ટીમની જીત લગભગ સુનિશ્ચિત કરી હતી. ઓપનર ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ ૮.૧ ઓવરમાં ૧૦૮ રન ઉમેર્યા બાદ ક્રિઝ પર આવેલા ક્લોસેને આવતાની સાથે જ સિક્સર મારવાનું શરૂ કરી દીધું હતું.

ક્લાસેને આ ઈનિંગમાં કુલ ૭ સિક્સર ફટકારી હતી અને આ સિક્સરમાંથી એક સિક્સર સીધી ચિન્નાસ્વામી સ્ટેડિયમની છતને પાર કરી ગઈ હતી. આ સિઝનમાં પોતાની પ્રથમ મેચ રમી રહેલો RCBનો ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસન તેનો શિકાર બન્યો હતો. ફર્ગ્યુસનને આ મેચમાં પહેલા જ ઘણી સિક્સર પડી હતી.

# કન્નડ અભિનેત્રી ફિલ્મી દુનિયાની ઝાકમઝોળ મૂકીને આઈએએસ બની

## અભિનેત્રી બનવાથી લઈને આઈએએસ ઓફિસર બનવા સુધીની સફર સરળ ન હતી

નવિદીલ્હી

ઘણા સેલિબ્રિટી છે જેમણે બેંકની નોકરી, ડોક્ટરી કે પછી સારી સારી તકો છોડી ફિલ્મની દુનિયામાં પ્રવેશ કર્યો હોય. તેમાંથી ઘણા સફળ થયા અને ઘણાને નિરાશા પણ સાંપડી. ફિલ્મ સાથે જોડાયેલા લગભગ બધા કલાકારો આજકાલ બીજા કોઈ ધંધા સાથે પણ જોડાયા છે, તેવામાં એક એવી અભિનેત્રીની વાત બહાર આવી છે જેણે ફિલ્મી દુનિયાની ઝાકમઝોળ મૂકીને સિવિલ સર્વિસનું ક્ષેત્ર પસંદ કર્યું છે અને આઈએએસ બની ગઈ છે. વાત કન્નડ અભિનેત્રી એચએસ કીર્થાના છે. કીર્થનાએ ઘણી સિરિયલો અને ફિલ્મોમાં બાળ કલાકાર તરીકે કામ કર્યું છે. કીર્થાના ગંગા- યમુના, ઉપેન્દ્ર, સર્કલ ઈન્સ્પેક્ટર, લેડી કમિશનર, 'જનની, કનુર હેગદાતી, ઓ મલ્લિગે, હબ્બા, દોર, સિમહાદ્રી અને પુતાની એજન્ટ સહિત અનેક ટીવી સિરિયલોમાં બાળ કલાકાર તરીકે દેખાઈ છે.

# આકાશમાં થવા જઈ રહી છે એક દુર્લભ ઘટના

## એક નાનકડો-વામન તારો ફાટશે

નવિદીલ્હી

આકાશમાં ઘટતી ઘણી ખગોળીય ઘટનાઓ આપણને રોમાંચ આપે છે. આવી જ એક ઘટના બનવા જઈ રહી છે જેમાં એક નાનકડો-વામન તારો ફાટશે તેમ કહેવામાં આવી રહ્યું છે.

વામન તારોકોરોના બોરેલિસ અથવા્ ઝઈમ્ છે, જે પૃથ્વીથી લગભગ ત્રણ હજાર પ્રકાશ વર્ષ દૂર છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ સફેદ વામન તારો વિસ્ફોટ થવાનો છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાનું કહેવું છે કે આ એક એવી ઘટના છે જે દાયકાઓમાં એક વખત બને છે. સૌથી મોટી વાત એ છે કે આ ઘટનાને જોવા માટે કોઈ મોંઘા ટેલિસ્કોપની જરૂર પડશે નહીં.

નાસાના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે્ CRBમાં વિસ્ફોટ હંમેશા થતા નથી. આ વિસ્ફોટ પહેલા આવો વિસ્ફોટ વર્ષ ૧૯૬૪માં જોવા મળ્યો હતો. એટલે કે આ પ્રકારનો વિસ્ફોટ ૮૦ વર્ષમાં લગભગ એક વાર થાય છે. આ ઘટના કંઈક અંશે હેલીના ધૂમકેતુ જેવી જ છે. જો કે, તે નોવા છે તેથી તે ધૂમકેતુ કરતાં વધુ સારી માનવામાં આવે છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાના મેટિયોરોઇડ એન્વાયરમેન્ટ પ્રોગ્રામના મેનેજર વિલિયમ કૂક આ અંગે જણાવે છે કે મોટા ભાગના કિસ્સાઓમાં આપણને ખબર નથી હોતી કે નોવા ક્યારે ફૂટશે. પરંતુ ત્યાં ૧૦ નોવા છે જે રિકરિંગ નોવા છે, એટલે કે, વિસ્ફોટ એક નિશ્ચિત સમયે ફરીથી અને ફરીથી થાય છે. કોરોના બોરેલિસ તેનું ઉદાહરણ છે.

આ વિસ્ફોટ આજે જ થાય તેમ બને અને સપ્ટેમ્બર મહિના સુધીમાં કોઈપણ એક દિવસે થશે. જોકે વૈજ્ઞાનિકો આની ગતિવિધિ પર નજર રાખી રહ્યાં છે, આથી બની શકે કે તેમને અંદાજો આવી જશે કે ઘટના નજીકના સમયમાં બનવા જઈ રહી છે

# IPL મેચમાં સ્ટેડિયમમાંથી સોશિયલ મીડિયા પર વીડિયો કે તસ્વીર શેર કરવા પર થશે દંડ

મુંબઇ,

હાલમાં આઈપીએલની ૧૭મી સિઝન ચાલી રહી છે , ત્યારે આઈપીએલ દરમિયાન ખેલાડીઓ તેમની તસ્વીર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા હોય છે. બધા ફ્રેચાઈઝી અને કોમેન્ટેટરો પણ તેમના ચાહકોને ક્રિકેટની અપડેટ આપવા સોશિયલ મીડિયા પર મેચની તસ્વીર અને વીડિયો શેર કરતા હોય છે. હવે બીસીસીઆઈએ આના પર મર્યાદા લાદવાનો નિર્ણય કર્યો છે. હવે જો કોઇ પણ ટીમના ખેલાડી અને કોમેન્ટેટરને પોસ્ટ કરવા માટે કેટલાક નિયમોનું પાલન કરવુ પડશે. એક રિપોર્ટ અનુસાર બીસીસીઆઇ એ બધા ખેલાડીઓ, કોમેન્ટેટરો, આઈપીએલના માલિકો અને સોશિયલ મીડિયા અને કન્ટેન્ટ ટીમને સુચના જાહેર કરી છે.

# સલમાનના ઘરની બહાર થયેલા ફાયરિંગ બાદ સલામતી પર પૂજા ભટ્ટે સવાલ ઊભા કર્યા



મુંબઇ,

સલમાન ખાનના બાંદરામાં આવેલા ગૅલૅક્સી અપાર્ટમેન્ટની બહાર થયેલા ફાયરિંગને લઈને પૂજા ભટ્ટે પોલીસની સલામતી-વ્યવસ્થા પર જ સવાલ ઊભા કર્યા છે. ગઈ કાલે સવારે લગભગ પાંચ વાગ્યાની આસપાસ બાઇક પર સવાર બે વ્યક્તિઓએ ફાયરિંગ કર્યું હતું. આ હુમલાની જવાબદારી ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલે લીધી છે. સાથે જ તેણે એવું પણ જણાવ્યું કે આ તો તને ટ્રેલર દેખાડવા માટે હતું.

આ પહેલી અને છેલ્લી ચેતવણી છે. અગાઉ પણ સલમાનને ધમકીઓ મળી હતી અને એથી તેની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. પોલીસે હવે ઝઝ્ફ ફુટેજ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના બાદ સલમાનનો પરિવાર ચિંતિત બની ગયો છે. ઘટનાની જાણ થતાં જ અરબાઝ ખાન તેની વાઈફ શૂરા ખાન સાથે સલમાનને મળવા પહોંચ્યો હતો.

# પાણીપુરી જોઈને વિકી કૌશલના મોંમાં પાણી આવી ગયું : સ્ટ્રિક્ટ ડાયટને પણ છોડી દીધી



મુંબઈ,

વિકી કૌશલ આજે જ્યાં છે ત્યાં સુધી પહોંચવાની સફર આસાન નહોતી. સખત મહેનતથી અભિનેતા ભારતીય ફિલ્મ ઉદ્યોગના રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતાઓમાંનો એક બન્યો. હાલમાં, તે તેના આગામી પ્રોજેક્ટના શૂટિંગમાં વ્યસ્ત છે અને પાત્ર માટે સખત આહાર પર છે. પરંતુ થોડા સમય પહેલા, તેને તાજેતરમાં જ તેની પ્રિય વાનગી સાથે તેના આહારમાં છેતરપિંડી કરી. તમને જણાવી દઈએ કે અભિનેતાનો તેની ફિલ્મના સેટ પરથી ગોલ ગપ્પા ખાતો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

ગયા વર્ષે, વિકી કૌશલે શાહરૂખ ખાન, તાપસી પન્નુ અને અન્ય સાથે કોમેડી-ડ્રામા ફિલ્મ ડંકીમાં અભિનય કર્યો હતો. થોડી જ વારમાં તેને તેના આગમનની જાહેરાત કરી પ્રોજેક્ટ માટે ઈચ્છિત શરીર મેળવવા માટે મારી જાતને સખત આહાર અને તાલીમ પર રાખ્યો. પરંતુ, જ્યારે તેને આખી ટીમ માટે પાણીપુરી સ્ટેશન ગોઠવેલું જોયું તો તે પોતાની જાતને રોકી શક્યો નહીં.

ઈન્સ્ટાગ્રામ પર જતા, મસાન અભિનેતાએ તેની ઈન્સ્ટા સ્ટોરી પર એક વિડિયો શેર કર્યો, જેમાં તે મહિનાઓ પછી તે સ્વાદિષ્ટ જંક ફૂડનો આનંદ માણવા માટે કેટલો ઉત્સાહિત હતો તે દર્શાવે છે. ક્લિપમાં, અભિનેતાએ સફેદ ટી-શર્ટ, કેપ, પગરખાં અને સન્ની સાથે શોર્ટ્સની જોડી પહેરી હતી. ક્લિપ શેર કરતી વખતે તેણે લખ્યું, "મહિનાઓ પછી ઠગ ભોજન! પાણીપુરી બનાવવાની હતી. હું આજે રડીશ.

# આર્થિક તંગીને કારણે સાઉથ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના જાણીતા ફિલ્મ નિર્માતા સૌંદર્ય જગદીશની આત્મહત્યા

બેંગ્લુરૂ,

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પીઢ ફિલ્મ નિર્માતા સૌંદર્ય જગદીશે આત્મહત્યા કરી લીધી છે. તે આર્થિક તંગીથી ઝઝૂમી રહ્યો હતા. કન્નડ ફિલ્મ નિર્માતા સૌંદર્યા જગદીશ બેંગલુરુમાં તેમના મહાલક્ષ્મી લેઆઉટ ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. મહાલક્ષ્મી પોલીસે સૌંદર્યા જગદીશ આત્મહત્યાનો કેસ નોંધ્યો છે. તેમના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે તેમના ઘરે રાખવામાં આવ્યો છે. ઈન્ડિયા ટીવીના ટી રાઘવને અહેવાલ આપ્યો છે કે સૌંદર્યા જગદીશને નાણાંનું મોટું નુકસાન થયું છે, જેના કારણે બેંકે તેના ઘર સહિત તેની સંપત્તિ જપ્ત કરવાનું શરૂ કર્યું અને તેના કારણે પ્રખ્યાત ફિલ્મ નિર્માતાએ આત્મહત્યા કરી.

કન્નડ ફિલ્મ પ્રોડ્યુસર સૌંદર્ય જગદીશનું નિધન થયું છે. સૌંદર્યા જગદીશના મૃત્યુના સમાચારથી સમગ્ર કન્નડ ઉદ્યોગમાં શોક છવાઈ ગયો છે. ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક થારુન સુધીરે એક્સ (અગાઉ ટ્વિટર) પર દિવંગત ફિલ્મ નિર્માતાને શ્રદ્ધાંજલિ આપી અને લખ્યું, 'સૌંદર્યા જગદીશ સરના આકસ્મિક નિધન વિશે સાંભળીને ખૂબ જ દુઃખ થયું. કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમની હાજરી હંમેશા યાદ રાખવામાં આવશે. તેમના પરિવાર અને પ્રિયજનો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું.

ફિલ્મ નિર્માતા સૌંદર્યા જગદીશના નિધન બાદ તેના મિત્ર શ્રેયસે વાત કરતા કહ્યું, 'જગદીશનું મૃત્યુ આત્મહત્યાથી થયું હતું. અમે તેને હોસ્પિટલ લઈ આવ્યા પરંતુ ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો. તમને જણાવી દઈએ કે કન્નડ ફિલ્મ પ્રોડ્યુસર સૌંદર્ય જગદીશને કોઈ સ્વાસ્થ્ય સમસ્યા નહોતી. તેના મિત્રએ તાજેતરમાં જ જગદીશને બેંક નોટિસ મોકલવામાં આવી હોવાનો દાવો કર્યો હોવાના સમાચાર પર તેણે કહ્યું, 'ના, તેની સાથે તેને કોઈ લેવાદેવા નથી. આ સમસ્યા છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે, પરંતુ આ મુદ્દાઓ ખૂબ જ અલગ છે.

તમને જણાવી દઈએ કે જગદીશે ઘણી લોકપ્રિય કન્નડ ફિલ્મો બનાવી છે, જેમાં 'અપ્પુ પપ્પુ', 'મસ્ત માજા માડી', 'સ્નેહિતરુ' અને 'રામલીલા' વગેરેનો સમાવેશ થાય છે.

# રોહિતે ટી-૨૦ ક્રિકેટમાં પોતાની ૫૦૦ સિક્સર પણ પૂરી કરી : ભારતનો પ્રથમ ખેલાડી

ચેન્નાઈ

આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમો આમને-સામને છે. બંને ટીમો વચ્ચેની આ મેચની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આ મેચમાં ઘણા રેકોર્ડ બન્યા હતા. આ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન અને ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માએ એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો. ચેન્નાઈ સામેની મેચમાં તે શાનદાર ફોર્મમાં જોવા મળ્યો હતો. આ મેચમાં રોહિત શર્માએ પણ ઘણા રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ટી-૨૦ ક્રિકેટમાં પોતાની ૫૦૦ સિક્સર પણ પૂરી કરી હતી. આવું કરનાર તે ભારતનો પ્રથમ ખેલાડી બની ગયો છે. આ પહેલા કોઈ ભારતીયે આ કારનામું કર્યું નથી. રોહિત શર્મા તેની લાંબી હિટિંગ પાવર માટે જાણીતો છે. આ કારણે તેને હિટમેન પણ કહેવામાં આવે છે.

રોહિત શર્માએ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ત્રીજો સિક્સ ફટકારતાની સાથે જ ટી ૨૦ ક્રિકેટમાં પોતાની ૫૦૦ સિક્સર પૂરી કરી લીધી. તેણે રવિન્દ્ર જાડેજાની બોલિંગ પર આ સિદ્ધિ મેળવી હતી. અ ા પહેલા વિશ્વ ક્રિકેટમાં અ ા વ ા માત્ર ચાર બેટ્સમેન હતા. જેણે ટી-૨૦ ક્રિકેટમાં ૫૦૦ છગ્ગા પૂરા કર્યા છે. રોહિત શર્મા આવું કરનાર ૫મો ખેલાડી બની ગયો છે. આ યાદીમાં ક્રિસ ગેલનું નામ પ્રથમ સ્થાન પર છે. તેણે ટી ૨૦ ક્રિકેટમાં ૧૦૦૦થી વધુ સિક્સર ફટકારી છે.



# એક સમયે પશ્ચિમના દેશોથી પણ વધુ બોલ્ડ હતું ઈરાન

## એક ક્રાંતિથી બની ગયો કટ્ટર ઈસ્લામિક દેશ



ઈઝરાયલ

ઈઝરાયલ પર હૂમલા બાદ મધ્ય પૂર્વમાં તણાવ વધી ગયો છે. ઈરાનના ઈઝરાયલ સાથે સાથે અમેરિકાને પણ ચેતવણી આપી છે. ઈરાન આજે કટ્ટર મુસ્લિમ દેશ છે. પરંતુ એક સમય એવો હતો કે જ્યાં પશ્ચિમી દેશો કરતા પણ વધુ બોલ્ડનેસ છે.

આજે જે ઈરાન છે તે કેટલાક દસકા પહેલા એવો દેશ ન હતો. ઈરાનની ઈઝરાયલ સાથે અને અમેરિકા સાથે પણ સારી મિત્રતા હતી. પરંતુ આજે તે એક કટ્ટર દેશ બની ગયો છે. જ્યાં હિજાબ ન પહેરવા પર પણ સજા અપાય છે. ૭૦ના દાયકામાં ઈરાન એટલું બોલ્ડ હતું જેટલા આજે પશ્ચિમના દેશો છે. લોકોને ખાવા પીવા અને પહેરવા ઓઢવા પર કોઈ રોકટોક ન હતી. તેની આ બોલ્ડનેસનું કારણ રેજા શાહ પહેલવી હતી. ૧૯૩૬માં પહેલવી વંશના રેજા શાહે હિજાબ અને બુરખા પર પ્રતિબંધ મુકી દીધો હતો. મહિલાઓની આઝાદીના હિસાબે આ એક ક્રાંતિકારી પગલું હતું.

તેમના પછી તેમના દિકરા રેજા પહેલવી ઈરાનના શાસક બન્યા હતા. પરંતુ ૧૯૪૯માં નવપં સંવિધાન લાગુ થઈ ગયું. ૧૯૫૨ માં મોહમ્મદ મોસદ્દિક પ્રધાનમંત્રી બન્યા. ૧૯૫૩માં જ તેમનો તખ્તાપલટ થઈ ગયો. તેમના બાદ રેજા પહેલવી જ દેશના સર્વેસર્વા બની ગયા. રેજા પહેલવીને જનતા અમેરિકાની કઠપૂતળી કહેવા લાગ્યા. તે સમયે તેમના વિરોધી આયાતુલ્લાહ રહોલ્લા ખોમૈની હતી. ૧૯૬૪માં પહેલવીએ ખોમૈનીને દેશ નિકાલ કરી દીધા. ૧૯૬૩ માં પહેલવીએ ઈરાનમાં શ્વેત ક્રાંતિનું એલાન કર્યું. આર્થિક અને સામાજીક સુધાર માટે આ ખૂબ મોટુ એલાન હતું. પરંતુ તે ઈરાનને પશ્ચિમી મૂલ્યો તરફ લઈ જઈ રહ્યા હતા. જેથી તેમનો વિરોધ શરૂ થયો.

૧૯૭૩ માં આતરાર્ષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત ઘટવા લાગી. તેનાથી ઈરાનની અર્થવ્યવસ્થા ઠેબે ચઢી. ૧૯૭૮ સપ્ટેમબરમાં જનતાનો ગુસ્સો તુંટી પડયો. પહેલવી વિરૂધ્ધ મોટા પાયે પ્રદર્શન થવા લાગ્યા. મૌલવીઓને ફ્રાંસમાં બેઠા આયાતુલ્લાહ ખોમૈની પાસેથી નિરેદેશ મળતા હતા. થોડા સમયમાં હાતલ બદતર થઈ ગઈ. ૧૬ જાન્યુઆરી ૧૯૭૯માં રેજા પહેલવી પોતાના પરિવાર સાથે અમેરિકા જતા રહ્યા. જતા જતા તેમણે વિપક્ષી નેતા શાપોર બખ્તિયારને અંતરિમ પ્રધાનમંત્રી બનાવી દીધા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજી ચૂંટણીલક્ષી સમીક્ષા કરાઈ





દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર લોકસભા મત વિસ્તાર માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલ ખર્ચ નિરીક્ષક એટલે કે એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર અવિજીત મિશ્રાએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાત લીધી હતી અને જિલ્લા સેવા સદનના સભાખંડ ખાતે તમામ નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજી ચૂંટણીલક્ષી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

બેઠકમાં નિરીક્ષકને નોડલ અધિકારીઓની કામગીરી, ખર્ચ મોનિટરિંગ અંતર્ગત નિમવામાં આવેલ ફલાઈંગ સ્કવોડ, એસ.એસ.ટી, વી.એસ.ટી. ચેક પોસ્ટની વિગતો, ન્યુઝ મોનિટરિંગ સહિતની બાબતોથી ખર્ચ નિરીક્ષણ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણીએ પ્રેઝન્ટેશનના માધ્યમથી માહિતગાર કર્યા હતા.

નિરીક્ષકએ પણ વિવિધ નોડલ અધિકારીઓ દ્વારા હાથ ધરાયેલ કામગીરી તથા તૈયારીઓની સમીક્ષા કરી હતી અને જણાવ્યું હતું કે કોઈપણ ચૂંટણી માટે સચોટ મોનિટરિંગ ખૂબ જ મહત્વનું હોય છે.દરેકને સોંપવામાં આવેલ ફરજો સુપેરે પાર પાડી શાંતિપૂર્ણ વાતાવરણમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તેવા સંનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવે તે જરૂરી છે.

બેઠક પૂર્વે ખર્ચ નિરીક્ષક મિશ્રાએ જિલ્લા સેવા સદન ખાતે કાર્યરત મીડિયા મોનિટરિંગ સેન્ટર, ખર્ચ દેખરેખ નિયંત્રણ સેલ તથા કંટ્રોલ રૂમની મુલાકાત લઈ જરૂરી નિરીક્ષણ કર્યું હતું તેમજ અત્રે હાથ ધરવામાં આવતી કામગીરીની વિગતો મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ બેઠકમાં જામનગર લોકસભા મતવિસ્તારના રિટર્નીંગ ઓફિસર અને જિલ્લા કલેક્ટર જામનગર બી. કે.પંડ્યા, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દેવભૂમિ દ્વારકા જી. ટી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.ધાનાણી, પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે. ડી. પટેલ સહિત જિલ્લાના તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરને આંગણે અમૂલ્ય અવસર - પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી દ્વારા અમૃતમય સત્સંગ

જામનગર : જામનગરનું અહોભાગ્ય છે કે આત્મજ્ઞાની ગુરુ, આધ્યાત્મિક આષર્દ્રષ્ટા, માનવતાના અધિનાયક, શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશજીની પાવન પધરામણી અહીં થનાર છે. જેમની કલ્યાણકારી વાણી વિશ્વભરના લાખો લોકોને શાશ્વત શાંતિ અને અનંત સુખ પ્રત્યે દોરી રહી છે, તે ગુરુદેવ રાકેશજીના સત્સંગનો લાભ જામનગરવાસીઓને તા. ૨૨ મી એપ્રિલ, સોમવારે સાંજે ૮:૦૦ થી ૧૦:૦૦ દરમિયાન, વિશ્વકર્મા હોલ, પટેલ કોલોની શેરી નં.૧૨, ગાંધીનગર મેઈન રોડ, જામનગરમાં મળવાનો છે.

૧૫૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરસ્વામીના સનાતન માર્ગના પ્રવર્તક અને ઉદ્ધારક, દિવ્ય દ્રષ્ટા, આત્મજ્ઞાની સંત, મૂર્તિમાન અધ્યાત્મ, તીવ્ર પ્રજ્ઞાવંત શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મપ્રાપ્તિનો માર્ગ ઉદ્દ્ઘાટિત કર્યો. તેઓશ્રીનો બોધ જેના અણુએ અણુમાં ધબકે છે, એવું આંતિરક રૂપાંતરણ માટે કાર્યરત એક આધ્યાત્મિક અભિયાન - શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર વિશ્વના પાંચ ખંડોમાં ૨૦૬ કેન્દ્રો દ્વારા પ્રવર્તમાન છે.

પૂજ્ય ગુરુદેવ રાકેશજીની અવિરત કરુણાનું સાકાર રૂપ છે, વિશ્વવ્યાપી સામાજિક અભિયાન 'શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કેર', જે નિષ્કામ સેવા દ્વારા અભાવગ્રસ્ત લોકોને શાતા પહોંચાડે છે. તેઓ વિશ્વભરમાં આવેલ ૯૬ યુથ ગ્રુપ દ્વારા હજારો યુવાનોને પાંચ 'એસ' કાર્યક્રમ - સત્સંગ, સાધના, સેવા, સંસ્કૃતિ અને સ્પોર્ટસના માધ્યમથી ઉચ્ચ જીવનલક્ષ તરફ દોરી રહ્યા છે અને શ્રીમદ્ રાજચંદ્ર ડિવાઈન ટચના માધ્યમથી વિશ્વભરમાં ૨૫૨ થી વધુ મૂલ્ય શિક્ષણકેન્દ્રો બાળકોનું ઘડતર કરી રહ્યા છે.

કૂવો તરસ્યા પાસે જાય એ રીતે ગુરુદેવ રાકેશજી ધર્મયાત્રાના માધ્યમથી વિશ્વભરમાં જિજ્ઞાસુ જીવોને દર્શન-બોધાદિનો અપૂર્વ લાભ બક્ષે છે. ધર્મયાત્રા દરમ્યાન તેઓ સત્સંગ, સમાગમ, પ્રતિષ્ઠા, પધરામણી ઈત્યાદિની લહાણી દ્વારા મુમુક્ષુઓનાં જીવનમાં અધ્યાત્મનું બળ ભરી, તેમનું ઉચ્ચ ધ્યેય તરફ આરોહણ કરાવે છે. તો સર્વ જામનગરવાસીઓને ભાવભીનું આમંત્રણ છે આ અધ્યાત્મ વર્ષામાં શીતળ થવા અને જીવનમાં સુખનો શાશ્વત સૂર્ય ઉગાડવા. વધુ માહિતી માટે ધીરુભાઈ શિંગાળા – ૯૮૨૪૨૨૬૭૨૬, જીતુભાઈ મહેતા – ૯૪૦૮૨૪૮૨૧૮નો સંપર્ક કરવો

# જામનગરમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સર્ટીફીકેટ અર્પણ કાર્યક્રમ યોજાયો



જામનગરઃ જામનગર રેડક્રોસ દ્વારા કાર્યરત એલ્ડરથી શોમકર આસિસ્ટન્ટ કોઇના ગાલીમાર્થીઓને ટીફીકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. રેડક્રૉસના ચેરમેન બિપીનભાઈ ઝવેરી ના માર્ગદર્શન હેડળ જિલ્લા શાખો દ્વારા અનેક પ્રકારની જુદી જુદી સેવા પ્રવૃત્તિ અને પ્રોજેક્ટ ચાલી રહ્યા છે.ન પાજક્ટ અંતર્ગત ડો.કલ્પનાને બઠરીયા ની દેખરખ હેઠળ ખેડરલી. હોમકેર આસિસ્ટન્ટ કોર્પના તાલીમાર્થીઓએ બે મહિનાનો કાર્ય પૂર્ણ કરતા "સિફિકેટ અર્પણ કાર્યક્રમ મોજાથી હતો.

બિમાર અથવા વૃદ્ધ વ્યક્તિની સારસંભાળ માટે તાલીમબદ્ધ હોમ કેર ટેકર તૈયાર કરવાના હેતુ સાથે જામનગર ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ૧૮ થી ૪ વર્ષના યુવક યુવતીઓ માટે બે મિનાનો એલ્ડરથી હોકર આસીસ્ટન્ટ કોર્પો ચલાવવામાં આવે છે. આ કોર્ષ દ્વારા સારા હોમકેર ટેકર તૈયાર કરી બીમાર અથવા વૃદ્ધ વ્યક્તિની સારસંભાળ માટે ક્વોલિફાઈડ માણસ ઉપલબ્ધ કરવાનો છે. સેવા સાથે બરાબરાય રાવારીની તકો મળી રહે તે ઉદ્દેશ્ય સાથેના કાર્ય રાફ કવામાં આવ્યો છે.

એલ્ડરલી હોકર આસિસ્ટન્ટ માટેના બે મહિનાના આ કોર્ષની બે બેચ પૂર્ણ થતાં ૬૦ યુવક યુવતીઓને રેડક્રોસ અને રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સરકાર માન્ય સર્ટીફિકેટ આપવામાં આવ્યો હતો. જે સર્ટિફિકેટ દેશ વિદેશમાં પણ કેરટેકર તરીકેની નોકરી માટે ઉપયોગી સાબિત થશે.

બે મહિનાના આ કાર્યમાં થિયરી ઉપરાંત પ્રેક્ટિકલ નાલીય તથા દરેકને સ્ટાઈપન્ડ ના રૂપિયા ૬૦૦ સરકારી યોજના દ્વારા પણ આપવામાં આપવામાં આવ્યા હતા. એક મિહનો ક્લાસરૂમ તાલીમ અને એક મહિનો ગુરુ ગોવિંદસિં (જી.જી.) હોસ્પિટલમાં પ્રાયોગિક કામ માટે પ્રક્ટિકલમાં મોકલી જેમાં આરોગ્યની સારસંભાળ, સારસભાળ આપનારની ગુણવત્તા આવડતો અને જવાબદારીઓ, નાળી ધબકારા તાપમાન અને લોહીનું દબાણ માપવાની ચોક્કસ રીતો, શરીરની રચના શરીર વિજ્ઞાન, રોગોની જાણકારી, તબીબી સાધનોની જાણકારી, દવાઓ આપવાની રીત, રિશયા, યોગાસન, માનસિક આરોગ્ય, કોમ્યુનિકેશન, ઈમરજન્સી નંબર વગેરે દરેક બાબતોની પ્રેક્ટિકલ તાલીમ પણ નિષ્ણાત ફેકલ્ટી ટીમ રંજનીબેન, પરષોત્તમભાઈ અજુષા, વિરમભાઈ સોઢા, આંનંદભાઈ દવે, નીતિનભાઈ પરમાર, ડો. શિવાનીબેન ભે, ડો.સુરેશભાઈ ઠાકર, ડો.ભાર્ગવ ત્રિવેદી,ડો.જીતલ અગાવન દ્વારા આપવામાં આવી હતી.

# જામનગર જિલ્લામાં આગામી તહેવારોને અનુલક્ષીને હથિયારબંધી જાહેર કરાઈ

જામનગર : આગામી દિવસોમાં રામનવમી, આંબેડકર જયંતિ, મહાવીર જયંતી જેવા તહેવાર તેમજ લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ યોજાનાર હોય જેને ધ્યાને લેતા જામનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સમગ્ર જિલ્લામાં આગામી તા. ૦૯-૦૫-૨૦૨૪ સુધી હથિયારબંધી જાહેર કરવામાં આવી છે.


આ સમયગાળા સુધી કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, લાઠી તેમજ શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધન, કોઈપણ પ્રકારના ક્ષયકારી અને સ્ફોટક દારૂગોળો જેવા પદાર્થો, પથ્થરો અને ફેંકી શકાય તેવી વસ્તુઓ, ધકેલવાના યંત્રો, મનુષ્ય અથવા તેના શબ, આકૃતિઓ કે પૂતળાં દેખાડવા કે બાળવા, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા, ટોળામાં ફરવું, પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપિંગ મોલ, સિનેમા હોલ અને એમ.પી. શાહ મ્યુનિ. ટાઉનહોલમાં પ્રવેશ કરવો- આવી તમામ પ્રવૃતિઓ પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન.ખેર, જામનગર દ્વારા પ્રતિબંધ લગાવવામાં આવેલ છે. આ જાહેરનામાંનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા, ઓછામાં ઓછાં ૪ મહિનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે.

આ જાહેરનામું ફરજ પરના હાજર અધિકારીઓ, કર્મચારીઓ, હોમ ગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો જેઓને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ જેઓ હથિયાર ધરાવતા હોય, શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓ, પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજા, યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલા હોય, પોલીસ અધિક્ષક અથવા તેમણે નિયુક્ત કરેલા અધિકારીની કાયદેસરની પરવાનગી મેળવેલી હોય અને કિરપાણ રાખેલા શીખને લાગુ પડશે નહિ.

# જામનગરમાં ભવન્સ એ. કે. દોશી મહિલા કૉલેજ ખાતે મતદાર જાગૃતિ વિષય પર ઈ-પોસ્ટર સ્પર્ધા યોજાઈ








જામનગર : ભવન્સ એ. કે. દોશી મહિલા કૉલેજ, જામનગરના એન.એસ.એસ.પ્રવૃતિઓ અંતર્ગત જિલ્લા ચૂંટણી શાખા જામનગર આયોજિત અને ડૉ. ચેતનાબેન ભેંસદડિયાના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ વિષય પર ઈ-પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મેતર ઈકરા ઈમરાનભાઈ, દ્વિતિય ક્રમે કાછડિયા ક્રિષ્ના બાબુભાઈ તેમજ તૃતીય ક્ર્મે નકુમ મહેક તરુણભાઈ વિજેતા રહ્યા હતા. આ તમામે મારો મત, મારો અધિકાર, લોકતંત્રનો ભાગ્ય વિધાતા હોય છે જાગૃત મતદાતા, તમારો મત ભવિષ્યને સશક્ત બનાવે છે, મત એ તમારો અધિકાર માત્ર નહીં તમારી શક્તિ પણ છે, તમારા મતનું મુલ્ય સમજી જવાબદાર નાગરીક બનો સહિતના સ્લોગનનો ઉપયોગ કરી આકર્ષક પોસ્ટર બનાવી મતદાર જાગૃતિ અંગેનો અનેરો પ્રયાસ હાથ ધર્યો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ.ધર્મિષ્ઠા કરડાણીએ સેવા આપી હતી તેમજ એન. એસ. એસ. પ્રો. ઓફિસર જિતેન્દ્ર સોઢાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

# સલાયા લોહાણા મહાજન દ્વારા રઘુવંશી સમાજની પારણાંની નાતનુ ભવ્ય આયોજન

સલાયા : સલાયા લોહાણા મહાજન દ્વારા આવનારી તારીખ ૧૮ નાં ગુરુવારના રોજ સલાયા લોહાણા મહાજનવાડીમાં બપોરે ૧ વાગ્યે લોહાણા સમાજ, સારસ્વત મહાસ્થાન, બ્રહ્મસમાજ,રાજગોર સમાજ તથા સાધુ સમાજનું સમૂહ પારણાની નાત (જ્ઞાતિ ભોજન)નું ભવ્ય આયોજન સમસ્ત રઘુવંશી સમાજના સાથ સહકારથી કરવામાં આવ્યું છે. જેમાં જૂના રિવાજ મુજબ પંગતમાં બેસાડીને જ્ઞાતિ ગંગાને પ્રસાદ લેવડાવવામાં આવશે.આં જ્ઞાતિ ભોજનને સફળ બનાવવા સલાયા જલારામ સેવા સમીતી તેમજ વીરબાઈ માં મહિલા મંડળના બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# જામનગરમાં નવા આવનાર કાયદાની જાણકારી અંગે પોલીસ અધિકારીઓને અપાઈ સમજણ




જામનગર : આગામી જુલાઈ માસથી અમલમાં આવી રહેલા નવા કાયદાની સમજ આપવા માટે ગઈકાલે વકીલોની પોલીસ અધિકારી સાથે બેઠક યોજાઈ હતી, જેમાં પોલીસ અધિકારીઓને નવા કાયદા વિશેની જાણકારી આપવામાં આવી હતી.

ડાયરેકટર ઓફ પ્રોસીક્યુશનની કચેરીના આદેશ અનુસાર આગામી તાં. ૧/૭/૨૦૨૪ ના રોજ અમલમાં આવનાર નવા કાયદા અનુસંધાને જામનગર પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂના માર્ગદર્શન હેઠળ જિલ્લા સરકારી વકીલ જમનભાઈ ભંડેરીના અધ્યક્ષ સ્થાને તથા જયવીરસિંહ ઝાલા નાયબ પોલીસ અધિક્ષકની સહ-અધ્યક્ષતામાં પોલીસ હેડ કવાર્ટર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરો, તપાસ કરનાર અધિકારીઓ/કર્મચારીઓ મળી આશરે ૧૦૦ લોકોએ ભાગ લીધો હતો. અને લાગુ થવામાં આવનાર નવા કાયદાઓ વિષે ચર્ચા-વિચારણા કરી હતી. અને પબ્લિક પ્રોસીક્યુટર દ્વારા નવા કાયદા વિષે પોલીસ અધિકારીઓ/કર્મચારીઓને સમજ કરવામાં આવી હતી.

# નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને વિનામુલ્યે સર્વરોગ નિદાન અને સારવારનો મેગા કેમ્પ

જામનગર : જામનગરના વનીતાબેન વિશ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી નટુભાઈ ત્રિવેદીના સહકાર દ્વારા તારીખ ૧૮-૦૪-૨૦૨૪ ગુરૂવાર, શ્રી દયારામ લાયબ્રેરી, રણજીત રોડ, ગ્રેઈન માર્કેટ પાસે, જામનગર, સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને વિનામુલ્યે નિદાન અને સારવારનો મેગા કેમ્પોનું આયોજન થયેલ છે.

આ કેમ્પમાં ડો. હિરાબેન જોશી દ્વારા સર્વરોગ નિદાન અને સારવાર સાથે મફત દવા આપશે. ડો. જયસુખ મકવાણા (ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટની ટીમ દાંતની તપાસ કરી હલતા દાંત જલંધર પધ્ધતિથી દુઃખાવા વગર કાઢી આપશે. કાળા દાંત સફેદ કરવા દવા આપશે અને દાંતના ચોકઠા રાહત ભાવે બનાવી ફીટ કરી આપશે. આંખના મોતિયાના દર્દીને દાકતર દ્વારા તપાસી આંખના મોતીયાના ઓપરેશન માટે ઓપ્ટોમેટ્રીકસ પૃથ્વીરાજસિંહ જાડેજા દ્વારા તપાસ કરી રાજકોટ શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ કેમ્પ પુરો થયે મોકલી મફતમાં નેત્રમણી બેસાડી આપવામાં આવશે. તદુપરાંત નાડીવૈધ શ્રી અજીતકુમાર દર્દીઓના શારિરીક દુઃખાવાને તપાસી સારવાર આપશે. આ કેમ્પનો વિશાળ સંખ્યામાં લાભ લેવા પ્રફુલ્લભાઈ શેઠ, જીવદયા પરીવાર સેવા સંસ્થા તથા વી. વી. ત્રિવેદી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી નટુભાઈ ત્રિવેદી (મો. ૯૯૯૮૦ ૯૫૨૧૦) દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

# ખંભાળિયામાં લાયન્સ કલબ દ્વારા રક્તદાન કેમ્પમાં ૭૦ બોટલ રકત એકત્ર થયું



ખંભાળિયા : દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા શહેરમાં આવેલા નગર ગેઈટ વિસ્તારમાં આવેલી શેઠ કાનજી ચતુ ધર્મશાળા ખાતે તાજેતરમાં સ્વ. રામભા ખીમભા બાબરિયા પરિવારના સહયોગથી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. સાથે લોહાણા મિત્રમંડળ અને શિવમ્ ગ્રુપ દ્વારા આયોજિત આ રક્તદાન કેમ્પમાં ૭૦ બોટલ રક્ત એકત્ર થયું હતું. દરેક રક્તદાતાઓને આકર્ષક સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યું હતું. અહીંના સેવાભાવી યુવાન પંકજ બાબરિયા તેમજ અન્ય સહયોગી કાર્યકરો દ્વારા આયોજિત આ કેમ્પમાં ૯૧મી વખત રકતદાન કરવા સબબ પંકજભાઈ બાબરિયાની આ સેવા પ્રવૃતિને ઉપસ્થિત સૌ કોઈએ બિરદાવી હતી. આ આયોજનમાં મોટી સંખ્યામાં આગેવાનો, હોદ્દેદારો તેમજ કાર્યકરો ખાસ ઉપસ્થિત રહયાં હતાં. આ સેવાકાર્યમાં સહયોગી દરેક રક્તદાતાઓનો આયોજકો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સિદ્ધ કુંજિકા સ્તોત્રમ્

ઓં અસ્ય શ્રીકુંજિકાસ્તોત્રમંત્રસ્ય સદાશિવ ઋષિઃ, અનુષ્ટુપ્ છંદઃ,
શ્રીત્રિગુણાત્મિકા દેવતા, ઓં ઐં બીજં, ઓં હ્રીં શક્તિઃ, ઓં ક્લીં કીલકમ્,
મમ સર્વાભીષ્ટસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ।
શિવ ઉવાચ
શૃણુ દેવિ પ્રવક્ષ્યામિ કુંજિકાસ્તોત્રમુત્તમમ્।
યેન મંત્રપ્રભાવેણ ચંડીજાપઃ શુભો ભવેત્॥ ૧॥
ન કવચં નાર્ગલાસ્તોત્રં કીલકં ન રહસ્યકમ્।
ન સૂક્તં નાપિ ધ્યાનં ચ ન ન્યાસો ન ચ વાર્ચનમ્॥ ૨॥
કુંજિકાપાઠમાત્રેણ દુર્ગાપાઠફલં લભેત્।
અતિ ગુહ્યતરં દેવિ દેવાનામપિ દુર્લભમ્॥ ૩॥
ગોપનીયં પ્રયત્નેન સ્વયોનિરિવ પાર્વતિ।
મારણં મોહનં વશ્યં સ્તંભનોચ્ચાટનાદિકમ્।
પાઠમાત્રેણ સંસિદ્ધ્યેત્ કુંજિકાસ્તોત્રમુત્તમમ્॥ ૪॥
અથ મંત્રઃ।
ઓં ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે।
ઓં ગ્લૌં હું ક્લીં જૂં સઃ જ્વાલય જ્વાલય જ્વલ જ્વલ પ્રજ્વલ પ્રજ્વલ
ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે જ્વલ હં સં લં ક્ષં ફટ્ સ્વાહા॥ ૫॥
ઈતિ મંત્રઃ।
નમસ્તે રુદ્રરૂપિણ્યૈ નમસ્તે મધુમર્દિનિ।
નમઃ કૈટભહારિણ્યૈ નમસ્તે મહિષાર્દિનિ॥ ૬॥
નમસ્તે શુંભહંત્ર્યૈ ચ નિશુંભાસુરઘાતિનિ।
જાગ્રતં હિ મહાદેવિ જપં સિદ્ધં કુરુષ્વ મે॥ ૭॥
ઐંકારી સૃષ્ટિરૂપાયૈ હ્રીંકારી પ્રતિપાલિકા।
ક્લીંકારી કામરૂપિણ્યૈ બીજરૂપે નમોઽસ્તુ તે॥ ૮॥
ચામુંડા ચંડઘાતી ચ યૈકારી વરદાયિની।
વિચ્ચે ચાભયદા નિત્યં નમસ્તે મંત્રરૂપિણિ॥ ૯॥
ધાં ધીં ધૂં ધૂર્જટેઃ પત્ની વાં વીં વૂં વાગધીશ્વરી।
ક્રાં ક્રીં ક્રૂં કાલિકા દેવિ શાં શીં શૂં મે શુભં કુરુ॥ ૧૦॥
હું હું હુંકારરૂપિણ્યૈ જં જં જં જંભનાદિની।
ભ્રાં ભ્રીં ભ્રૂં ભૈરવી ભદ્રે ભવાન્યૈ તે નમો નમઃ॥ ૧૧॥
અં કં ચં ટં તં પં યં શં વીં દું ઐં વીં હં ક્ષમ્।
ધિજાગ્રં ધિજાગ્રં ત્રોટય ત્રોટય દીપ્તં કુરુ કુરુ સ્વાહા॥ ૧૨॥
પાં પીં પૂં પાર્વતી પૂર્ણા ખાં ખીં ખૂં ખેચરી તથા।
સાં સીં સૂં સપ્તશતી દેવ્યા મંત્રસિદ્ધિં કુરુષ્વ મે॥ ૧૩॥
કુંજિકાયૈ નમો નમઃ।
ઈદં તુ કુંજિકાસ્તોત્રં મંત્રજાગર્તિહેતવે।
અભક્તે નૈવ દાતવ્યં ગોપિતં રક્ષ પાર્વતિ॥ ૧૪॥
યસ્તુ કુંજિકયા દેવિ હીનાં સપ્તશતીં પઠેત્ ?
ન તસ્ય જાયતે સિદ્ધિરરણ્યે રોદનં યથા॥ ૧૫॥
ઈતિ શ્રીરુદ્રયામલે ગૌરીતંત્રે
શિવપાર્વતીસંવાદે કુંજિકાસ્તોત્રં સંપૂર્ણમ્।

– નંદિની નાયડુ

# જામનગર જિલ્લામાં ઝોનલ ઓફિસર તરીકે નિમાયેલા અધિકારી-કર્મચારીઓને કાર્યપાલક મેજિસ્ટ્રેટની સત્તા

જામનગર : જામનગર જિલ્લામાં ચૂંટણી ફરજ માટે ઝોનલ ઓફિસર તરીકે નિયુક્ત કરાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેની સત્તાઓ સોંપવામાં આવી છે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના અનુસંધાને જામનગર જિલ્લામાં સમાવિષ્ટ મતદાન મથકો પર કામગીરી સરળતાથી થાય અને મતદાન સ્ટાફને માર્ગદર્શન મળી રહે તે હેતુથી અમુક મતદાન મથકો વચ્ચે ૧ (એક) ઝોનલ અધિકારીની નિમણૂક કરવામાં આવેલ છે. જે અધિકારીઓએન ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવેલ હોય અને તે પૈકી જે અધિકારી/કર્મચારીઓને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકાર મળેલા નથી તેઓને ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી પર સંપૂર્ણપણે નિયંત્રન રાખી શકે તે માટે સરકારના ગૃહ વિભાગના વંચાણે લીધેલ (૨) જાહેરનામા મુજબ ફોજદારી કાર્યરિતી ૧૯૭૩ની કલમ ૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ના અધિકારો મળવાપાત્ર થાય છે.

આ અધિકારો ભોગવવા માટેનો વિસ્તાર અને સમયગાળો નિશ્ચિત કરવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવેલ છે. આથી કર્મચારી/અધિકારીઓને ઝોનલ ઓફિસર તરીકે નિયુકત કરવમાં આવેલ છે અને તેઓને ૧૨-જામનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાના કાર્યક્ષેત્રમાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત તા. ૭-૫-૨૦૨૪ના રોજ થનાર મતદાનને ધ્યાનમાં રાખતા તા. ૪-૫-૨૦૨૪ થી તા. ૯-૫-૨૦૨૪ સુધીના સમયગાળા માટે તેઓને ફાળવવામાં આવેલ મતદાન મથકોના રૂટના વિસ્તારો માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના સરકારએ આપેલ અધિકારો ભોગવવા અધિકૃત કરવામાં આવે છે.

આ કર્મચારી/કર્મચારીઓ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારોનો ઉપયોગ ફક્ત ચૂંટણીલક્ષી કામગીરી માટેજ કરવાનો રહેશે. ઝોનલ ઓફિસર તરીકેની ફરજમાંહી મુક્ત થયે આપોઆપ અધિકાર સમાપ્ત થયેલ ગણાશે. તેમ જિલ્લા મેજીસ્ટ્રેટ બી. કે. પંડયા દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશમાં જણાવવામાં આવ્યું છે.

**૭૬ કાલાવડ લોકસભા મતવિસ્તાર**

વાધેલા મનોજભાઈ ભીખુભાઈ, રાવલ પ્રણવભાઈ ધીરેનભાઈ, રસિકભાઈ ડાયાભાઈ ભાગીયા, જે. આઈ. મકવા , એસ. બી. લિંબડ, બી. આર. પીઠીયા, એન. જી. મણવર, જી. એમ. ગાવિત, ડી. બી. મિયાત્રી, એ. આર. કણઝારીયા, ડી. એમ. વાસજાળીયા, જે. એમ. જાડેજા, આર. આર. ડાંગર, એસ. એન. આસોદરીયા, આર. એન. કથીરીયા, જી. જે. રાવલ, એમ.આર. મેનપરા, આર. કે. ઠાકર, એન. એમ. હિરપરા, પી. ડી. પરમાર, બી. પી. હાપલીયા, ડી. એચ. ભેડા, પી. એચ. વરૂ, જાદવ સુનિલભાઈ કરશનભાઈ, એન. ડી. બસીયા, પી. જે. ગજેરી, વી. જી. રાખોલીયા, બુસા દર્શન ધીરજભાઈ, જી. વી. કુવારદામ, પટેલ રજનીકાંત શંકરલાલ, એસ. કે. જોષી, કે. ડી. પટેલ, એસ. જી. ભેસાણીયા, એચ. એ. રાણા, એ.બી. મુંગરા, એસ. સી. બાંભણીયા, કે. એમ. રૂંધાણીને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકારો સોંપવામાં આવ્યા છે.

**૭૭ જામનગર ગ્રામ્ય**

વિનોદ તેજવાણી, કોટક સુમિત પી., બી. બી. ચૌહાણ, વિશાલ કુમાર ગાગલીયા, કનકસિંહ ઝાલા, સુરેશભાઈ ડાંગર, જીગર કે. ચૌધરી, નિતીન ગોઠી, એ. એમ. ગલાણી, એમ. આર. કાલરીયા, રવીભાઈ કે. પરમાર, બી. બી. ચૌહાણ, એમ. ડી. નારણીયા, એસ. એન. વેગડ, ડો. લલીતભાઈ ચૌહાણ, એન. એચ. રાઠોડ, પ્રદિપસિંહ બી. પરમાર, જીગ્નેશભાઈ બી. રાઠોડ, હિરેનભાઈ વઢવાણ, એસ. ઝેડ. પઠાણ, પી. એલ. ગામીત, એ. વી. નકુમ, આર. બી. ડાભી, દિપેશભાઈ બી. નથવાણી, કે. એમ. ચાવડા, એસ. એચ. ભંડેરી, એમ. એમ. નાથાણી, પ્રશાંત આર. સરસરીયા, એમ. એ. તરૈયા, એમ. એમ. બામરોટીયા, સુનિલભાઈ કે. લોહીયા, જયેશ ચાંદપા, કે. એમ. વેગડ, એ. એન. જોઈશેર, આર. જે. દત્તાણી, વિપુલભાઈ એમ. નાંદપરાને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકારો સોંપવામાં આવ્યા છે.

**૭૮ જામનગર ઉત્તર લોકસભા**

ચડાણીયા સંજયકુમાર, આર.એસ. ઓઝા, વી.એચ. નકુમ, કે. એમ. શેખ, ડો. પંડયા જીગ્નેશ હરકાંતભાઈ, એસ. જે. પારધી, વરૂણ જી. પુંગેરા, દિલીપભાઈ નકુમ, હિતેશભાઈ ભગવાનજીભાઈ પટેલ, દલવાડી મિતેશ મહેન્દ્રભાઈ, રીતેશકુમાર એચ. પ્રજાપતિ, સી.એચ. રાજાઈ, કે.ડી. સોલંકી, ધોળકીયા કેતન સી., વડાલીયા દીપ દિનેશભાઈ, ડી.ડી. ગોસાઈ, નિરવ હરેશભાઈ શાહ, બીરેન જે. પટેલ, પ્રતિક ડાભી, સી. કે. ચૌહાણ, ગલાણી હિમાંશુ નારણભાઈને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકારો સોંપવામાં આવ્યા છે.

**૭૯ જામનગર દક્ષિણ લોકસભા**

એ. એમ. કોડિનારીયા, એ. એન. ઠુમ્મર, એચ. બી. ગઢવી, એ. એન. કણસાગરા, એચ. બી. ડામોર, કે. પી. ચૌહાણ, એલ. કે. જેઠવા, ભાવીક ડી. મેધાણી, ચંદ્રેશ દવે, વી. વી. કપુર, હાર્દિક ભેંસદડિયા, પી. એસ. વાછાણી, એ. વી.નંદાણીયા, વી. એન. જોષી અને ધર્મેશ રાજયગુરૂને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકારો સોંપવામાં આવ્યા છે.

**૮૦ જામજોધપુર લોકસભા મત વિસ્તાર**

સુનિલકુમાર પી. મિશ્રા, નિકુંજ દવે, ડી. કે. ચૌધરી, એમ. ડી. ગાગલીયા, બી. જી. પેથાણી, આર. ડી. પરમાર, ડો. જગમાલ વી. કરંગીયા, યોગેશભાઈ ડેર, ઉદય વાય. ભગત, કે. બી. કમાણી, (જયદિપ એમ. અકબરી, જયવીરસિંહ ચુડાસમા, ડો. વ્યાસ વિરલ રશ્મિકકાંતભાઈ, ડો. કમલેશકુમાર ડી. શાહ., ડો. જયદીપ હસમુખભાઈ દેવમુરારી, ડો. આદિત્ય રમેશભાઈ વિરમગામા, ડો. ભાવિક મોહનભાઈ પંચાસરા, ડી. એમ. ધરસંડીયા, નીલેશભાઈ નગીનદાસ ઠકરાર, જી. જે. વાઘ, એમ. આર. કામરીયા, બી. પી. ભાલીયા, માણેક સમીર શામળજીભાઈ, જે.બી. વનરા, એ. જી. મલેક, ડી. જી. સોનાગરા, જય લાલકીયા, પી. જે. કણસાગરા, વાય. જી. ગુઢકા, રાજીત હરિશ્ચંદ્રભાઈ યાદવ, સ્વાગત એ. સંતોકી, વી. ડી. ગામી, એસ. પી. નકુમ, કે. જી. પટેલ, એ. એમ. દાઉદીયા, કાથરોટિયા નરેશભાઈ બાબુલાલ, પી. વી. પરમાર, સંદીપકુમાર એ. પટેલને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકારો સોંપવામાં આવ્યા છે.

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ વેસ્ટ જામનગર દ્વારા આજે બ્લડ કેમ્પનું આયોજન

જામનગર : જાયન્ટ્સ ગ્રુપ ઓફ જામનગર દ્વારા રામ નવમીના જામનગરમાં મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રકતદાન કેમ્પમાં યુવાન ભાઈ બહેનો બહોળી સંખ્યામાં રકતદાન કરે તેવો અનુરોધ જાયન્ટ્સ ગ્રુપ ઓફ વેસ્ટ જામનગરના પદાધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. જામનગર વેસ્ટ દ્વારા દરેક રક્તદાતાઓ ને સુંદર ગીફ્ટ.. નયન રમ્ય સર્ટિફિકેટ તથા આકર્ષક બ્લડ ગ્રૂપ કાર્ડ આપવામાં આવશે. તારીખ૧૭-૪-૨૦૨૪ બુધવારે, સવારે ૧૦: ૦૦ થી રાત્રીના ૧૨:૦૦ સુધી, સ્થળઃ લાખોટા તળાવની પાળ, જિલ્લા લાયબ્રેરી સામે, જામનગર.

# રામથી રામચંદ્ર બન્યા

ભક્તિપ્રસાદે કહયું, ''આ રામના બાળકપણનો કિસ્સો છે. રાણીબા કૌશલ્યા રામને રમાડતા રમાડતા મહેલની ભવ્ય અગાશી પર આવ્યા. આકાશમાં પૂનમનો ચંદ્ર ખિલ્યો હતો. રામજી પણ ખુશ હતાં. હસતા હતા અને એમની બાળદ્રષ્ટિ આકાશમાં ગોળ ગોળ ચાંદ પર ગઈ. પોતાના બન્ને હાથ ચંદ્ર તરફ લંબાવીને માંગવા લાગ્યા. મને ચંદ્ર આપો. કૌશલ્યાને પ્રશ્ન થયો. હવે શું કરીએ? રામ તો રડવા લાગ્યા. ચંદ્ર તરફ જોઈને માગવા લાગ્યા. મને તે ગોળ દડો આપો. થાળી આપો. અનેક વસ્તુ રામ પાસે ધરી પરંતુ રામ છાના રહે જ નહીં. કૌશલ્યા તો થાકી ગયા અને ગભરાઈ ગયા. હવે શું કરૂં? ત્યારે જ કૌશલ્યા દેવીને યાદ આવ્યું કે, મંથરા દાસી જે વધારે રામ પ્રત્યે સ્નેહ રાખે છે. એ સ્વરૂપવાન તો ખરી પણ કુબડી હતી. એની વાણી નર્મલિ તેજાબી હતી. મંથરા તરત જ અગાશી પર દોડતી આવી ગઈ. રામ તો રડી રડીને થાકી ગયા હતા. હાથ ઊંચા કરીને ચંદ્રમાને હાથમાં પકડવાની હઠ કરીને બેઠા હતા. મંથરા કૌશલ્યા પાસેથી રામને ખોળામાં લઈને બોલી, ''અમારા રામને ચંદ્ર જોઈએ છે. પણ એ તો ઘણો દૂર છે. આપણે એને પાસે બોલાવીશું. તમે જરા છાના થઈ જાવ.'' અને ખરેખર રામે રડવાનું બંધ કરી દીધું. ચંદ્ર તરફ જોવા લાગ્યા.

મંથરા રામને કૌશલ્યાને ખોળામાં આપી તરત જ રસોડામાં ગઈ. એક મોટી કથરોટ અને પાણી ભરેલો ઘડો લાવી. અગાશી વચ્ચે કથરોટ મૂકી અને ઘડાનું પાણી કથરોટમાં નાખતાની સાથે જ આકાશમાંના ચંદ્રનું પ્રતિબિંબ આખુંને આખું કથરોટમાં પ્રવેશ્યું. ઉપરનો ચંદ્ર નીચે આવ્યો. રામને કથરોટ પાસે બેસાડયા અને આખું ચંદ્રબિંબ કથરોટમાં જોઈને રામ હસવા લાગ્યા. બધાને બતાવવા લાગ્યા રામ મારા હાથમાં છે. આમ, શિશુરામ હસવા લાગ્યા. મંથરાની કુશાગ્ર બુધ્ધિ અને યુક્તિથી કૌશલ્યાએ પોતાના ગળામાંનો ચંદ્રહાર મંથરાને ભેટ આપ્યો. અને ત્યારથી રામને 'રામચંદ્ર' નામ આપ્યું.''

– જય શ્રી રામચંદ્ર

– નંદિની નાયડુ

# નેવીએ અરબી સમુદ્રમાં ૯૪૦ કિલો ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ પકડ્યું

## કેનેડાની આગેવાની હેઠળની કમ્બાઈન્ડ ટાસ્ક ફોર્સની મદદથી કાર્યવાહી કરવામાં આવી

ભારતીય નૌકાદળે પશ્ચિમી અરબી સમુદ્રમાં ૯૪૦ કિલો ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ જપ્ત કર્યું છે. કેનેડાની આગેવાની હેઠળની કમ્બાઈન્ડ ટાસ્ક ફોર્સ ની મદદથી આ કાર્યવાહી કરવામાં આવી છે. CTF ૧૫૦ એ CMF હેઠળના પાંચ ટાસ્ક ફોર્સમાંથી એક છે, જે વિશ્વની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય નૌકાદળ ભાગીદારી છે.

આ પહેલીવાર છે જ્યારે ભારતીય નૌકાદળ, કમ્બાઈન્ડ મેરીટાઈમ ફોર્સ ના સભ્ય તરીકે, ડ્રગ્સ રિકવર કરી છે, જેમાં ૪૫૩ કિલો મેથામ્ફેટામાઈન, ૪૧૬ કિલો હશિશ અને ૭૧ કિલો હેરોઈનનો સમાવેશ થાય છે. CMF એ ૪૨ દેશોની નૌકાદળ ભાગીદારી છે જેનો ઉદ્દેશ સમુદ્રમાં સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપીને આંતરરાષ્ટ્રીય નિયમો-આધારિત વ્યવસ્થા જાળવવાનો છે. ભારતીય નૌકાદળ ગયા નવેમ્બરમાં સીએમએફમાં જોડાયું હતું.

નૌકાદળના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળના માર્કો કમાન્ડોએ પશ્ચિમ અરબી સમુદ્રમાં દરિયાઈ સુરક્ષા કામગીરી માટે તૈનાત ભારતીય નૌકાદળના જહાજ INS તલવાર પર તૈનાત, ૧૩ એપ્રિલે, ઓપરેશન 'ક્રિમસન બેરાકુડા' હેઠળ



દરિયાઈ પેટ્રોલિંગ દરમિયાન, 'ધો' (સ્પેશિયલ ૯૪૦૦) પર હુમલો કર્યો હતો.

બોટમાંથી કિલો ડ્રગ્સ જપ્ત. સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા મુજબ દવાઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

કેપ્ટન કાલિન મેથ્યુ, રોયલ કેનેડિયન નેવી, કમાન્ડર, CTF ૧૫૦, "હું INS તલવારના ક્રૂને આ ઓપરેશન દરમિયાન તેમના પ્રયત્નો અને તેમની સખત મહેનતની પ્રશંસા કરું છું જેના પરિણામે ૯૪૦ કિલો ડ્રગ્સ સફળતાપૂર્વક જપ્ત કરવામાં આવ્યું હતું ૧૫ એપ્રિલે. તેનો ઉદ્દેશ પશ્ચિમ હિંદ મહાસાગર ક્ષેત્રમાં આતંકવાદી અને ગુનાહિત સંગઠનો દ્વારા દરિયાઈ દાણચોરીને રોકવાનો હતો.

# એલન મસ્કે X પર ભારત વિરૂધ્ધ કાવતરૂ ઘડનારા એકાઉન્ટ કર્યા બંધ

નવીદિલ્હી,

એલન મસ્કની ભારત યાત્રાને લઈને ઘણા સમાચાર સામે આવ્યા છે. એક્સ ટેક ઓવર કર્યા બાદ એલન મસ્કની એક્સ કંપનીએ ભારતમાં અંદાજે ૨.૧૩ લાખ એકાઉન્ટ પર બાન લગાવ્યો છે. આ ફેંસલો કંપનીની પોલીસીને ધ્યાનમાં લઈને લેવાયો છે. જેને કારણે તમામ લોકોને સતર્ક રહેવાની જરૂર છે. એક્સ તરફથી માહિતી આપવામાં આવી છે કે આ એકાઉન્ટ્સને બાન કરવાનો નિર્ણય લેવાયો છે. કારણકે તે



કંપનીની પોલીસીનું સતત ઉલ્લંઘન કરી રહ્યા હતા. કેટલીય વાર ચેતવણી આપવા છતા તેમણે કંપનીની પોલીસીને નજરઅંદાજ કરી હતી.

એક્સ દ્વારા તેને લઈને એક રિપોર્ટ તૈયાર કરાયો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ૨,૧૨,૬૨૭ એકાઉન્ટ પર કાર્યવાહી કરવામાં આવી છે. આ એકાઉન્ટ એવા કન્ટેન્ટ શેર કરતા હતા જે કંપનીની પોલીસની વિરૂધ્ધમાં હતા. અંદાજે ૧,૨૩૫ એકાઉન્ટ એવા મળ્યા છે જે ભારતમાં આતંકવાદને વધારવાનું કામ કરી રહ્યા હતા. આવા એકાઉન્ટ્સ પર કંપની તરફથી તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી.

# રણદીપે સરબજિતના હત્યારાની હત્યા કરનારનો આભાર માન્યો

ઈસ્લામાબાદ,


પાકિસ્તાનની જેલમાં ૧૯૯૧થી બંધ સરબજિત સિંહની ૨૦૧૩માં અન્ય કેદી અમીર સરફરાઝે હત્યા કરી હતી. હવે એ જ કેદીની રવિવારે કોઈ અજાણી વ્યક્તિએ હત્યા કરતાં રણદીપ હૂડાએ તેનો આભાર માન્યો છે. સરબજિત ભૂલથી પાકિસ્તાનની સીમામાં પ્રવેશી ગયો હતો. એ વખતે ત્યાંની પોલીસે તેના પર ભારતીય એજન્સીનો જાસૂસ હોવાનો આરોપ નાખ્યો હતો. બાવીસ વર્ષ તેણે જેલમાં પસાર કર્યાં હતાં.

તેની લાઈફ પર ઓમંગ કુમારે ૨૦૧૬માં આવેલી 'સરબજિત' નામની ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મમાં સરબજિતના રોલમાં રણદીપ હૂડા અને તેની બહેનના રોલમાં ઐશ્વર્યા રાય બચ્ચન જોવા મળ્યાં હતાં. આ ફિલ્મ દરમ્યાન રણદીપ અને સરબજિતનાં બહેન દલબીર કૌર સાથેના સંબંધો ખૂબ ગાઢ બન્યા હતા. ૨૦૨૨માં દલબીર કૌરનું નિધન થતાં તેમને અંતિમ વિદાય આપવા માટે રણદીપ હાજર રહ્યો હતો. સરબજિતના હત્યારાના નિધનના સમાચાર મળતાં રણદીપ હૂડા કહે છે, 'એ હત્યારાની હત્યાના સમાચાર સાંભળીને મને વિચાર આવે છે કે દલબીરજી જો હયાત હોત તો તેઓ આજે શું વિચારતાં હોત.

# ૪૦૦૦ કિલોમીટર ચાલ્યો હોય તેવી વ્યક્તિ અત્યાર સુધી મેં જોઈ નથી : સામ પિત્રોડાએ રાહુલ ગાંધી સંદર્ભે જણાવ્યું

નવીદિલ્હી,

કોંગ્રેસના નેતા અને ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડા જેઓ પોતાના નિવેદનોને કારણે અવારનવાર ચર્ચામાં રહે છે, તેમણે આગામી ચૂંટણીમાં રાહુલ ગાંધીની ભૂમિકા અને ઈન્ડિયા એલાયન્સના કામને લઈને નિવેદન આપ્યું છે. તેમનું કહેવું છે કે રાહુલ ગાંધી તેમના માટે ખૂબ જ ખાસ વ્યક્તિ છે. તે એક શિક્ષિત યુવાન અને મહેનતુ અને હિંમતવાન વ્યક્તિ છે. એક ઈન્ટરવ્યુમાં પિત્રોડાએ રાહુલ ગાંધીના ખૂબ વખાણ કર્યા હતા. પિત્રોડાનું કહેવું છે કે રાહુલ ગાંધી પર લાંબા સમયથી સતત શાબ્દિક પ્રહારો થઈ રહ્યા છે, તેમને દાયકાઓથી નિશાન બનાવવામાં



આવ્યા છે. આમ છતાં તેમણે જે રીતે હિંમત અને હિંમત બતાવી અને આગળ વધ્યા તે પ્રશંસનીય છે. સામ પિત્રોડાએ કહ્યું કે લોકો રાહુલ ગાંધીને પસંદ કરી રહ્યા છે અને તેમને સાંભળવા માંગે છે. તેના પ્રત્યે લોકોનો અભિગમ બદલાઈ ગયો છે. આ સિવાય તેમણે રાહુલની વૉકિંગ જર્નીનો પણ ઉલ્લેખ કર્યો હતો. પિત્રોડાએ કહ્યું કે, આટલી લાંબી મુસાફરી કરનાર અને ૪ હજાર કિલોમીટર ચાલ્યા હોય એવા કોઈને તેમણે ક્યારેય જોયા નથી. તેમણે કહ્યું કે આ યાત્રાએ રાહુલને વધુ મજબૂત બનાવ્યો છે. દરેક રાજ્યમાંથી લોકો મોટી સંખ્યામાં રાહુલ ગાંધી સાથે જોડાયા હતા. વધુમાં, તેમણે કહ્યું કે રાહુલ ગાંધીની બંને મુલાકાતોએ લોકોનો તેમના પ્રત્યેનો અભિગમ બદલ્યો છે. લોકોએ તેમને ખૂબ પ્રેમ અને સન્માન આપ્યું. પિત્રોડાએ કહ્યું કે લોકો રાહુલ ગાંધીને પપ્પુ કહે છે.

# ન્યૂઝક્લિકના સ્થાપકની જામીન અરજી પરની સુનાવણી ૨૨મી સુધી મુલતવી

નવીદિલ્હી,

જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે આ આદેશ આપ્યો હતો કારણ કે તેમનું પ્રતિનિધિત્વ કરનારા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ ઉપલબ્ધ ન હતા. અગાઉ, સર્વોચ્ચ અદાલતે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સને પુરકાયસ્થની સ્વાસ્થ્યની સ્થિતિની તપાસ કરવા માટે મેડિકલ બોર્ડની રચના કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ અંતર્ગત અરજદારના જેલ રેકોર્ડ અને સંપૂર્ણ મેડિકલ હિસ્ટ્રીને પણ ધ્યાનમાં લેવામાં આવશે. સિબ્બલે ખંડપીઠને કહ્યું કે તેમના અસીલની તબીબી સ્થિતિ અંગે જેલ સત્તાવાળાઓ દ્વારા દાખલ કરવામાં આવેલ રિપોર્ટ સાચો નથી તે પછી સર્વોચ્ચ અદાલતનો નિર્દેશ આવ્યો.

પુરકાયસ્થે રાષ્ટ્રવિરોધી પ્રચારને પ્રોત્સાહન આપવા માટે ચાઈનીઝ ફંડિંગને લઈને યુએપીએ હેઠળ તેમની ધરપકડને પડકારતી સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. તેણે ૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ દિલ્હી હાઈકોર્ટના આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો હતો, જેમાં ટ્રાયલ કોર્ટના આદેશને જાળવી રાખતા તેને પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.

# પાકિસ્તાનમાં ત્રણ દિવસ સુધી ભારે વરસાદ અને વીજળી પડવાથી ૪૯ લોકોના મોત

પાકિસ્તાન,

સમગ્ર પાકિસ્તાનમાં ત્રણ દિવસ સુધી સતત ભારે વરસાદ અને વીજળી પડવાને કારણે ઓછામાં ઓછા ૪૯ લોકોના મોત થયા છે, અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે, મુશળધાર વરસાદને કારણે અધિકારીઓએ દેશના દક્ષિણ-પશ્ચિમમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવાની સૂચના આપી છે. જ્યારે તેઓ ઘઉંની કાપણી કરી રહ્યા હતા ત્યારે વીજળી પડતાં કેટલાક ખેડૂતો મૃત્યુ પામ્યા હતા અને વરસાદને કારણે ઉત્તર પશ્ચિમ અને પૂર્વ પંજાબ પ્રાંતમાં ડઝનેક મકાનો ધરાશાયી થયા હતા. પ્રાંતીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પ્રવક્તા



અરફાન કાઠિયાએ જણાવ્યું હતું કે પંજાબમાં ૨૧ લોકોના મોત થયા છે, જ્યાં આ અઠવાડિયે વધુ વરસાદની અપેક્ષા છે. અફઘાનિસ્તાનની સરહદે આવેલા ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પ્રવક્તા ખુર્શીદ અનવરે જણાવ્યું કે આ વિસ્તારમાં ભારે વરસાદને કારણે ૨૧ લોકોના મોત થયા છે.

# વીરપ્પનની દીકરી ચૂંટણી મેદાનમાં ભાજપ સાથે રાજકીય સફર શરૂ

કૃષ્ણાગિરી,



તમિલનાડુના જંગલોમાં ખતરનાક ચંદન તસ્કર વીરપ્પનની પુત્રી વિદ્યા વીરપ્પન તમિલર કચ્છીની ટિકિટ પર કૃષ્ણાગિરીથી ચૂંટણી લડી રહી છે. વિદ્યા પહેલીવાર ચૂંટણી લડી રહી છે. તેમની પાર્ટી એનટીકે પણ આજ સુધી કોઈપણ સંસદીય કે વિધાનસભા ચૂંટણીમાં એક પણ બેઠક જીતી શકી નથી. આવી સ્થિતિમાં, આ વિદ્યા અને એનટીકે બંનેનું રાજકીય ખાતું ખોલવાની શરત છે. વ્યવસાયે વકીલ વિદ્યાએ ૨૦૨૦માં ભાજપ સાથે રાજકીય સફર શરૂ કરી હતી. થોડા સમય પછી, તેમને ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને પછી તમિલનાડુમાં ભાજપ બેકવર્ડ ફ્રન્ટના ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા. તાજેતરમાં જ તે બીજેપી છોડીને એનટીકેમાં જોડાઈ હતી અને પાર્ટીએ તેમને કૃષ્ણાગિરીથી ઉમેદવાર બનાવ્યા છે.

# ભારતીય મૂળના સાંસદે અમેરિકામાં હિંદુઓ પર વધી રહેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી

વોશિંગ્ટન,

અમેરિકામાં હિંદુ ધર્મ અને હિંદુઓ વિરુદ્ધ હુમલામાં વધારો થયો છે. તે જોતા ભારતવંશી સાંસદ શ્રી થાનેદારે ચિંતા વ્યક્ત કરી છે. તેણે તેને એક મોટું ષડયંત્ર ગણાવ્યું છે. થાણેદાર ઉપરાંત, ભારતીય-અમેરિકન સાંસદો રો ખન્ના, રાજા કૃષ્ણમૂર્તિ, એમી બેરા અને પ્રમિલા જયપાલે પણ તાજેતરમાં ન્યાય વિભાગને પત્ર લખીને હિન્દુ મંદિર પરના હુમલાની તપાસની માંગ કરી હતી અને આ મામલે વહેલી તકે ન્યાયની અપીલ કરી હતી. હતી.

અમેરિકન સાંસદ થાનેદારે કહ્યું કે આજે હું અમેરિકામાં હિંદુ ધર્મ પર હુમલામાં વધારો જોઈ રહ્યો છું. મેં જોયું કે ઘણી ખોટી અફવાઓ ફેલાવવામાં આવી રહી હતી. એક સંગઠન 'હિંદુ એક્શન' દ્વારા આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કહ્યું કે આ હુમલાઓના આરોપીઓ વિરુદ્ધ કોઈ કેસ પણ નોંધવામાં આવ્યો નથી. તેની ધરપકડ તો દૂરની વાત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે તાજેતરના મહિનાઓમાં આવા હુમલાઓમાં ભારે વધારો જોયો છે. મને લાગે છે કે આ સમુદાય વિરુદ્ધ આ એક મોટું ષડયંત્ર છે અને તેનો સામનો કરવા માટે સમુદાયના લોકોએ એક થવું પડશે. હિંદુ પરિવારમાં જન્મ લેવાથી હું જાણું છું કે હિંદુ એટલે શું. હિન્દુઓ પરના આ હુમલાઓને જોઈને મેં મારા ચાર સાથીદારો સાથે મળીને ન્યાય વિભાગને પત્ર લખવાનું નક્કી કર્યું. ભારતીય-અમેરિકન સાંસદે કહ્યું કે કેલિફોર્નિયામાં પણ આવા હુમલા જોવા મળ્યા છે. ન્યૂયોર્કમાં પણ હુમલા થઈ રહ્યા છે. જો આપણે જોઈએ તો આખા અમેરિકામાં હિંદુ ધર્મ અને હિંદુઓ પર હુમલા થઈ રહ્યા છે.

# મોદીને ચૂંટણીમાં છ વર્ષ માટે ગેરલાયક ઠેરવવા માટે ચૂંટણી પંચને નિર્દેશોની માંગ

નવીદિલ્હી,

શીખ અને હિંદુ દેવી-દેવતાઓ અને ધર્મસ્થળોના નામ પર વોટ માંગવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કાર્યવાહી કરવાની માંગ કરતી અરજી દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આ અરજી વકીલ આનંદ એસ જોંધલે દ્વારા દાખલ કરવામાં આવી છે.

પીટીશનમાં પીપલ રિપ્રેઝન્ટેશન એક્ટ હેઠળ વડાપ્રધાન મોદીને ચૂંટણીમાં છ વર્ષ માટે ગેરલાયક ઠેરવવા માટે ચૂંટણી પંચને નિર્દેશોની માંગ કરવામાં આવી છે. તેમજ ધાર્મિક દેવી-દેવતાઓ અને ધર્મસ્થળોના નામે વોટ માંગવાનું બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. અરજીકર્તાએ પીએમ મોદીના ઉત્તર પ્રદેશના પીલીભીતમાં ૯ એપ્રિલે આપેલા ભાષણનો ઉલ્લેખ કર્યો છે. જોંધલેએ કહ્યું કે ભાષણ દરમિયાન પીએમ મોદીએ મતદારોને હિંદુ દેવી-દેવતાઓ અને પૂજા સ્થાનો તેમજ શીખ દેવી-દેવતાઓ અને શીખ ધર્મસ્થળોના નામ પર ભાજપને મત આપવાની અપીલ કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે મોદીએ કહ્યું કે તેમણે રામ મંદિર બનાવ્યું છે.

# ભારત અમેરિકાનું એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર- મેથ્યુ મિલર

વોશિંગ્ટન,

અમેરિકામાં રાષ્ટ્રપતિ જો બિડેન પ્રશાસન માને છે કે ભારત અમેરિકાનું મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું કે સંબંધોમાં કોઈ અણધાર્યા ફેરફારની અપેક્ષા નથી.

મિલર વિદેશ વિભાગના તાજેતરના નિવેદનો તેમજ ભારતમાં લોકસભાની ચૂંટણી પહેલા યુએસમાં પ્રકાશિત થયેલા ભારત સરકારની ટીકા કરતા કેટલાક લેખો સંબંધિત પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન તેમણે ભારત સાથે અમેરિકાના સંબંધોને પુનઃ સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે ભારત અમેરિકાનું મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર છે.તેમણે પ્રેસ બ્રીફિંગ દરમિયાન કહ્યું, 'ભારત વિશ્વનું



સૌથી મોટું લોકતંત્ર છે. તેથી, તે અમેરિકા માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર છે અને મને આશા છે કે ભવિષ્યમાં પણ તે આવું જ રહેશે.

જ્યારે સવાલ એ ઊભો થયો કે શું વિદેશ વિભાગ ભારતીય વિપક્ષી નેતા અરવિંદ કેજરીવાલની ધરપકડ પર કોઈ સ્ટેન્ડ લઈ રહ્યું છે? જો હા, તો પછી પાકિસ્તાની વિપક્ષી નેતાઓની ધરપકડ પર આવું કેમ ન થયું? આના પર મિલરે બંને કેસને સમાન કહેવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે અમેરિકા ઈચ્છે છે કે પાકિસ્તાનમાં દરેક વ્યક્તિ સાથે કાયદા અને માનવાધિકાર અનુસાર વ્યવહાર કરવામાં આવે.

સવાલ-જવાબ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડનો મુદ્દો ઘણી વખત ઉઠાવવામાં આવ્યો છે. તે જ સમયે, જ્યારે કેજરીવાલની ધરપકડ અને કોંગ્રેસ પાર્ટીના બેંક ખાતાઓ ફ્રીઝ કરવા અંગે ટિપ્પણી કરવા માટે ભારતના અમેરિકન રાજદ્વારીને બોલાવવામાં આવ્યા હતા, ત્યારે મિલરે કહ્યું હતું કે તેઓ આ બધી બાબતો પર નજીકથી નજર રાખી રહ્યા છે.

# જમ્મુ-કાશ્મીરમાં હવે આતંકવાદ તેના છેલ્લા શ્વાસો ગણી રહ્યો છે : અમિત શાહ

જમ્મુ,

જમ્મુના પાલુદામાં એક જાહેર સભાને સંબોધતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં પથ્થરમારો અને ગોળીબાર હવે ભૂતકાળ બની ગયો છે. હવે રાજ્યમાં આતંકવાદ છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે.શાહે કહ્યું, પીએમ મોદીના ૧૦ વર્ષના કાર્યકાળમાં જમ્મુ-કાશ્મીરને સૌથી વધુ ફાયદો થયો છે. એક સમય એવો હતો જ્યારે આવા મેળાવડાની કલ્પના પણ કરી શકાતી ન હતી. પથ્થરમારો થયો, ગોળીબાર થયો, બોમ્બ વિસ્ફોટ થયો, પાકિસ્તાન તરફથી હડતાલની જાહેરાત કરવામાં આવી અને સમગ્ર જમ્મુ-કાશ્મીર પર ૩૭૦નો પડછાયો છવાઈ ગયો. આજે ૩૭૦નો અંત આવ્યો છે, આતંકવાદ તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે અને જે યુવાનો પથ્થરમારો કરી રહ્યા હતા તેમના હાથમાં લેપટોપ છે. અમિત શાહે કહ્યું, 'શ્યામા પ્રસાદે સૂત્ર આપ્યું હતું કે, 'એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન નહીં ચાલે'. આજે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી છે. સમગ્ર દેશની જેમ અહીં પણ આપણો ત્રિરંગો ગર્વથી આકાશને સ્પર્શી રહ્યો છે.

# બંધારણ રાજકીય શસ્ત્ર તરીકે નહીં પણ આદરના સ્વરૂપ તરીકે લોકોના મનમાં પ્રસ્તાપિત થવું જોઈએ : મોદી

પટણા,

પીએમ નરેન્દ્ર મોદીએ મંગળવારે ગયા અને પૂર્ણિયા પહોંચ્યા હતાં અને તેમણે જાહેરસભાને સંબોધન કર્યું હતું અને વિપક્ષને ઘેર્યા હતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મતદાન કેન્દ્ર જીતવાની અપીલ કરી હતી. તેમણે લોકોને અપીલ કરી કે તેમના માટે એક કામ કરો કે અહીંથી નીકળ્યા પછી દરેક ઘરે જઈને કહો કે અમારા મોદીજી આવ્યા છે, મેં તેમને શુભેચ્છા પાઠવવા મોકલ્યા છે. પીએમ મોદીએ પૂર્ણિયાથી એનડીએના ઉમેદવાર સંતોષ કુમાર અને કટિહારથી દુલાલ ચંદ્ર ગોસ્વામીને રેકોર્ડ વોટથી જીતવાની અપીલ કરી હતી. તેમણે ભારત માતાનો જયજયકાર કરીને પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું

વડા પ્રધાને ચેતવણી આપી હતી કે જે કોઈ દેશની સુરક્ષા સાથે ખેલ કરી રહ્યું છે તે સરકારની નજરમાં છે. આ જ લોકો રાજકારણ માટે સીએએનો વિરોધ કરી રહ્યા છે. વધુમાં ભ્રષ્ટાચારની ચર્ચા કરતાં તેમણે બિહારની વાત કરી હતી. તેમણે કહ્યું કે તમે એ સમયગાળો જોયો જ હશે જ્યારે બિહારમાં જંગલરાજ હતું. નીતીશજીના નેતૃત્વમાં બિહાર બદલાયું. મહાગઠબંધનના લોકો બિહારમાં મહાજંગલરાજની વાપસી ઈચ્છે છે. મોદીના નેતૃત્વમાં આ શક્ય



નથી. હું કહું છું કે ભ્રષ્ટાચાર દૂર કરો પણ તેઓ કહે છે કે ભ્રષ્ટાચાર વધારો. વડા પ્રધાને ચેતવણી આપી હતી. કહ્યું- બિહારમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ વધુ કાર્યવાહી થશે. વડાપ્રધાને ઉત્સાહિત ભીડને તેમના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરતા અટકાવ્યા અને કહ્યું કે જો મારો અવાજ તમારા સુધી નહીં પહોંચે તો બધું વ્યર્થ થઈ જશે. તેમણે પાકિસ્તાનના વિરોધથી લઈને સ્થિતિ વિશે વાત કરી. તેમણે કહ્યું કે આજુબાજુના લોકો હુમલો કરવા આવતા હતા. અમને ગુસ્સો આવ્યો. જે દેશ એક સમયે આપણને આંખો બતાવતો હતો તે દેશ હવે કટોરો લઈને ફરે છે. તેમણે ઈન્ડીયા એલાયન્સ પર પણ વાત કરી. કહ્યું કે ભારતમાં રહીને આ લોકો કહેતા હતા કે રામ મંદિર બનશે તો દેશમાં આ અને આવું થશે. કંઈક થયું? તેમણે કહ્યું કે અહંકારી ગઠબંધને સનાતનનો નાશ કરવાની શપથ લીધી છે, પરંતુ અમને કોઈ નષ્ટ કરી શકશે નહીં.જનસભાને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે તમારું સપનું મોદીનો સંકલ્પ છે. આ સંકલ્પનું પરિણામ છે કે ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા. તેમણે પીએમ આવાસ અને જન ધન બેંક ખાતાના ફાયદા સમજાવ્યા અને કહ્યું કે જે પણ કામ થયું છે તે ટ્રેલર છે. આપણે પૂર્ણિયા, બિહાર અને સમગ્ર ભારતને ઘણું આગળ લઈ જવાનું છે. તેમણે કહ્યું કે મોદી ગરીબીમાંથી બહાર આવીને તમારી વચ્ચે આવ્યા છે. મોદી બાબા સાહેબ અને તેમના સંવિધાનનું મોટું ઋણ છે.

# ચુંટણી ઢંઢેરામાં મુસ્લિમો ગાયબ થઈ ગયા, આ નિર્ણય લેવાનો સમય છે- મૌલાના શહાબુદ્દીન

**રાજકીય પક્ષોને મેનિફેસ્ટો જારી કરવાનો અધિકાર છે, અમે આમાં કોઈ પણ પ્રકારની દખલગીરી કરવા માંગતા નથી**

બરેલી,

ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ, મૌલાના મુફ્તી શહાબુદ્દીન રઝવીએ કહ્યું કે તમામ રાજકીય પક્ષોએ તેમના ચૂંટણી ઢંઢેરા બહાર પાડ્યા છે, પરંતુ કોઈપણ પક્ષ દ્વારા તેના ઢંઢેરામાં મુસ્લિમોના મૂળભૂત મુદ્દાઓ વિશે વાત કરવી દૂરની વાત છે મેનિફેસ્ટોમાંથી. જ્યારે અન્ય સમાજના ઉત્થાન અને વિકાસની વાત કરવામાં આવી છે. આનાથી બિનસાંપ્રદાયિકતાનો દાવો કરતા પક્ષોની વાસ્તવિકતા છતી થાય છે. સપાના ઘોષણાપત્ર પર આશ્ચર્ય વ્યક્ત કરતા મૌલાનાએ કહ્યું કે મુસ્લિમો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતી પાર્ટીના મેનિફેસ્ટોમાંથી મુસ્લિમ ગાયબ છે.

મૌલાનાએ કહ્યું કે રાજકીય પક્ષોને મેનિફેસ્ટો જારી કરવાનો અધિકાર છે. અમે આમાં કોઈ પણ પ્રકારની દખલગીરી કરવા માંગતા નથી. પરંતુ તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવી હતી કે તેઓ મુસ્લિમોના મુદ્દાઓ પર વાત કરશે અને સહાનુભૂતિ વ્યક્ત કરશે, પરંતુ ચૂંટણી ઢંઢેરાથી મુસ્લિમો નિરાશ થયા છે. લોકો સમજે છે કે ચૂંટણી ઢંઢેરો એ રાજકીય પક્ષોનું વિશેષ વિઝન છે. તેના આધારે જ મતદારો મતદાન માટે પક્ષોની પસંદગી કરે છે.

# જામનગર બન્યુ રામમય : બાલા હનુમાન તથા રામચંદ્રજી મંદિરમાં યોજાઈ મહાઆરતી






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : છોટી કાશીના ઉપનામથી પ્રચલિત એવા જામનગરના પંચેશ્વર ટાવર નજીક આવેલા ભગવાન રામચંદ્રજીના મંદિરમાં રામનવમીના પાવન કારી પર્વને લઈને બપોરે ૧૨.૦૦ વાગ્યે મહાઆરતી કરવામાં આવી હતી, અને ધ્વજારોહણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

લોહાણા જ્ઞાતિના પ્રમુખ શ્રી જીતુભાઈ લાલ ની આગેવાની હેઠળ તેમજ લોહાણા જ્ઞાતિ ના અન્ય હોદ્દેદારો તથા અન્ય રામ ભક્તો શૈલેષભાઈ જશવંતરાય વસંત અને નિકિતાબેન શૈલેષભાઈ વસંત, આષિત હર્ષવર્ધનભાઈ બડીયાણી અને શીતલબેન આશિતભાઈ બદીયાણી, હિતેશભાઈ કાનજીભાઈ મોદી અને લીનાબેન હિતેશભાઈ મોદી, અતુલભાઈ મગનલાલ પોપટ અને દિવ્યાબેન અતૂલભાઈ પોપટ વગેરે દ્વારા મહા આરતી તેમજ ધ્વજારોહણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

આ મહા આરતી સમયે શહેરના અનેક રામ ભક્તો હાજર રહ્યા હતા, અને પ્રભુ રામચંદ્રજીની પૂજા-અર્ચના કરાઈ હતી.ઉપરાંત રામ ભક્તો દ્વારા અવિરત રામ ધૂન બોલાવાઈ હતી.

આ ઉપરાંત ગીનેશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામેલા શ્રી બાલા હનુમાનજી મંદિરમાં પણ રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રભુ રામચંદ્રજી ની મહા આરતી કરાઈ હતી, અને રામધૂન બોલાવાઈ હતી. સાથોસાથ બાલા હનુમાન સંકીર્તન મંડળ ટ્રસ્ટના પ્રમુખ જીતુભાઈ લાલ અન્ય હોદ્દેદારો વિનુભાઈ તન્ના તથા અન્ય ટ્રસ્ટી ગણ વગેરે દ્વારા ધ્વજારોહણ સહિતના ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા. જયારે મંદિર પરિસરમાં ચાલી રહેલી 'શ્રી રામ જય રામ જય જય રામ'ની અખંડ રામધૂનમાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા, અને અખંડ રામ નામના જાપથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું.

# કલ્યાણપુરના લાંબા પાસે મોટરકાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં શાળાના આચાર્ય અને શિક્ષકના કરૂણ મોત

## પોરબંદરથી ધાર્મિક કાર્યક્રમ પતાવી પરત ફરતી વખતે સર્જાયો ગમખ્વાર અકસમાત





તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : કલ્યાણપુરના લાંબા ગામે આવેલ એક શાળાના આચાર્ય તેમજ શિક્ષક પોરબંદર ખાતે એક ધાર્મિક કાર્યક્રમમાં ગયા હતા. જ્યાંથી પરત ફરતી વખતે લાંબા બાયપાસ નજીક તેમનું બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં આચાર્ય અને શિક્ષકને ગંભીર ઈજાઓ થતા તેમના કરૂણ મૃત્યુ નિપજયા છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર નજીક આવેલા લાંબા ગામની દાનેવ શાળાના ગણિત વિષયના શિક્ષક એવા મૂળ ભાવનગરના રહીશ ભરતભાઈ બંધીયા (ઉ.વ. ૩૨) તેમજ તેમની પાછળ બેઠેલા ખંભાળિયામાં હરસિધ્ધિ નગર વિસ્તારમાં રહેતા રાજેશભાઈ આરંભડીયા નામના ૪૮ વર્ષના શિક્ષકના મોટરસાયકલને એક મોટરકારના ચાલકે ઠોકર મારતા બંને યુવાનો મોટરસાયકલ સાથે ફંગોળાઈ ગયા હતા અને તેઓને ગંભીર ઈજાઓ થતા ભરતભાઈ બંધીયાનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે તેમની સાથે જઈ રહેલા રાજેશભાઈ આરંભડીયાને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પોરબંદરની હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ત્યાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

આ અંગે શૈક્ષણિક વર્તુળો દ્વારા જાણવા મળતી વિગત મુજબ લાંબા ગામની દાનેવ શાળામાં ગઈકાલે મંગળવારે રાત્રે વિસાવાડા ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને આજરોજ રામનવમીની રજા હોવાથી મોડે સુધી આ કાર્યક્રમને માણવા માટે આઠ શિક્ષકો ગયા હતા. દાનેવ શાળામાં વિસાવાડા ગામના છાત્રો અભ્યાસ કરતા હોય, તેમના તથા તેમના વાલીઓના આમંત્રણને માન આપીને ગતરાત્રે કાર્યક્રમ જોવા ગયેલા ઉપરોક્ત બંને આચાર્ય-શિક્ષક પરત ફરતા રાત્રિના આશરે સાડા ત્રણેક વાગ્યે એક મોટરકાર સાથે અકસ્માત સર્જાતા બંનેના મૃત્યુ નીપજ્યા હતા. મૃતક રાજુભાઈ આરંભડીયા ખંભાળિયાના હરસિધ્ધિ નગર વિસ્તારમાં રહેતા હતા અને માધ્યમિક વિભાગના આચાર્ય તરીકે આશરે ૨૦ વર્ષથી ફરજ બજાવી, તેઓ દાનેવ શાળાના છાત્રાલયમાં જ રહેતા હતા. તેમનો પુત્ર બારમા ધોરણમાં તથા નાની પુત્રી આઠમા ધોરણમાં અભ્યાસ કરે છે. આ અકસ્માતથી આ વિપ્ર પરિવારનો આધાર છીનવાઈ ગયો છે. ૩૨ વર્ષના આહીર યુવાન ભરતભાઈ બંધીયા આશરે વીસેક દિવસ પૂર્વે જ એક પુત્રના પિતા બન્યા હતા. પરંતુ આ અકસ્માતમાં તેઓ કાળનો કોળિયો બની ગયા હતા. આ ઘટનાની જાણ થતા દાનેવ શાળાના ટ્રસ્ટી તેમજ આગેવાનો પોરબંદર ની હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને મૃતકની અંતિમ વિધિ માટે મૃતદેહોને ખંભાળિયા અને ભાવનગર પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. આજે ચઢતા પહોરે વિસાવાડાથી લાંબા જવા માટે નીકળેલા શિક્ષકો દાનેવ શાળામાં કે જ્યાં તેમનો મુકામ હતો, ત્યાં પહોંચવાને માત્ર દોઢેક કિલોમીટર જેટલું અંતર જ બાકી હતું, ત્યાં આ મોટરકાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બંનેના કરુણ મૃત્યુ નિપજયાના આ બનાવે શિક્ષણ જગત સાથે મૃતકના પરિવારજનોમાં પણ ભારે અરેરાટી પ્રસરાવી છે.

# જામનગરમાં મકાનમાં ચાલતું ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

## ૩૬ રાંધણગેસના બાટલા, રીફિલિંગનો સામાન સહિતનો મુદ્દામાલ કબ્જે



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં રામેશ્વરનગર વિસ્તારમાં રહેતા એક શખ્સ દ્વારા પોતાના રહેણાંકમકાનમાં ગેરકાયદે રીતે ગેસ રીફીલિંગનું કારસ્તાન ચલાવવામાં આવતું હોવાની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ ગઈકાલે સાંજે દરોડો પાડયો હતો અને મકાનમાંથી બિલ આધાર વગરના ૩૬ નંગ રાંધણ ગેસના બાટલા, ગેસ રિફિલિંગને લગતી સામગ્રી તથા એક રીક્ષા છકડા સહિતની સામગ્રી કબજે કરી છે.

એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે રામેશ્વરનગર નજીક નવજીવન સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતો અજયસિંહ મહોબતસિંહ જાડેજા નામનો શખ્સ કે જે પોતાના રહેણાક મકાનમાં રાંધણ ગેસના નાના મોટા બાટલાઓ સંગ્રહ કરીને ગેરકાયદે ગેસ રીફીલિંગ નું કારસ્તાન ચલાવી રહ્યો છે, જે બાતમીના આધારે ગઈકાલે સાંજે એસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન રહેણાક મકાનમાંથી નાના મોટા ૩૬ નંગ નાના મોટા બાટલા મળી આવ્યા હતા. જેના બિલ આવતા વગેરે માંગતા તેના કોઈ આધાર નહીં હોવાનું જણાવ્યું હતું.

જેથી પોલીસ દ્વારા રૂપિયા ૬૧,૦૦૦ની કિંમતમાં રાંધણ ગેસના બાટલાઓ તેમજ ગેસ રિફિલિંગની નોઝલ તથા તેને લગતી સામગ્રી ઉપરાંત એક છકડો રીક્ષા સહિત રૂપિયા ૧,૬૧,૦૦૦ની માલમતા કબજે કરી લીધી છે. જે તમામ સામગ્રી શક પડતી મિલકત તરીકે કબજે કરી લઈ તેની સામે સીટી બી.ડિવિઝન પોલીસ મથકમાં નોંધ કરાવાઈ છે અને પુરવઠા વિભાગને આ બાબતની જાણ કરવામાં આવી છે. જેથી પુરવઠા શાખાની ટુકડી પણ દોડતી થઈ છે અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# કલ્યાણપુરના ૩ શખ્સોએ ગાયક કલાકાર મહિલાને બિભત્સ વિડિયો મોકલી ખંડણી માંગતા અટકાયત



તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તથા કલ્યાણપુરના ત્રણ લવર મૂંછીયા શખ્સો દ્વારા એક મહિલા ગાયક કલાકારને બિભત્સ વિડીયો મોકલી અને રોકડ રકમની ખંડણી માગતા જિલ્લા સાયબર સેલ પોલીસે આ ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે.

આ સમગ્ર પ્રકરણની જાણવા મળતી વિગત મુજબ એક જાણીતા મહિલા ગાયક કલાકારને કોઈ અજાણ્યા મોબાઈલ નંબરધારક શખ્સો દ્વારા બિભત્સ વિડીયો મોકલી અને આ વિડીયો તેમનું હોવાનું જણાવી, રૂપિયા ૩૫,૦૦૦ ની ખંડણી માંગી હતી. આ રીતે માનસિક રીતે હેરાન પરેશાન કરી બિભત્સ ગાળો કાઢી, સમાજમાં બદનામ કરવાની ધમકી આપવા સબબ આ મહિલા ગાયક કલાકાર દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ પ્રકારના ગંભીર ગુનાઓને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આ સંદર્ભે તાકીદે પરિણામલક્ષી કામગીરી કરવા માટે સાયબર ક્રાઈમ વિભાગને સૂચનાઓ આપતા આને અનુલક્ષીને સાયબર ક્રાઈમ પોલીસે ખંભાળિયા તાલુકાના કુવાડીયા ગામે રહેતા વિશાલ રામભાઈ દેથરીયા (ઉ.વ. ૧૯) નામના વિદ્યાર્થી યુવાન તેમજ સામોર ગામના દિવ્યેશ રામભાઈ કરંગીયા (ઉ.વ. ૧૯) તથા કલ્યાણપુર તાલુકાના મોટા આસોટા ગામે રહેતા હેમત રણમલ કરંગીયા (ઉ.વ. ૧૯) નામના ત્રણ શખ્સોને તાકીદે ઝડપી લીધા હતા.

૧૨ ધોરણ સુધીનો અભ્યાસ કરી ચૂકેલા હેમત કરંગીયા ખેતી કામ કરે છે. જ્યારે વિશાલ દેથરીયા હાલ અમદાવાદ ખાતે બી.સી.એ.મા તેમજ દિવ્યેશ કરંગીયા પણ ખેત વ્યવસાય સાથે સંકળાયેલો છે. ઉપરોક્ત આરોપી વિશાલએ હેમતને બિભત્સ વિડીયો મોકલી અને હેમત કરંગીયાએ આ બિભત્સ વિડીયો વર્ચ્યુઅલ નંબર દ્વારા મહિલા કલાકારને વોટ્સએપ મારફતે મોકલ્યો હતો. આ વિડીયો તેમનો હોવાનું જણાવી, તેની પાસેથી રૂપિયા ૩૫,૦૦૦ ની ખંડણીની માંગણી કરી હતી. આ પૈસા તેના મિત્રના ગૂગલ પે એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું જણાવી અને જો તેઓ પૈસા નહીં આપે તો આ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી, સમાજમાં કરવાની ધમકી આપી હોવાની કબુલાત આરોપીઓએ પોલીસ સમક્ષ કરી હતી. પોલીસને આરોપીઓના મોબાઈલમાંથી બિભત્સ વિડીયો પણ મળી આવ્યો હતો. અગાઉ પણ આ પ્રકારે અન્ય એક ગુનામાં આરોપી આશિષ માવજીભાઈ ચાડ (ઉ.વ. ૨૨, રહે. માધાપર - ભુજ) તથા અશોક રણછોડભાઈ ડાંગર (ઉ.વ. ૨૧ રહે. ઉમેદપુર - ભુજ) ની પણ અટકાયત કરાઈ હતી. આ સમગ્ર પ્રકરણ અંગે સાયબર ક્રાઈમ પોલીસે આગળની કાર્યવાહી કરી હતી.

# જામનગરના વેપારીને ખેત ઉત્પાદનની રૂા. ૧૧.૧૮ કરોડની રકમ નહીં ચૂકવી રાજકોટના પિતા-પુત્રએ આચરી છેતરપિંડી

જામનગર : જામનગરમાં પારસ સોસાયટીમાં રહેતા એક વેપારી સાથે રાજકોટના વેપારી પિતા પુત્રએ જુદી જુદી ખેત ઉત્પાદનની જણસની બાકી રોકાતી ૧૧ કરોડ ૧૮ લાખની રકમ નહીં ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે.

જે બાકી રકમ પૈકી પાંચ કરોડ ૨૮ લાખની રકમ આરટીજીએસ મારફતે ચૂકવી દીધાના ખોટા દસ્તાવેજો પણ બનાવી લીધાનું જાહેર કરાયું છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં પારસ સોસાયટીમાં રહેતા અને હાપા માર્કેટ યાર્ડ નજીક જુદી-જુદી ખેત ઉત્પાદનની જણસની લે-વેચની પેઢી ધરાવતા હિરેનભાઈ વિજયભાઈ કોટેચા નામના વેપારી યુવાને પોતાની સાથે રૂપિયા ૧૧ કરોડ ૧૮ લાખની છેતરપીંડી કરવા અંગે રાજકોટના જલારામ પાર્ક વિસ્તારમાં રહેતા હેમંત મોહનભાઈ દાવડા અને રવિ હેમંતભાઈ દાવડા નામના પિતા પુત્ર તેમજ રાજકોટના પલક કિરીટભાઈ રૂપારેલ સામે ફરિયાદ નોંધાવી છે.

જે ફરિયાદના અનુસંધાને પંચકોશી બી. ડિવિઝન ના પ્રોબેશનલ આઈ પી એસ અધિકારી અજય કુમાર મિણા એ આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૦૬, ૪૨૦ અને ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે, અને તપાસનો દોર રાજકોટ તરફ લંબાવ્યો છે.

ફરિયાદી વેપારી હિરેનભાઈ દ્વારા આરોપીઓ સાથે જુદા જુદા સમયે ખેત ઉત્પાદનની જણસની વેચાણ અને ખરીદીના સોદાઓ કર્યા હતા. આ લે-વેચના સોદા દરમિયાન ફરિયાદી વેપારીએ આરોપી પિતા પુત્ર પાસેથી ૧૧,૧૮,૨૮,૪૬૩ની રકમ લેવાની બાકી હતી.

જે પૈસાની ઉઘરાણી કરવા જતાં ઉપરોક્ત રકમ ચૂકવવી ના પડે તે માટે પિતા પુત્ર એ રાજકોટના પલક રૂપારેલ ની મદદથી રૂપિયા પાંચ કરોડ ૨૮ લાખ ના ખોટા આરટીજીએસ કર્યાના દસ્તાવેજો બનાવ્યા હતા, અને વોટ્સએપ મારફતે તેની જુદાજુદા ત્રણ વખતની પહોંચ સાથેની બેંક મારફતે ચૂકવી હોવાની ખોટી વિગતો મોકલી હતી અને હકીકતમાં આવી કોઈ રકમ બેંક મારફતે મોકલાવી ન હોવા છતાં ખોટા દસ્તાવેજો તૈયાર કરીને ઉપરોક્ત રકમનું ચુકવણું કરી દીધા નું જણાવ્યું હતું. પરંતુ ફરિયાદીના બેંક ખાતામાં આવી કોઈ રકમ જમા થઈ ન હોવાથી આખરે તેઓએ પંચકોષી બી. ડિવિઝન પોલીસનો સંપર્ક સાધ્યો હતો. જેના અનુસંધાને આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, અને પોલીસ દ્વારા સમગ્ર મામલે ઊંડાણ પૂર્વકની તપાસ શરૂ કરાઈ છે.

# મીઠાપુર નજીકના આરંભડા ગામે યુવાનને ધમકી આપતા કર્યો આપઘાત

## પ્રેમસંબંધ બાબતે યુવતીના પરિવારજનોએ ધમકી આપતા ગળાફાંસો ખાઈ લીધો

ખંભાળિયા : ઓખા મંડળના મીઠાપુર તાબેના આરંભડા ગામે રહેતા ૩૩ વર્ષીય એક યુવાનને પ્રેમ સંબંધો હોય, આ યુવતીના પરિવારજનોએ યુવાનના ભાઈ તથા બહેન-બનેવીને જાનથી મારી નાખવાની ધમકી આપતા આનાથી દબાણમાં આવી ગયેલા યુવાને ગળાફાંસો ખાઈ લીધાના પ્રકરણમાં મૃતકના ભાઈએ બે મહિલાઓ તેમજ એક યુવાન મળી, કુલ ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ દ્વારકા તાલુકાના મીઠાપુર નજીક આવેલા આરંભડા સીમ વિસ્તારમાં રહેતા રામુભાઈ કાયાભા હાથીયા નામના ૩૩ વર્ષના અનુસૂચિત જાતિના યુવાને થોડા સમય પૂર્વે પોતાના ઘરે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

આપઘાતના આ બનાવ સંદર્ભે મૃતકના નાનાભાઈ દાનાભાઈ કાયાભા હાથીયા (ઉ.વ. ૩૨, રહે. કૃષ્ણનગર - આરંભડા) એ પોલીસમાં જાહેર કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે મૃતક રામુભાઈને એક યુવતી સાથે પ્રેમ સંબંધ હોય અને તે આ યુવતીને લઈને ક્યાંક ચાલ્યા ગયા હતા. ત્યાર પછી તેઓ પરત આવતા યુવતીના પરિવારજન એવા મીઠાપુરમાં ટાટા કંપનીની ટાઉનશિપમાં રહેતા રાજુબેન વાઘેલા, મંગીબેન કનુભાઈ ઝાલા અને વિજય કનુભાઈ ઝાલાને આ બાબતે સારું ન લાગતાં તેઓએ એક સંપ કરી અને રામુભાઈને મરી જવા માટે ધમકી આપી હતી અને જો તે આમ નહીં કરે તો તેમના ભાઈ તથા બહેન-બનેવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જાહેર થયું છે. આ બાબતથી ડરી ગયેલા રામુભાઈ હાથીયાએ દબાણમાં આવી, અને દુપટ્ટા વડે ગળાફાંસો ખાય લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આમ, પોતાના ભાઈને મરી જવા માટે મજબૂર કરવા સબબ દાનાભાઈ હાથીયાની ફરિયાદ પરથી મીઠાપુર પોલીસે બે મહિલાઓ સહિત ત્રણેય સામે આઈ.પી.સી. કલમ ૩૦૬, ૫૦૬ (૨) તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. પી.ટી. વાણીયાએ હાથ ધરી છે.

# જામનગર તાલુકાના આમરા ગામે યુવતીને ફોન કરનાર યુવાનને થાંભલામાં બાંધી લમધાર્યો

જામનગર : જામનગર તાલુકાના આમરા ગામમાં રહેતા અને પાણીની મોટરનું રીપેરીંગ કામ કરતા વેપારી યુવાનને પોતાના ગામની એક યુવતીને ફોન કરવો ભારે પડ્યો છે. યુવતીના પિતા સહિતના પરિવારના સભ્યોએ મોટર રીપેરીંગના બહાને પોતાની વાડીમાં બોલાવ્યા પછી વીજ થાંભલા સાથે બાંધ્યો હતો અને તેને લાકડાના ધોકા વડે માર માર્યા પછી ગુપ્ત ભાગમાં લાત મારી ઈજા પહોંચાડ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.

આ ફરીયાદ અંગે ના બનાવની વિગત એવી છે કે, જામનગર તાલુકાના આમરા ગામમાં રહેતા અને મોટર રીપેરીંગ કામ કરતા ગોરધનભાઈ કાનજીભાઈ મઘોડિયા નામના ૨૫ વર્ષના વેપારી યુવાને પોતાને માર મારી ગુપ્ત ભાગમાં લાત મારવા અંગે આમરા ગામમાં રહેતા હિંમતભાઈ પાંચાભાઈ કટેશીયા તેમજ અલ્પેશ હેમંતભાઈ કટેશીયા, અને ભલાભાઈ પાંચાભાઈ કટેશીયા સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીને આરોપીઓએ પોતાની વાડીમાં મોટર રીપેરીંગ કરવા માટે બોલાવ્યો હતો, ત્યાં તેને એક સિમેન્ટના થાંભલા સાથે બાંધી દીધો હતો અને લાકડાના ધોકા વડે માર માર્યો હતો.

આરોપી હેમંતભાઈની પુત્રીને ફરિયાદી યુવાને ફોન શા માટે કરે છે, તેમ કહી માર માર્યો હતો ત્યારબાદ તેના ગુપ્ત ભાગે લાત મારીને ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ યુવાનના કાકા રમેશભાઈને પણ મોબાઈલ ફોન કરીને પતાવી દેવાની ધમકી આપી હતી. જેથી સમગ્ર મામલો સિક્કા પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જે બનાવ મામલે પોલીસ હેડ કોન્સ્ટેબલ જે. જી. રાણા વધુ તપાસ ચલાવે છે.

# જામજોધપુરમાં મહિલાની ૧૧ લાખની જમીન પચાવી પાડતા નિવૃત્ત તલાટી સામે ફોજદારી

## ભાગીદારીમાં જમીન ખરીદવા પૈસા પડાવી પુત્ર અને જમાઈના નામે કરી નાખી : સિકયોરિટીમાં આપેલ દાગીના પણ બનાવટી નીકળ્યા

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુરમાં રહેતી અને ખેતીકામ કરતી અંજનાબેન નટુભાઈ ખાંટ નામની ૪૫ વર્ષની પટેલ જ્ઞાતિની મહિલાએ પોતાની રૂપિયા ૧૧ લાખની રોકડ રકમ પચાવી પાડી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે જામજોધપુરમાં રહેતા નિવૃત્ત તલાટી કમ મંત્રી સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આરોપીએ ફરિયાદી મહિલાને ભાગીદારીમાં ખેતીની જમીન ખરીદવા માટેનો ભરોસો અને વિશ્વાસ કેળવ્યો હતો અને કટકે કટકે ૧૧ લાખ રૂપિયા મેળવી લીધા પછી તે જમીન ફરિયાદ મહિલાના નામે કરવાના બદલે પોતાના પુત્ર અને જમાઈના નામે કરી હતી, અને છેતરપિંડી આચરી હતી.

જે અંગેની જાણકારી મળતાં ફરિયાદી મહિલા અંજનાબેને આરોપી ચીમનભાઈ ખાંટ પાસે પૈસાની માંગણી કરતાં સિક્યુરિટી પેટે સોનાના દાગીના આપ્યા હતા. જેની ખરાઈ કરાવતાં તે દાગીના પણ ખોટા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

જેથી તેની પાસે ફરીથી પૈસાની માંગણી કરતાં ધાકધમકી ઉચ્ચારી હોવાથી મામલો જામજોધપુર પોલીસ મથકમાં લઈ જવાયો હતો અને પૂર્વ તલાટી કમ મંત્રી સામે ફરિયાદ નોંધાવાઈ છે.

જે ફરિયાદના અનુસંધાને પોલીસે આઈ. પી. સી. કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬-૨ મુજબ ગુનો નોંધ્યો છે. આ ફરિયાદને લઈને જામજોધપુર પંથકમાં ચકચાર જાગી છે.